सत्यमेव जयते
ગુજરાત સરકાર

અંદાજપત્ર પ્રકાશન નંબર–૫૧

# કામગીરી અંદાજપત્ર

## સને ૨૦૨૪ – ૨૦૨૫

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**સરકારી મુદ્રણાલય, ભાવનગર.**
**૨૦૨૪**

H-1044-1.

સરકારી મુદ્રણાલય, ભાવનગર

©
સરકારી મુદ્રણાલય, ભાવનગર

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૧. ભારત સરકારે રચેલા સુધારણા પંચની ભલામણોને અનુલક્ષીને ગુજરાત સરકારે અંદાજપત્ર વિષયક સુધારાના એક અંતર્ગત ભાગ તરીકે કામગીરી અંદાજપત્ર પધ્ધતિ દાખલ કરી અમલમાં મુકવાનું સ્વીકારેલ છે. તે અનુસાર આ વિભાગનું સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું કામગીરી અંદાજપત્ર રજૂ કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રી તરફથી અનુસૂચિત જાતિઓ, વિચરતી અને વિમુકત જાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો (બક્ષીપંચની જાતિઓ), આર્થિક પછાત વર્ગો અને લઘુમતિઓ, મંદબુધ્ધીના બાળકો અને અપંગો, વિકલાંગો, વૃધ્ધો, ભિક્ષુકો વગેરેના કલ્યાણ અને ઉત્કર્ષ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શું કરવામાં આવી રહયું છે, કેવા અભિગમ સાથે કેટલા પ્રમાણમાં કરવામાં આવી રહયું છે અને તે અંગે કેટલુ ખર્ચ કરવામાં આવી રહયું છે એ જાણવા માટેનું સાધન પુરુ પાડવું એ કામગીરી અંદાજપત્ર તૈયાર કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છે. તેમજ પરંપરાગત અંદાજપત્રમાં જેનો સમાવેશ ન કરવામાં આવેલ હોય તેવી, નાણાંકીય જોગવાઇઓ સામે ભૌતીક સિધ્ધિઓને સાંકળી લેવાનું કામ કામગીરી અંદાજપત્રનું છે અને તેથી સને ૨૦૨૩-૨૦૨૪નાં કામગીરી અંદાજપત્રમાં જે કામ માટે નાણાંની માંગણી કરવામાં આવી હોય તે હેતુઓ સિધ્ધ કરવા માટે કરવામાં આવેલી જોગવાઇઓ અને થયેલ કામગીરીનો ક્યાસ કાઢવા માટેની પરીણામલક્ષી માહિતિનો સમાવેશ કરીને એ ઉદ્દેશ બર આવે તેવા પ્રયત્નો કરેલ છે.

૩. આ વિભાગ હેઠળના ખાતાના વડાઓની કામગીરી, યોજનાઓ, જોગવાઇઓ અને નાણાંકીય જરૂરીયાત જુદા જુદા પત્રકોમાં દર્શાવેલ છે. જેમાં ૨૦૨૩-૨૦૨૪ની જોગવાઇ, સુધારેલ અંદાજ અને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૪. ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્રના પૂરક પ્રકાશન તરીકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગથી સંબંધિત કામગીરી અંદાજપત્ર વિધાનસભા સમક્ષ રજૂ કર્યું છે.

**સુનયના તોમર**
**અધિક મુખ્ય સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

# વિષયસૂચિ


| અનુ. નં. | વિગત | પાના ક્રમાંક |
|---|---|---|
| ૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૫ |
| ૨ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી | ૨૧ |
| ૩ | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી | ૩૯ |
| ૪ | નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી | ૫૩ |
| ૫ | દિવ્યાંગ કમિશ્નરશ્રીની કચેરી | ૬૫ |
| ૬ | અન્ય પછાત વર્ગો માટેનું પંચ | ૬૮ |
| ૭ | ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ | ૬૯ |
| ૮ | બિન અનામત આયોગ | ૭૨ |

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતા હિસાબના સદરો

| અ.નં | માંગણી ક્રમાંક | મુખ્ય સદર |
|---|---|---|
| ૧. | ૮૪-બિન રહેણાંકના મકાનો (માર્ગ અને મકાન વિભાગ) | ૪૨૨૫- અનુ. જાતિઓ,અનુ. આદિજાતિઓ તથા અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઇ<br>૪૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ |
| ૨. | ૯૧-સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૨૦૪૯-વ્યાજની ચૂકવણી<br>૨૨૫૧-સચિવાલય સામાન્ય સેવાઓ<br>૨૦૭૦-અન્ય વહિવટી સેવાઓ |
| ૩. | ૯૨-સામાજિક સુરક્ષા અને કલ્યાણ | ૨૦૪૯-વ્યાજની ચૂકવણી<br>૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ<br>૨૨૩૫-સમાજ સુરક્ષા અને કલ્યાણ<br>૨૪૨૫-સહકાર<br>૪૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગો અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૬૨૧૬-આવાસન માટે લોન<br>૬૨૨૫-અનુસૂચિત જાતિઓ,અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગો માટે લોન |
| ૪. | ૯૪- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતું અન્ય ખર્ચ. | ૭૬૧૦- સરકારી કર્મચારીઓને લોન |
| ૫. | ૯૫-અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના | ૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ.<br>૨૦૫૮-લેખન સામગ્રી અને મુદ્રણ.<br>૨૨૦૨-શિક્ષણ.<br>૨૨૧૦-તબીબી અને જાહેર આરોગ્ય.<br>૨૨૧૫-પાણી પૂરવઠો અને સ્વચ્છતા<br>૨૨૧૬-આવાસન.<br>૨૨૧૭-શહેરી વિકાસ<br>૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ.<br>૨૨૩૦-શ્રમ અને રોજગાર.<br>૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ.<br>૨૨૩૬-પોષણ.<br>૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ<br>૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૨૪૦૨-ભૂમિ અને જળ સંરક્ષણ<br>૨૪૦૩-પશુપાલન<br>૨૪૦૫-મત્સ્યોદ્યોગ.<br>૨૪૨૫-સહકાર<br>૨૫૦૧-ગ્રામિણ વિકાસ માટે ખાસ કાર્યક્રમ<br>૨૫૦૫-ગ્રામિણ રોજગાર |

| | | |
|---|---|---|
| | | ૨૫૧૫-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો<br>૨૭૦૨-નાની સિંચાઇ<br>૨૮૦૧-વીજળી<br>૨૮૧૦-ઊર્જાના બિનપરંપરાગત સાધનો<br>૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૨૮૫૨-ઉદ્યોગો<br>૩૦૫૪- માર્ગો અને પૂલો<br>૩૪૭૫-બીજી આર્થિક સામાજિક સેવાઓ<br>૪૨૦૨- શિક્ષણ, ખેલકૂદ, કલા અને સંસ્કૃતિ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૪૦૬-વન નિર્માણ અને અન્ય વન્ય પ્રાણી અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૭૦૨- નાની સિંચાઇ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૪૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>૬૨૧૬-ગૃહનિર્માણ માટે લોન<br>૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદીજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે લોન<br>૬૪૪૫- સહકાર અંગે લોન<br>૬૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો માટે લોન. |
| ૬. | ૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના | ૨૨૩૫- સમાજ સુરક્ષા અને કલ્યાણ<br>૪૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ |

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે મૂડી અને મહેસૂલ સદર હેઠળ કરેલ જોગવાઈ

રકમ (₹ લાખમાં)

| ક્રમ | વિભાગ / ખાતાના વડા / આયોગનું નામ | સ્થાયી ખર્ચના અંદાજો (Standing Charges) | | ચાલુ બાબતોના અંદાજો (Continuous Items) | | નવી બાબતોના અંદાજો (New Items) | | કુલ (Total) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ = (૯+૧૦) |
| | | મહેસૂલ | મૂડી | મહેસૂલ | મૂડી | મહેસૂલ | મૂડી | મહેસૂલ | મૂડી | કુલ |
| ૧ | અનુસૂચિત જાતી કલ્યાણ | 3643.00 | 0.00 | 79592.00 | 13716.00 | 289.00 | 10038.00 | 83524.00 | 23754.00 | 107278 |
| ૨ | વિકસતી જાતી કલ્યાણ | 4705.50 | 0 | 204884.00 | 8928.00 | 2506.00 | 71319.00 | 212100.50 | 80247.00 | 292347.50 |
| ૩ | સમાજ સુરક્ષા | 11264.00 | 0 | 193931.00 | 4759.00 | 4652.00 | 3233.00 | 209847.00 | 7992.00 | 217839.00 |
| ૪ | સામાજિક ન્યાય અને અધિ.વિભાગ | 218757.00 | 25 | 126 | 46.00 | 0 | 0 | 1044 | 71 | 1115 |
| ૫ | બિન અનામત વર્ગોનું આયોગ | 101.00 | 0 | 38 | 0 | 8 | 0 | 147 | 0 | 147 |
| ૬ | અન્ય પછાત વર્ગોનું પંચ | 47.0 | 0 | 326 | 0 | 14 | 0 | 387 | 0 | 387 |
| ૭ | વિકલાંગ કમિશ્નર | 0 | 0 | 125 | 0 | 0 | 0 | 125 | 0 | 125 |
| ૮ | બાળ આયોગ | 0 | 0 | 110 | 0 | 0 | 0 | 110 | 0 | 110 |
| | કુલ. | | | | | | | **507284.50** | **112064.00** | **619348.50** |

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતી એકંદર જોગવાઈઓ

રકમ (₹ લાખમાં)

| ક્રમ | વિભાગ / ખાતાના વડા / આયોગનું નામ | સને ૨૦૨૩-૨૪ની જોગવાઈ | | | સને ૨૦૨૩-૨૪ની સુધારેલ જોગવાઈ | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫=(૩+૪) | ૬ | ૭ | ૮=(૬+ ૭) |
| | | મહેસૂલ | મૂડી | કુલ | મહેસૂલ | મૂડી | કુલ |
| ૧ | અ.જા.ક. | 82207.65 | 16104.78 | 98312.43 | 82776.81 | 26872.35 | 98509.73 |
| ૨ | વિ.જા.ક. | 191395.14 | 68141.02 | 259536.16 | 228459.05 | 74891.50 | 303356.55 |
| ૩ | સ.સુ. | 192974.84 | 5429.52 | 198404.36 | 196078.32 | 3270.00 | 199348.32 |
| ૪ | સા.ન્યા. વિભાગ ખુદ | 935.88 | 25.00 | 960.88 | 897.19 | 25 | 922.19 |
| ૫ | બિન અનામત વર્ગોનું આયોગ | 129.91 | 0.00 | 129.91 | 58.76 | 0 | 58.76 |
| ૬ | અન્ય પછાત વર્ગોનું પંચ | 332.49 | 0 | 332.49 | 265.15 | 0 | 265.15 |
| ૭ | વિકલાંગ કમિશ્નર | 109.02 | 0.00 | 109.00 | 109.02 | 0 | 109.02 |
| ૮ | બાળ આયોગ | 220.00 | 0.00 | 220.00 | 72.00 | 0 | 72.00 |
| | **કુલ** | **468304.93** | **89700.32** | **558025.43** | **508716.31** | **105064.85** | **613781.16** |

# કામગીરી અંદાજપત્ર
# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
# (ખુદ)

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રસ્તાવના**

## (૧) કામગીરી

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૧-૧૨-૯૮ના જાહેરનામા અનુસાર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નામાભિધાન કરવામાં આવ્યું છે. પરંતુ હવે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૮-૫-૨૦૦૯ના જાહેરનામા અનુસાર આદિજાતિ વિકાસ વિભાગને અલગ વિભાગ તરીકે જાહેર કરેલ હોઇ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનું કામગીરી અંદાજપત્ર અત્રે પ્રકાશિત કરવામાં આવેલ છે.

(આ વિભાગને સરકારી કામકાજના નિયમો હેઠળ સુપરત કરાયેલ વિષયો પરિશિષ્ટ-ક માં દર્શાવેલ છે.)

બારમી પંચવર્ષીય યોજનાના સામાજિક સેવાના સેકટર હેઠળ સમાવિષ્ટ કરેલ ઉદ્દેશ સિધ્ધ કરવા માટે આ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓ, વિચરતી અને વિમુક્ત જાતિઓ તથા બિન અનામત વર્ગના કલ્યાણની કામગીરી સાથે, નિરાધાર અને મંદબુધ્ધિના બાળકો, બાળ વિકાસ તેમજ વૃધ્ધો, દિવ્યાંગો, ભિક્ષુકો અને તૃતિય જાતિ વગેરેના કલ્યાણ માટે નીતિનું ઘડતર કરવામાં આવે છે, તેમજ આ બધી કામગીરી માટે ઘડવામાં આવેલ નીતિના અમલ પરત્વે દેખરેખ રાખવામાં આવે છે. રાજ્ય સરકારની અનામત અને રોસ્ટર અંગેની પ્રવર્તમાન નીતિના અમલીકરણ અને તેને આનુષંગિક બાબતો ઉપર દેખરેખ રાખવાની કામગીરી આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

## (૨) વહીવટી માળખું

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વહીવટી માળખાની વિગત પરિશિષ્ટ-ખ માં દર્શાવી છે. વિભાગના વડા તરીકે અધિક મુખ્ય સચિવ છે તેમજ  પાંચ નાયબ સચિવ અને છ ઉપ સચિવ તેમને મદદ કરે છે. કામગીરીના વિષયો જુદી જુદી શાખાઓમાં વહેંચવામાં આવેલા છે. જેમાં સેકશન અધિકારીઓ અને નાયબ સેકશન અધિકારી તેમજ સામાન્ય ફરજ કારકુન, ઓફિસ આસિસ્ટન્ટ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હેઠળ પરિશિષ્ટ-ખમાં દર્શાવ્યા પ્રમાણે ત્રણ ખાતાના વડાઓ છે. આ ઉપરાંત દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી તથા અન્ય પછાત વર્ગોના પંચનો સમાવેશ થાય છે. તે ઉપરાંત બે વૈધાનિક નિગમ આઠ અવૈધાનિક નિગમ - બોર્ડ કામ કરે છે. તેમની કામગીરીની માહિતી ભાગ-૨ માં દર્શાવેલ છે.

આ ખાતાના વડાઓ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે ઘડેલ નીતિ-નિયમો અને યોજનાઓના અમલ પરત્વે તેમને સુપરત કરાયેલ સત્તાઓની મર્યાદામાં રહીને અમલ બજાવણી કરે છે.

## (૩) નિરીક્ષણ

સરકારે નિયત કરેલ ધોરણ અનુસાર આ વિભાગ સંબધિત ખાતાના વડાની કચેરીઓનું નિરીક્ષણ હાથ ધરે છે. નિરીક્ષણ દરમિયાન નિયમોનુસારની કોઇ ખામી ધ્યાન ઉપર આવે તો તે સુધારવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

આ વિભાગ સાથોસાથ સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગે નિયત કર્યા પ્રમાણે યોજનાકીય માહિતી રાખે છે તથા ખાતાના વડા હેઠળ આવરી લેવાતી આયોજનની બાબતોની સમીક્ષા કરે છે. ખાતાના વડાઓના ખર્ચ પર નિયંત્રણ માટે સમયાંતરે બેઠકો ગોઠવવામાં આવે છે અને ખર્ચ અંગેની સમીક્ષા પણ કરવામાં આવે છે. આ બેઠક અધિક મુખ્ય સચિવશ્રીની સીધી દેખરેખ હેઠળ ગોઠવવામાં આવે છે.

## ગુજરાત સરકારના કામકાજના નિયમો, પરિશિષ્ટ-ક

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને ફાળવેલા વિષયો

૧. પછાતવર્ગ અને સમાજ કલ્યાણ માટે વહિવટી તંત્ર.

૨. ભાષાકીય અને ધાર્મિક લઘુમતીઓને લગતી બાબતો.

૩. અંત્યોદય કાર્યક્રમનો પેન્શન ભાગ(પં.ગ્રા.ગૃ.ગ્રા.વિ.વિ હેઠળની નોંધ નંબર-૧૬-ક(ગ) જુઓ)

૪. અનુસૂચિત જાતિઓ, ભટકતી જાતિઓ સહિત પછાત વર્ગોને અને અન્ય પછાત વર્ગો, બિન અનામત વર્ગોને લગતા કલ્યાણ કાર્યો.

૫. બિન અનામત વર્ગો માટે રાજ્ય આયોગની રચના કરવા બાબત

૬. અનુસૂચિત જાતિ કલ્યાણ બોર્ડ

૭. અસ્પૃશ્યતા (ગુન્હા) અધિનિયમ-૧૯૫૫નો અમલ

૮. જાહેર પૂજા માટેના હિન્દુ સ્થળોમાં પ્રવેશ (પ્રાધિકરણ) અધિનિયમ-૧૯૫૬નો અમલ

૯. અનુસૂચિત જાતિઓ માટેના છાત્રાલયો સહિતના પછાત વર્ગ છાત્રાલયો

૧૦. નિર્વાસિતો, નિરાધાર સ્ત્રીઓ અને બાળકો, વૃદ્ધો અને અશક્તોનો નિભાવ અને સંભાળ અને તેમને માટે ગૃહો અને અશક્તશ્રમો સ્થાપવા બાબત

૧૧. બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-૧૯૨૯નો અમલ (કા.વિ. હેઠળની નોંધ નંબર-૧૧ અને આ.પ.ક.વિ. હેઠળની નોંધ પણ જુઓ.)

૧૨. બાળ અપરાધો અને અપરાધી બાળકો માટેની પાછળની સંભાળ (આ.પ.ક.વિ. હેઠળની નોંધ પણ જુઓ.)

૧૩. અનાથાશ્રમ અને અન્ય સખાવતી ગૃહો (દેખરેખ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૬૦

૧૪. સામાજિક, આર્થિક મોજણી સહિત, સામાજિક સેવા કાર્યો માટે તાલીમ અને સંશોધન

૧૫. સામાજિક સેવા કાર્યોને લગતી પ્રવૃત્તિઓનું સંકલન

૧૬. કોઇ પણ બીજા વિભાગને ખાસ ન સોંપાયેલું સામાજિક કલ્યાણને લગતું કામ

૧૭. ભિક્ષુક અધિનિયમ અને નિયમોના અમલ સહિત ભિખારીઓ માટેની સંસ્થાઓએ અટકમાં રાખેલા ભિખારીઓની મુક્તિ, ભીખ માટેની પરમીટો વગેરે,

૧૮. છોડી મુકેલા પુખ્ત ઉંમરના કેદીઓની મુક્તિ પછીની સંભાળના કાર્યક્રમ વર્કહાઉસ, મુક્તિ ફોજ, ગૃહ (સુધારા ગૃહ), કેદી સહાયક મંડળીઓ.

૧૯. ઉધ્ધાર ગૃહો અને ઉધ્ધાર કાર્યો

૨૦. સુધારા ગૃહ શાળાઓ

૨૧. અંધ બહેરા મુંગા અને જેમનો માનસિક વિકાસ અટકી ગયો હોય તેવાઓ અંગેના પ્રશ્નો (શ્ર. અને રો.વિ. હેઠળની નોંધ નંબર-૮ અને ૧૨ પણ જુઓ)

૨૨. (૧) (સા.વ.વિ. ને ફાળવેલા વિષયોમાં નોંધ નંબર-૪૫ હેઠળ આવી જતા હોય તે સિવાયના) વિભાગના વહિવટી નિયંત્રણ નીચેના બધા રાજ્યપત્રિત અધિકારીઓ અને બિનરાજ્યપત્રિત સરકારી નોકરોની નિમણૂકો, પ્રતિનિયુક્તિઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણૂક, રજા મંજૂરી, પેન્શન વગેરેને લગતી તમામ બાબતો.

(૨) વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પેન્શન મંજૂર કરવાને લગતી તમામ બાબતો અને

(૩) વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૨ના અધિકારીઓના સંબંધમાં રજા મંજૂર કરવાનો અને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ના નિયમ ૬માં-અનુક્રમાંકો-૧ થી ૨ માં નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શિક્ષા કરવાને અને સદરહું નિયમ-૬ના અનુક્રમાંકો-૩ થી ૮માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષા કરવા માટેની શિસ્ત ભંગની કાર્યવાહી, માંડવાળને લગતી તમામ બાબતો (સા.વ.વિ. હેઠળની નોંધ નંબર-૪૫ પણ જુઓ)

૨૩. રાજ્યના હેતુઓ માટે સરકારમાં નિહીત થયેલા કે સરકારના કબ્જા હેઠળના અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને સોંપાયેલા કામ, જમીન અને મકાનો

૨૪. આ સૂચીમાંની કોઇપણ બાબતના હેતુઓ માટે તપાસ અને આંકડા

૨૫. કોઇ કોર્ટમાં લેવાતી ફી સિવાય, આ સૂચીની બાબતો માટેની ફી.

## પરિશિષ્ટ-ખ

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

## અધિક મુખ્ય સચિવશ્રી

| | | | | | |
|---|---|---|---|---|---|
| **નાયબ સચિવશ્રી (વિ.જા.ક/રોકડ/સંકલન/મહેકમ)**<br>૧.વિકસતી જાતિ કલ્યાણને લગતી સઘળી કામગીરી<br>(અ શાખા, અ-૧ શાખા)<br>૨.સંકલન શાખા(ચ)<br>૩. વિભાગનું મહેકમ(ઇ-શાખા)<br>૪. રોકડ શાખા<br>૫.રજીસ્ટ્રી- સ્ટોર | | **નાયબ સચિવશ્રી (અ.જા.ક)**<br>૧. અનુ.જાતિઓને લગતી સઘળી કામગીરી.<br>(ગ, જ, ક અને હ-શાખા) | **નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા)**<br>૧.સમાજ સુરક્ષાને લગતી સઘળી કામગીરી.<br>(છ-શાખા, છ-૧ શાખા) | **નાયબ સચિવશ્રી (રોસ્ટર/ આઇ.ટી/ખા.ત.એ.)**<br>૧.(રોસ્ટર, રોસ્ટર-૧ શાખા,રોસ્ટર સેલ, રોસ્ટર સેલ.૧)<br>૨. ખાતાકીય તપાસને લગતી કામગીરી.(ખા.ત.એકમ)<br>૩. આઇ.ટીને લગતી કામગીરી (કોમ્પ્યુટર સેલ) | **નાયબ સચિવશ્રી(બજેટ)**<br>૧. બજેટ આયોજન<br>(બ-શાખા) |
| **ઉપ સચિવશ્રી(મહેકમ)**<br>૧. મહેકમ શાખા<br>૨. સ્ટોર શાખા<br>૩. રજીસ્ટ્રી શાખા | **ઉપ સચિવશ્રી (વિ.જા.ક./ સંકલન)**<br>૧. અ-શાખા,<br>૨. અ-૧-શાખા<br>૩. ચ- શાખા સંકલન | **ઉપ સચિવશ્રી(અ.જા.ક.)**<br>૧. (ગ-શાખા, જ-શાખા, ક- શાખા)ની કામગીરી<br>૨. અત્યાચાર નિવારણ ધારા સહિતની સઘળી કામગીરી<br>(હ-શાખા) | **ઉપસચિવશ્રી (સ.સુ.)**<br>૧. છ શાખા, છ-૧ શાખા<br>૨.બાળ આયોગની કામગીરી | **ઉપ સચિવશ્રી(રોસ્ટર/ ખા.ત.એ./રોકડ/આઇ.ટી)**<br>૧.રોસ્ટર, રોસ્ટર-૧- શાખા, રોસ્ટરસેલ, રોસ્ટર સેલ.૧ શાખા)ની કામગીરી<br>૨. ખા.ત.એકમ<br>૩. કોમ્પ્યુટર સેલ<br>૪. રોકડ શાખા | **ઉપ સચિવશ્રી(બજેટ)**<br>૧. બજેટ શાખા |

# ખાતાના વડાઓ

| નિયામકશ્રી,<br>અનુસૂચિત જાતિ કલ્યાણ | નિયામકશ્રી,<br>વિકસતી જાતિ કલ્યાણ | નિયામકશ્રી,<br>સમાજ સુરક્ષા |
|---|---|---|
| અનુસૂચિત જાતિ કલ્યાણ યોજનાઓનો અમલ | વિકસતી જાતિઓ<br>કલ્યાણ યોજનાઓનો અમલ | -સામાજિક સેવાઓ અંગેની નીતિનો અમલ<br>-સંકલિત બાળ સુરક્ષા યોજનાની કામગીરી |

**(ક) વૈધાનિક નિગમો**

૧. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.

૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

**(ખ) કંપની ધારા/ પબ્લીક ટ્રસ્ટ એક્ટ હેઠળ રચાયેલ નિગમો/બોર્ડ.**

૧. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ

૨.ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

૩.ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ

૪.ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ

૫.ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ.(અનુસૂચિત જાતિ)

૬. ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ.

૭.ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ.

૮.ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ.

**(ગ) આયોગ/પંચ અને સોસાયટી**

(૧) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ(બાળ અધિકાર સુરક્ષા ધારા અંગેની કામગીરી)

(૨) સચિવશ્રી, અન્ય પછાત વર્ગોનું પંચ (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની જાતિઓ અંગે તપાસ અને ભલામણો)

(૩) આયુક્તશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના (વિકલાંગ ધારા હેઠળ કાયદાનુસાર રચાયેલ સ્વતંત્ર કમિશનર કચેરી)

(૪) ગુજરત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી (જુવેનાઇલ જસ્ટિસ એક્ટ અન્વયે સંકલિત બાળ સુરક્ષા યોજનાની કામગીરી)

(૫) ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી (રાજ્યના સમરસ છાત્રાલયો માટેની કામગીરી)

(૬) ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ (બિન અનામત વર્ગોની જાતિઓ અંગે તપાસ અને ભલામણો)

## ભાગ-૨

# અન્ય કામગીરી

રાજ્યમાં વિકાસલક્ષી કાર્ય જે તે નિયામકશ્રી, કમિશનરશ્રી અને તેઓ હસ્તકના મહેકમ દ્વારા થાય છે તેની સમીક્ષા, તે અંગેની નીતિ-નિયમોનું ઘડતર સચિવાલય કક્ષાએથી થાય છે. વળી સચિવાલય કક્ષાએથી તાબાની કચેરીઓ ખાતેની કામગીરીનું નિરીક્ષણ તેમજ તે કચેરીઓ દ્વારા થતી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવે છે.

**સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેનો અભિગમ :-**

રાજ્યમાં પછાતવર્ગની કોમો જેમાં મોટાભાગે (૧) અનુસૂચિત જાતિ (૨) વિમુક્ત અને વિચરતી જાતિઓ (૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવી કોમો માટે બક્ષીપંચની નિમણુંક થયેલી અને તેઓની ભલામણના આધારે કેટલીક કોમોને તે હેઠળ આવરી લેવાયેલ છે. આમ છતાં પણ સમગ્ર સમાજનું સ્તર જોતાં સામાજિક રીતે સમાજમાં હજુ પણ કેટલીક કોમો પછાત દશામાં જોવા અનુભવવા મળે છે. આ સંજોગોમાં આ પછાત દશામાં જીવન ગુજારતી કોમોના ઉત્થાન માટે રાજ્ય સરકાર તરફથી આવી કોમોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્થાન અંગે પણ જરુરી કામગીરી કરવાની રહે છે.

ગુજરાતમાં પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વિવિધ કોર્પોરેશનો પણ સ્થાપવામાં આવેલ છે. આ કોર્પોરેશનો સ્વાયત્ત અને સ્વતંત્ર રીતે રાજ્યના પછાત વર્ગોના ઉત્કર્ષની યોજનાઓના અમલ/બજવણી કરી રહેલ છે.

**૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ :-**

આ નિગમની રચના કરવામાં મુળભુત ઉદ્દેશ અનુસુચિત જાતિનો સંપુર્ણ રીતે વિકાસ થાય અને સમાજમાં તેઓ માનભર્યુ જીવન જીવી શકે તે માટે આર્થિક રીતે પગભર બનાવવાનો હતો. ત્યારબાદ માળખામાં યોગ્ય સુધારો કરી તા.૧૭/૧૧/૧૯૭૯ના ઠરાવથી ભારતીય કંપની ધારા, ૧૯૫૬ હેઠળ સરકારશ્રીના એક જાહેર સાહસ તરીકે રૂપાંતર કરવામાં આવ્યું અને તે રીતે ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લીમીટેડ,ગાંધીનગર તરીકે કાર્યરત બન્યું હતુ. આ પછી ગુજરાત વિધાનસભામાં પસાર થયેલ ગુજરાત શીડયુલ્ડ કાસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન એક્ટ ૧૯૮૫ (ગુજરાતનો ૧૯૮૫નો ૧૦મો) હેઠળ સમાજ કલ્યાણ વિભાગ, (હાલના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ) ગાંધીનગરના તા.૦૬-૦૭-૧૯૯૬ના જાહેરનામાંથી તા.૧૫-૦૮-૧૯૯૬થી નિગમને સ્ટેચ્યુટરી કોર્પોરેશન તરીકે જાહેર કરવામાં આવેલ.

આ નિગમ તા.૧૫/૦૮/૧૯૯૬થી ગુજરાત સરકારના સાહસ તરીકે ૧૯૮૫ના અધિનિયમ અનુસાર ₹ ૧૦.૦૦ કરોડની મુડી સાથે કાર્યાન્વિત છે. જે સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૨માં ₹ ૫૦.૦૦ કરોડ કરવામાં આવેલ છે. તેમાં રાજ્ય સરકારનો ફાળો ૫૧ ટકા છે. તેની સામે કેન્દ્ર સરકારનો ફાળો ૪૯ ટકા છે.

બેંકેબલ યોજના, રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમ સહાયિત સીધા ધિરાણની યોજના અને રાજ્ય સરકાર સહાયીત સીધા ધિરાણની યોજના વગેરે યોજનાઓ દ્વારા લોકોને ધિરાણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧- ૨૨ માં ₹ ૬૦૫.૦૦ લાખની વહિવટી ગ્રાન્ટની જોગવાઈ કરેલ જ્યારે વર્ષ:-૨૦૨૨-૨૩માં ₹ ૬૦૫.૦૦ લાખની વહિવટી ગ્રાન્ટ અને ધિરાણ માટે રાજ્ય સરકાર તરફથી ₹ ૧૦૦૦.૦૦ લાખની ગ્રાન્ટની જોગવાઈ કરેલ હતી અને સને ૨૦૨૩-૨૪માં ₹ ૭૯૪.૩૧ લાખની વહીવટી ગ્રાન્ટ અને ધિરાણ માટે રાજ્ય સરકાર તરફથી ₹ ૨૦૦૦.૦૦ લાખની યોજનાકીય ગ્રાન્ટ માટે જોગવાઈ કરેલ છે.

**૨. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ:-**

ગુજરાત સરકારે અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા સફાઇ કામદારોને આર્થિક તેમજ સામાજિક રીતે પગભર કરી તેમનું પુનઃસ્થાપન કરવાના હેતુથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સ્થાપના કરેલ છે. ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય સફાઇ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કાર્યરત છે. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા મહિલા અધિકારી યોજના, મહિલા સમૃધ્ધિ યોજના, સીધા ધિરાણ યોજના, પૂજ્ય ઠક્કરબાપ સફાઇ કામદાર પુનઃસ્થાપન યોજના, વીમા કવચ યોજના, સેનેટરી માર્ટ યોજના, શૈક્ષણિક લોન યોજના, છૂટક ગટર સફાઇનું કામ કરતાં રોજમદાર સફાઇ કામદારોને ડિઝલ મશીન તેમજ સલામતીના સાધનો પુરા પાડવાની યોજના, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના સફાઇ કામદારના બાળકોને ઇનામ પ્રશસ્તિપત્રથી પ્રોત્સાહિત કરવાની યોજના વગેરે બાબતે જુદા-જુદા ટ્રેડ હેઠળ તાલીમ આપવામાં આવે છે તેમજ ગુજરાત સરકારની ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના

હેઠળ મકાન સહાય બિનવ્યાજકીય લોન આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૦.૦૦ કરોડની ગ્રાન્ટ આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે અને વર્ષ ૨૦૨૩-૨૪માં આર્થિક ઉત્કર્ષની યોજનાઓ માટે રાજ્ય સરકાર તરફથી ₹ ૨૦.૦૦ કરોડની ગ્રાન્ટની જોગવાઇ કરેલ છે.

**આર્થિક ઉત્કર્ષ**

**રોજગારી અને આવકના સ્ત્રોત ઉભા કરવા આર્થિક ઉત્થાન યોજના :-**

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઇ કામદારના પુનઃ સ્થાપન માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં નાણાંકીય મદદ કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ₹ ૧૩૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૨૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

**૩. ડૉ. આંબેડકર અંત્યોદય અતિ પછાત જાતિ વિકાસ નિગમ :-**

અનુસૂચિત જાતિની અતિ પછાત જાતિઓમાં ''ગુરૂ બ્રાહ્મણ, સેનવા, નાડીયા, તુરી, તુરી બારોટ, હાડી, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તિરગર, તીરબંદા, થોરી માતંગી, વાલ્મિકી(સફાઇ કામદાર અને તેમના આશ્રિતો સિવાય)'' જેવી અતિ પછાત જાતિના લોકો અન્ય જાતિઓની સરખામણીમાં ચોકકસ પ્રગતિ કરી શકે અને તેઓનો આર્થિક ઉત્કર્ષ થઇ શકે તે માટે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા)ની તા.૦૧/૧૦/૨૦૧૪થી રચના કરવામાં આવેલ છે. રાજ્યમાં વસતા અનુ.જાતિ પૈકી અતિ પછાત ૧૨ જ્ઞાતિઓ માટે સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે તથા વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી ઓનલાઇન અરજીઓ મેળવી ધિરાણ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

ભારત સરકારના NSFDC, નવી દિલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે આ નિગમ કામ કરે છે. રાજ્ય સરકાર અને NSFDC, નવી દિલ્હી તરફથી મંજુર થયેલ ફંડને ધ્યાનમાં લઇ સીધા ધિરાણની યોજનાનો અમલ કરવામાં આવે છે.

NSFDC, નવી દિલ્હીના ફંડમાંથી નિગમ દ્વારા ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં મહિલા સમૃધ્ધિ યોજના હેઠળ ૧૨૯૭ લાભાર્થીઓને ₹ ૬.૪૮ કરોડ, માઇક્રોક્રેડીટ ફાયનાન્સ યોજના હેઠળ ૧૧૯૦ લાભાર્થીઓને ₹ ૫.૯૫ કરોડ તથા પેસેન્જર ઓટો રીક્ષા યોજના હેઠળ ૨૪૭ લાભાર્થીઓને ₹ ૩.૭૨ કરોડ મળી કુલ ૨૭૩૪ લાભાર્થીઓને ₹ ૧૬.૧૫ કરોડની લોન આપવામાં આવેલ છે.

રાજ્ય સરકારના ફંડમાંથી નિગમ દ્વારા દ્વારા જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં પેસેન્જર ઓટો રીક્ષા યોજના હેઠળ ૧૫૧ લાભાર્થીઓને ₹ ૨૬૯.૩૧ લાખ, મહિલા સમૃધ્ધિ યોજના હેઠળ ૫૦૩ લાભાર્થીઓને ₹ ૪૦૬.૬૨ લાખ, પશુપાલન યોજના હેઠળ ૩૮૧ લાભાર્થીઓને ₹ ૩૫૫.૦૪ લાખ, વિભિન્ન નાના વ્યવસાય યોજના હેઠળ ૪૩૦ લાભાર્થીઓને ₹ ૩૯૬.૫૫ લાખ, મોબાઇલ ફુડ કોર્ટવાન યોજના હેઠળ ૦૨ લાભાર્થીઓને ₹ ૧૧.૪૦ લાખ, પેસેન્જર વાન યોજના હેઠળ ૫૦ લાભાર્થીઓને ₹ ૨૩૭.૬૫લાખ તથા માઇક્રોક્રેડીટ ફાયનાન્સ (સ્વ સહાય જુથ)યોજના હેઠળ ૦૧ જુથને ₹ ૪.૭૫ લાખ મળી કુલ - ૧૫૧૮ લાભાર્થીઓને ₹ ૧૬૮૧.૩૨ લાખની લોન આપવામાં આવેલ છે.

**૪. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમઃ-**

રાજ્ય સરકારે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સામાજીક અને આર્થિક ઉત્કર્ષ માટે સરકારશ્રીને એક સ્વાયત્ત સંસ્થાની જરૂરીયાત જણાતી હતી. આ હેતુ પાર પાડવા સરકારશ્રીએ ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન નામનો ખરડો વિધાનસભામાં રજુ કર્યો અને આ ખરડો વિધાનસભાએ ૧૯૮૫માં તૈયાર કરી પસાર કર્યો. આ રીતે ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન અધિનિયમ-૧૯૮૫ અસ્તિત્વમાં આવ્યો. અને ગુજરાત સરકારે તા.૬/૭/૧૯૮૭થી ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશનની સ્થાપના કરી.

આ નિગમ વર્ષ ૧૯૯૭-૯૮થી રાષ્ટ્રીય પછાત વર્ગ વિકાસ નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનેલાઇઝીંગ એજન્સી તરીકે કામગીરી કરે છે. જેમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની જાતિઓના લાભાર્થીઓને સીધા ધિરાણની યોજના હેઠળ માઇક્રોફાઇનાન્સ, મહિલા સમૃદ્ધિ, સ્વયં સક્ષમ, ન્યુ સ્વર્ણિમા,પરિવહન, પશુપાલન, નાના ધંધા/વ્યવસાય અને શૈક્ષણિક લોન યોજનાનો અમલ કરવામાં આવે છે.

આ ઉકત યોજનાઓમાં નિગમે વર્ષ ૧૯૯૭-૯૮ થી ૨૦૨૨-૨૩ (માર્ચ અંતિત) રાષ્ટ્રીય પછાત વર્ગ વિકાસ

નિગમ, નવી દિલ્હીથી મળેલ ગ્રાન્ટમાંથી અંદાજે ૧૧૧૩૧ લાભાર્થીઓને ₹ ૧૦૦૪૫.૯૩ લાખ અને વર્ષ ૨૦૧૫-૧૬ થી ૨૦૨૨-૨૩ (માર્ચ અંતિત) રાજ્ય સરકારશ્રીમાંથી મળેલ ગ્રાન્ટમાંથી અંદાજે ૭૦૯૭ લાભાર્થીઓને ₹ ૧૦૮૧૯.૩૪ લાખનું ધિરાણ કરવામાં આવેલ છે. આમ નિગમ દ્વારા વર્ષ ૧૯૯૭-૯૮ થી ૨૦૨૨-૨૩ સુધીમાં કુલ ૧૮૨૨૮ લાભાર્થીઓને ₹ ૨૦૮૬૫.૨૭ લાખ ધિરાણ કરવામાં આવેલ છે.

આ નિગમની સત્તાવાર શેરમુડી ₹ ૫૦.૦૦ કરોડ છે. જેની સામે વર્ષ ૨૦૨૨-૨૩ (માર્ચ અંતિત) ₹ ૩૮.૨૮ કરોડ ભરપાઇ થયેલી છે.

## ૫. ગુજરાત ગોપાલક વિકાસ નિગમઃ-

ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડનુ બંધારણ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી અમદાવાદના તા.૨૬-૦૬-૧૯૯૨ના રોજ નોંધણી ક્રમાંકઃએફ/૨૦૮/ગાંધીનગર તથા નોંધણી નંબરઃગુજ/૨૪૫/ગાંધીનગરથી મંજુર કરાવી નોંધણી કરાવેલ છે. તા.૧૦/૦૮/૨૦૦૦થી સરકારે આ બોર્ડને “ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ગાંધીનગર” ના નામે નિગમમાં પરિવર્તન કરેલ છે. નિગમની કચેરી ગાંધીનગર ખાતે આવેલ છે. સદરહુ નિગમમાં ૮ બિન સરકારી સભ્યો અને ૭ સરકારી સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ રચવાનો મુખ્ય ઉદ્દેશ મોટાભાઇ ભરવાડ, નાનાભાઇ ભરવાડ, રબારી, ભોપા, કોડીયાતર, સોરઠીયા, રબારી ચંપ્યા જાતિઓ કે જેમાં શિક્ષણનું પ્રમાણ લગભગ નહીવત છે, તેઓ આરોગ્યને હાનિકારક એવા ગંદા વસવાટના સ્થળે ઝુંપડા બાંધીને રહે છે, તેઓનો વારસાગત વ્યવસાય મુખ્યત્વે પશુ ઉછેરવાનો તેમની દેખભાળ અને દુધ વેચવાનો છે, આ જાતિઓના પ્રશ્નો તપાસી શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમો તૈયાર કરવા સલાહ સુચનો કરવાનો છે. ઉપર જણાવેલ વિગતે એન.બી.સી.એફ.ડી.સી., નવી દિલ્હી તથા રાજ્ય સરકારની સીધા ધિરાણની યોજના અંતર્ગત નિગમ દ્વારા પશુપાલન માટે ₹ ૧.૩૦/- લાખ સુધીની લોન, નાના ધંધા માટે ₹૨.૦૦/- લાખ સુધીની લોન અને પરિવહન યોજના માટે ₹ ૨.૦૦/- લાખ સુધીની લોન આપવામાં આવે છે.

આ નિગમની કંપની ધારા ૧૯૫૬ હેઠળ તા.૧૮/૦૫/૨૦૦૧ થી નોંધાયા બાદ વર્ષ ૨૦૦૨-૦૩ થી તા.૨૩-૧૧-૨૦૨૩ સુધી ૧૨૪.૭૦ કરોડની લોન કુલ ૧૩૬૨૮ લાભાર્થીઓને આ નિગમ દ્વારા રાજ્ય સરકારશ્રીએ નિયત કરેલ લોનની મર્યાદામાં લાભ આપેલ છે.

## ૬. ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમઃ-

ગુજરાત લઘુમતી બોર્ડની રચના સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, ૧૮૬૦ હેઠળ તા.૧૪-૧૧-૭૯ના ઠરાવથી કરવામાં આવેલ હતી. આ ગુજરાત લઘુમતી મોર્ડ (ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ માટે) ની નોંધણી તા.૧૧-૦૩-૧૯૮૦ના રોજ કરવામાં આવેલ હતી. સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૪-૦૯-૧૯૯૯ના ઠરાવથી સરકારે ગુજરાત લઘુમતી બોર્ડને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ નિગમની સત્તાવાર શેરમુડી ₹ ૨૦.૦૦ કરોડ છે, અને જે ₹ ૨૦.૦૦ કરોડ પુરેપુરી ભરપાઇ થયેલ છે. આ નિગમમાં ૮ બિનસરકારી સભ્યો અને ૭ સરકારી સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. નિગમ ગાંધીનગર ખાતે કાર્યરત છે.

અલ્પસંખ્યક નિગમ રચવાનો મુખ્ય ઉદ્દેશ અલ્પસંખ્યક સમુદાયના પ્રશ્નો તપાસી તેઓના બંધારણીય હક્કના સંરક્ષણ માટેના ઉપાયો વિચારવા અને આ સમુદાયની શૈક્ષણિક તેમજ સામાજિક આર્થિક સ્થિતિ સુધારવા માટે કલ્યાણકારી યોજનાઓ ઘડવા નિગમ માટે વહીવટી અને યોજનાકીય ગ્રાન્ટની જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ દિલ્હી નિગમની સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી (SCA) તરીકે આ નિગમ કાર્ય કરે છે તેમજ રાજ્ય સરકારશ્રીની યોજનાઓનું અમલીકરણ પણ કરવામાં આવે છે. ગરીબલક્ષી અને રોજગારલક્ષી કાર્યક્રમ હેઠળ લઘુમતીઓ માટે નીચે મુજબની નવી યોજનાઓ રાજ્ય સરકારશ્રી તરફથી મંજુર કરવામાં આવેલ છે.

(૧) અલ્પસંખ્યક સમુદાયના ઇસમોને સ્વરોજગાર માટે નાના ધંધા રોજગાર કરવા માટે મુદતી ધિરાણની યોજના છે.

(૨) અલ્પસંખ્યક સમુદાયના વિદ્યાર્થીઓ માટે તાંત્રિક અને બિન તાંત્રિક અભ્યાસક્રમ માટે દેશમાં અને વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાહત વ્યાજ દરે લોન આપવામાં આવે છે.

(૩) સારી શાખ ધરાવતી બિન સરકારી સંસ્થાઓને કે તેના સ્વસહાય જુથોને સ્વરોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે.

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ રાજ્ય સરકારશ્રી તરફથી અત્યાર સુધીમાં ₹ ૮૮.૬૩ કરોડ નિગમને મળેલ છે, તથા રાષ્ટ્રીય અલ્પસંખ્યક નિગમ તરફથી અત્યાર સુધીમાં ₹ ૮૫.૮૦ કરોડ નિગમને મળેલ છે. નિગમ દ્વારા આજદીન સુધી સ્વરોજગારીના નાના ધંધા વ્યવસાય અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમ માટે કુલ-૨૧૭૭૫ લાભાર્થીઓને ₹ ૧૫૫.૮૦ કરોડ ધિરાણ કરેલ છે.

## ૭. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમઃ-

રાજ્ય સરકારના તા.૧૨/૦૯/૧૯૯૭ના ઠરાવથી ગુજરાત સમસ્ત ઠાકોર સમાજ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી. તા.૧૦/૦૭/૨૦૦૨ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડની રચના થઈ.

તા.૧૩/૯/૨૦૦૨ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડનું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમમાં રૂપાંતર થયું, જેની તા.૧૯/૦૯/૨૦૦૩ના રોજ કંપની ધારા ૧૯૫૬ની કલમ-૨૫ હેઠળ નોંધણી કરવામાં આવેલ છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો પૈકી ઠાકોર અને કોળી જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ માટે આ નિગમની રચના કરવામાં આવી છે.

ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ,નવી દિલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજુર થયેલ લોનની રકમને ધ્યાનમાં લઈને સીધા ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.ગુજરાતમાં ઠાકોર અને કોળી સમાજના નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા જરૂરીયાત મંદ લોકો સ્વમાનભેર રોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ,લઘુ ઉદ્યોગ કામગીરી અને પરંપરાગત ધંધા વ્યવસાય,સેવાકીય ધંધા,પરિવહન સેક્ટર અને ઉચ્ચ શિક્ષણ માટે લોન આપવામાં આવે છે.

નિગમમાં ૩૦/૧૧/૨૦૨૩ અંતિત સુધીમાં વિવિધ આર્થિક ઉત્કર્ષ યોજનાઓ હેઠળ કુલ ૨૨,૧૫૫ લાભાર્થીઓને ₹ ૧૮૧.૮૯ કરોડનું ધિરાણ કરવામાં આવેલ છે.

## ૮. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમઃ-

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં સમાવિષ્ટ જાતિઓ પૈકી ૨૮ વિચરતી અને ૧૨ વિમુક્ત જાતિઓ મળી કુલ ૪૦ (હાલ-૩૩) જાતિઓ અતિ પછાત છે. આ જાતિઓની રખડતી અને ભટકતી જીવનશૈલીના કારણે તેઓ સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે અતિ પછાત છે. આ જાતિઓનો સર્વાંગી વિકાસ થાયે તે હેતુસર સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૩/૨૯૮૫૫/અ થી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની રચના કરવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫-૧૬ માં કાર્યરત થયેલ છે.

આ નિગમ ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય પછાતવર્ગ નાણાં અને વિકાસ નિગમ (NBCFDC), નવી દિલ્હીની ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામ કરે છે. નિગમ દ્વારા રાજ્ય સરકાર તથા રાષ્ટ્રીય નિગમ તરફથી દર વર્ષે મંજૂર થયેલ લોનની રકમને ધ્યાનમાં લઇ સીધા-ધિરાણની વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે.

વિચરતી અને વિમુક્ત જાતિના નબળી આર્થિક પરિસ્થિતી ધરાવતા જરૂરીયાતમંદ લોકો સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી અન્ય સમાજની હરોળમાં આવી શકે તે ઉદ્દેશથી આ નિગમ દ્વારા વિવિધ યોજનાઓ જેવી કે લઘુ ઉદ્યોગ, કારીગરી અને પરંપરાગત ધંધા વ્યવસાય, સેવાકીય ધંધા, પરિવહન સેક્ટર અને ઉચ્ચશિક્ષણ માટે ઓછા વ્યાજના દરે લોન-ધિરાણ આપવાની કામગીરી કરવામાં આવે છે.

- આ નિગમ દ્વારા તા. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં ૮૫૦૭ લાભાર્થીઓને ₹ ૬૫૧૦.૧૯/- લાખનું લોન- ધિરાણ આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન અંદાજે ૭૦૫ લાભાર્થીઓને ₹ ૧૨૦૦.૦૦/- લાખનું લોન-ધિરાણ કરવાનો અંદાજ છે.

## ૯. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમઃ-

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૩૦/૦૯/૨૦૧૭ ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. નિગમમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યો સહિત મળીને કુલ

૭(સાત) બિન સરકારી સભ્યોના બોર્ડની રચના કરવામાં આવેલ છે. નિગમનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. રાજ્ય સરકારે બિન અનામત વર્ગોના કુટુંબો, વિદ્યાર્થીઓ અને અરજદારોના સર્વાંગી શૈક્ષણિક અને આર્થિક વિકાસની પ્રવૃત્તિ માટે આ નિગમની રચના કરેલ છે. નિગમ શિક્ષણનો ફેલાવો તથા ખેડૂતો, પશુપાલકો, કારીગરો અને મજૂરોને શૈક્ષણિક અને આર્થિક ઉપર્જન માટે સહાય અને રાહતના દરે ધિરાણ આપી રોજગારીની તકો પુરી પાડશે. તથા આ માટે ભોજનબીલ સહાય, સ્પર્ધાત્મક સહાય યોજના, કોચીંગ(ટ્યુશન) સહાય યોજના,JEE/NEET સહાય તથા વ્યાજ સહાય જેવી સહાય યોજનાઓ તથા વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, સ્વ-રોજગારલક્ષી લોન તથા પાયલોટ અભ્યાસ લોન જેવી લોન યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ વર્ગો માટે નિગમ,કૌશલ્ય વર્ધન માટેની વ્યવસ્થા કરી રોજગારીની તકો પણ ઊભી કરશે. નિગમનું અધિકૃત શેરભંડોળ ₹ ૧૦૦/- કરોડનું નક્કી કરવામાં આવેલ છે. જે પૈકી અત્યાર સુધીમાં કુલ ₹ ૨૧.૨૬ કરોડ શેરમૂડીની ભરપાઈ કરવામાં આવેલ છે.

- તા. ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધીમાં ૨૪૨૫૧ જેટલા લાભાર્થીઓને ₹ ૩૫૯૬.૬૦ લાખની સહાય આપવામાં આવેલ તથા સુધીમાં ૪૬૧૯ જેટલા લાભાર્થીઓને ₹ ૩૭૫૫૩.૩૨ લાખની લોન મંજુર કરવામાં આવેલ છે.
- તા. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં ૫૬૮૩૫ જેટલા લાભાર્થીઓને ₹ ૯૫૯૦.૦૨ લાખની સહાય આપવામાં આવેલ તથા સુધીમાં ૫૪૯૫ જેટલા લાભાર્થીઓને ₹ ૫૩૯૮૭.૯૯ લાખની લોન મંજુર કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં જાન્યુઆરી-૨૦૨૪(તા.૨૦/૦૧/૨૦૨૩ અંતિત) સુધીમાં ૧૯૨૭૯ જેટલા લાભાર્થીઓને ₹ ૩૩૭૩.૩૯ લાખની સહાય આપવામાં આવેલ તથા સુધીમાં ૨૪૨૪ જેટલા લાભાર્થીઓને ₹ ૩૦૭૧૬.૮૩ લાખની લોન મંજુર કરવામાં આવેલ છે
- વર્ષ ૨૦૨૪ -૨૦૨૫ દરમ્યાન અંદાજે કુલ ૬૩૬૭૦ જેટલા લાભાર્થીઓને ₹ ૬૦૦૦૦/-લાખનું સહાય તેમજ લોન-ધિરાણ કરવાનો અંદાજ છે.

## ૧૦. ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ:-

તા.૧૭/૦૫/૨૦૧૭ના સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/નબા.૧૦/છ૧થી ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે.તા.૧૬/૧૨/૨૦૧૯ના સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના APG/102017/497976/CHH-1થી ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમને કંપની એકટ-૨૦૧૩ હેઠળ નોંધણી કરવા અર્થે સરકારશ્રીની મંજૂરી મળેલ છે.Licence under section 8 (1) of the Companies Act, 2013 [Pursuant to rule 20 the Companies (Incorporation) Rules, 2014] હેઠળ Section 8 Licence Number-118355 For and on behalf of the Jurisdictional Registrar of Companies Registrar of Companies Central Registration Centre dt.13/04/2020 નિગમની નોંધણી થયેલ છે.

વર્ષ-૨૦૨૨-૨૩ ની નવી બાબત મંજૂર થતા તા.૩/૭/૨૦૨૦ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અપગ/૧૦૨૦૨૦/૫૨૮૨૮/છ.૧થી ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમને ₹ ૬૩૫.૦૦ લાખ શેર મૂડી/મેચીંગ ફાળો/અને વહીવટી ખર્ચ કરવાની વહીવટી મંજૂરી મળેલ છે. Social Justice and Empowerment Department, G.R.No.APG/l0/20211502967/CHH.l Sachivalay, Gandhinagar Dated.20.10.2022.Guarantee for Raising loan From NHFDC Amounting to Rs.20.00 Crore અત્રેનુ નિગમ નેશનલ હેન્ડીકેપ્ડ ફાઈનાન્સ ડેવલોપમેન્ટ ન્યુ દિલ્હીની ચેનલાઈઝીંગ એજન્સી તરીકે ગુજરાત રાજ્યમાં કાર્યરત છે.વર્ષ-૨૦૨૨-૨૩ની નવી બાબત મંજૂર થતા ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતેની તા.૧૯/૦૪/૨૦૨૨ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના Sjed/NIR/e file/17/2022/0001/chh-1 Section થી ₹ ૪૫૦.૦૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. તા.૧૯/૦૭/૨૦૨૨ના રોજ નિગમની વેબ સાઈટ અને એમ.આઈ.એસ પોર્ટલ લોન્ચીંગ કરી ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતે ઓન લાઈન અરજીઓ મંગાવવા સારૂ વર્તમાન પત્રમાં જાહેરાત આપીને દિવ્યાંગ જન પાસેથી લોન સહાય મેળવા સારૂ અરજીઓ મંગાવવા આવેલ. જે અન્વયે કુલ-૬૬૪ અરજીઓ ઓન લાઈન પોર્ટલ પર આવેલ છે.નિગમની લાભાર્થી પસંદગી દ્વારા કુલ ૪૭૧ અરજીઓને કોમ્પ્યુટર ડ્રો માં પસંદગી પામેલ જે પૈકીના ૨૭૨ લાભાર્થીઓને ₹ ૨૭૧.૦૦ લાખની સહાય ડીબીટી મારફતે ચુકવણુ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા દિવ્યાંગજનને ઓન લાઈન અરજી કે અન્ય કોઈ લોન સહાય અંગેની સરળતા અને સુલભતા મળી રહે તે હેતુસર નિગમ દ્વારા વોટ્સએપ વેબ અને દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમની સુગમ્ય વેબ સાઈટ લોન્ચ કરવામાં આવેલ છે.

ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪મા સરકારશ્રીના Government Resolution no-SJED/NWR/e-file/17/2023/0220/CHH-1 18/08/2023 દ્વારા ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદતી ધિરાણ યોજના શરૂ કરવા બાબતે દિવ્યાંગ નિગમને ₹ ૬૦૦.૦૦ લાખની નવી બાબત વહીવટી મંજૂરી મળેલ છે.

વર્ષ-૨૦૨૩-૨૪ના અંત સુધીમાં અત્રેના નિગમ દ્વારા કુલ ૬૦૦ દિવ્યાંગજનને લોન સહાય આપવાનુ આયોજન કરવામાં આવી રહેલ છે. જે અન્વયે ઓનલાઈન પોર્ટલ પર ૬૯૦ અરજીઓ મળેલ છે જે પૈકીની ૬૦૯ અરજીઓ જિલ્લા કક્ષાએથી મંજૂર કરી અત્રે મોકલી આપેલ છે. અત્રેથી ૬૦૦ અરજીઓને સૈધ્ધાંતિક રીતે મંજૂર કરવામાં આવેલ છે અને ૯ અરજીઓને પ્રતિક્ષા યાદીમાં મુકવામાં આવેલ છે.

અત્રેનુ નિગમ નેશનલ હેન્ડીકેપ્ડ ફાઈનાન્સ ડેવલોપમેન્ટ ન્યુ દિલ્હીની ચેનલાઈઝીંગ એજન્સી તરીકે ગુજરાત રાજ્યમાં કાર્યરત છે જે અન્વયે ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ માટે Divyangjan Swavalamban Yojna Term loan Schemes 2023-24 NHFDC યોજના અન્વયે ₹ ૧૯૦.૦૦ લાખની દિવ્યાંગજનના આર્થીક ઉત્કર્ષ અર્થે ખર્ચ કરવા સારૂ જાહેરાત આપવામાં આવેલ છે. જે અન્વયે ઓનલાઈન પોર્ટલ પર ૯૯૧ અરજીઓ મળેલ છે જે પૈકીની ૬૮૯ અરજીઓ જિલ્લા કક્ષાએથી મંજૂર કરી અત્રે મોકલી આપેલ છે. અત્રેથી ૩૪ અરજીઓને કોમ્પ્યુટર ડ્રોમાં પસંદગી પામેલ છે.જેના દસ્તાવેજીકરણની કાર્યવાહી જિલ્લા કક્ષાએ હાલમાં ચાલુ છે. જે આગામી સમયમાં લોન વિતરણ સહાય ડી.બી.ટી મારફતે ચુકવણુ કરવામાં આવશે.

વર્ષ-૨૦૨૪-૨૫ના માં અત્રેના નિગમ દ્વારા કુલ ૬૦૦ દિવ્યાંગજનને લોન સહાય આપવાનુ આયોજન કરવામાં આવી રહેલ છે.આમ ઉકત તમામ વિગતો અન્વયે અત્રેના નિગમ દ્વારા દિવ્યાંગ જનને આત્મ નિર્ભરતાથી માંડીને સામાજિક પૂન:સ્થાપન અને સ્વરોજગાર લક્ષી તમામ પ્રકારની સેવાઓ પૂરા પાડવા સારૂ નિગમ કટિબધ્ધ છે. ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા દિવ્યાંગજનને ઓનલાઈન અરજી કે અન્ય કોઈ લોન સહાય અંગેની સરળતા અને સુલભતા મળી રહે તે હેતુસર નિગમ દ્વારા વોટ્સએપ વેબ અને દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમની સુગમ્ય વેબસાઈટ લોન્ચ કરવામાં આવેલ છે

# ભાગ-૪

## નાણાકીય જોગવાઈની સમજૂતી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી સીધી રીતે કોઇ વિકાસલક્ષી કાર્ય કરવાના થતા નથી પરંતુ આ અંગેની નીતિના અમલ ઉપર દેખરેખ રાખવાની કામગીરી હોય છે. આથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે બજેટ સદર-૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ સચિવાલય હેઠળની મંજૂર કરેલ ગ્રાન્ટનો ઉપયોગ કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાં માટે કરવામાં આવેલ છે.

તા.૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મહેકમની પગાર કક્ષાવાર પરિસ્થિતિ નીચે મુજબ હતી.

પત્રક- ક (સારાંશ)

વિભાગ/ કચેરીનું નામ: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

૧(અ) સાતમા પગાર પંચ મુજબ

| ક્રમ | પે-મેટ્રિક્સનું લેવલ | પે-મેટ્રિક્સના અનુરૂપ લેવલમાં લઘુત્તમ પગાર ₹ | મહેકમની વિગત | | | | | | | | | | વાર્ષિક મહેકમ ખર્ચ (₹ લાખમાં)ભરેલ જગ્યા માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ -૧ | | વર્ગ- ૨ | | વર્ગ - ૩ | | વર્ગ- ૪ | | કુલ સંખ્યા | | |
| | | | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | |
| ૧ | આઇએસ.૧ | ૧૪૮૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૮ | ૮૫ | ૮૮ | ૮૫ | ૩૨૨.૪૫ |
| ૨ | આઇ એસ-૨ | ૧૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ | ૧૬૦ |
| ૩ | આઇએસ ૩ | ૧૫૭૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૬ | ૧૦૫ | ૧૦૬ | ૧૦૫ | ૭૩૨.૭૭ |
| ૪ | ૨ | ૧૯૯૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૯૮ | ૫૧ | ૦ | ૦ | ૨૯૮ | ૫૧ | ૫૧૨.૦૧ |
| ૫ | ૪ | ૨૫૫૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૨ | ૪૪ | ૦ | ૦ | ૧૧૨ | ૪૪ | ૩૭૪.૯૫ |
| ૬ | ૫ | ૨૯૨૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮૯ | ૬૧ | ૦ | ૦ | ૧૮૯ | ૬૧ | ૪૮૮.૧૨ |
| ૭ | ૬ | ૩૫૪૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૧૯ | ૧૩૬ | ૦ | ૦ | ૭૧૯ | ૧૩૬ | ૧૭૧૯.૩૮ |
| ૮ | ૭ | ૩૯૯૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૩૨ | ૧૯૭ | ૦ | ૦ | ૭૩૨ | ૧૯૭ | ૧૯૫૨ |
| ૯ | ૮ | ૪૪૯૦૦ | ૦ | ૦ | ૧૯૪ | ૧૦૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૪ | ૧૦૩ | ૧૦૭૬.૬ |
| ૧૦ | ૧૦ | ૫૬૧૦૦ | ૬૭ | ૪૭ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૯ | ૪૯ | ૬૫૨.૨૧ |
| ૧૧ | ૧૧ | ૬૬૭૦૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ચાર્જથી સોંપણી કરેલ છે. |
| ૧૨ | ૧૨ | ૭૮૮૦૦ | ૧૩ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૭ | ૧૩૮.૫૬ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | 13 એ | ૧૩૧૧૦૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૭.૧૫ |
| ૧૪ | - | ૧૩૮૫૦૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૫.૮૨ |
| ૧૫ | ૧૬ | ૨૨૫૦૦૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૭૩.૭૬ |
| **સરવાળો ૧(અ)** | | | **૮૪** | **૫૭** | **૧૯૭** | **૧૦૬** | **૨૦૫૦** | **૪૮૯** | **૨૧૨** | **૨૦૮** | **૨૫૪૩** | **૮૬૦** | **૮૨૩૫** |

**૧(બ) છઠ્ઠા પગાર પંચ મુજબ**

| ક્રમ | પે-મેટ્રિક્સનું લેવલ | પે બેન્ડ (લઘુત્તમ પગાર લેવલ) | મહેકમની વિગત | | | | | | | | | | વાર્ષિક મહેકમ ખર્ચ (₹ લાખમાં) ભરેલ જગ્યા માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કુલ સંખ્યા | | |
| | | | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | |
| ૧ | - | - | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**૧(ક) અન્ય / શેટ્ટી પે કમિશન**

| ક્રમ | પે-મેટ્રિક્સનું લેવલ | પે બેન્ડ (લઘુત્તમ પગાર લેવલ) | મહેકમની વિગત | | | | | | | | | | વાર્ષિક મહેકમ ખર્ચ (₹ લાખમાં) ભરેલ જગ્યા માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કુલ સંખ્યા | | |
| | | | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | |
| ૧ | - | - | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૨ | - | ₹ ૧૫૦૦૦(ફીક્ષ) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧.૮ |
| ૩ | - | ₹ ૨૫૦૦૦(ફીક્ષ) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૩. |
| ૪ | ૧૩ | ₹ ૧૨૩૧૦૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૨૬.૭૩ |
| | **સરવાળો ૧(ક)** | | **૬** | **૩** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૬** | **૩** | **૩૨** |
| | **સરવાળો(૧)** | | **૯૦** | **૬૦** | **૧૯૭** | **૧૦૬** | **૨૦૫૦** | **૪૮૯** | **૨૧૨** | **૨૦૮** | **૨૫૪૯** | **૮૬૩** | **૮૨૬૭** |

**૨(અ) વિભાગ / ખાતાના વડાની કચેરી / યોજનાકીય અમલીકરણ એજન્સી હેઠળ આઉટસોર્સ થી મેળવવામાં આવતી સેવાની વિગતો**

| ક્રમ | પ્રતિ માસ સેવા માટે ચુકવવામાં આવતુ મહેનતાણું (અન્ય ચાર્જિસ સિવાય) | મહેકમની વિગત | | | | | | | | | | વાર્ષિક મહેકમ ખર્ચ (₹ લાખમાં) ભરેલ જગ્યા માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કુલ સંખ્યા | | |
| | | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | |
| ૧ | ૨૫૦૦૦ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૮૨૨ | ૭૩૩ | ૯૪૯ | ૯૩૭ | ૧૭૭૧ | ૧૬૭૦ | ૩૫૧૬.૯૨ |
| ૨ | ૨૫૦૦૧થી ૫૦૦૦૦ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૬ | ૦ | ૦ | ૬ | ૬ | ૨૧.૨૪ |
| ૩ | ૫૦૦૦૦ થી વધુ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૮.૪ |

| | સરવાળો ૨(અ) | ૦ | ૦ | ૦ | ૦ | ૮૨૯ | ૭૪૦ | ૯૪૯ | ૯૩૭ | ૧૭૭૮ | ૧૬૭૭ | ૩૫૪૭ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

૨(બ) વિભાગ / ખાતાના વડાની કચેરી / યોજનાકીય અમલીકરણ એજન્સી હેઠળ ૧૧ માસ કરાર આધારિત મહેનતાણુ મેળવી સેવા આપનારની વિગતો

| ક્રમ | પ્રતિ માસ સેવા માટે ચુકવવામાં આવતુ મહેનતાણું (અન્ય ચાર્જિસ સિવાય) | મહેકમની વિગત | | | | | | | | | | વાર્ષિક મહેકમ ખર્ચ (₹ લાખમાં) ભરેલ જગ્યા માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કુલ સંખ્યા | | |
| | | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | |
| ૧ | ૨૫૦૦૦ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૪૦૪ | ૧૯૬ | ૦ | ૦ | ૪૦૪ | ૧૯૬ | ૪૪૧.૬૨ |
| ૨ | ૨૫૦૦૧થી ૫૦૦૦૦ સુધીની | ૦ | ૦ | ૧ | ૦ | ૩૭ | ૧૧ | ૦ | ૦ | ૩૮ | ૧૧ | ૪૬.૭૩ |
| ૨ | ૫૦૦૦૦ થી વધુ | ૦ | ૦ | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૨૮.૮ |
| | **સરવાળો ૨(બ)** | **૦** | **૦** | **૫** | **૪** | **૪૪૧** | **૨૦૭** | **૦** | **૦** | **૪૪૬** | **૨૧૧** | **૫૧૭** |
| | સરવાળો (૨) | **૦** | **૦** | **૫** | **૪** | **૧૨૭૦** | **૯૪૭** | **૯૪૯** | **૯૩૭** | **૨૨૨૪** | **૧૮૮૮** | **૪૦૬૪** |

૩. નાણા વિભાગના તા:૧૬-૦૨-૨૦૦૬ ના ઠરાવ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીક્સ પગારથી નિમણુક આપેલ તા: ૧૮-૧૦-૨૦૨૩ના ઠરાવ મુજબ નીચે મુજબ ફીક્સ પગાર મેળવતા વર્ગ-૩ અને વર્ગ -૪ માં ફરજ બજાવતા કર્મચારીઓની વિગતો દર્શાવતુ પત્રક

| ક્રમ | તા: ૧૮-૧૦-૨૦૨૩ ના ઠરાવ મુજબ નિયત ફીક્સ પગાર (વર્ગ-૩ અને વર્ગ-૪) | મહેકમની વિગત | | | | | | | | | | વાર્ષિક મહેકમ ખર્ચ (₹ લાખમાં) ભરેલ જગ્યા માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | | કુલ સંખ્યા | | |
| | | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | મંજૂર | ભરેલ | |
| ૧ | ₹ ૨૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૧૬ | ૦ | ૦ | ૧૬ | ૧૬ | ૪૩ |
| ૨ | ₹ ૨૬૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૨ | ૧૦૯ | ૦ | ૦ | ૧૦૯ | ૧૦૯ | ૩૪૬.૩ |
| ૩ | ₹ ૨૯૨૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૭ | ૦ | ૦ | ૭ | ૭ | ૩૦ |
| ૪ | ₹ ૩૯૯૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૧૩ | ૧૩ | ૬૭ |
| ૫ | ₹ ૪૦૮૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૧ | ૫૧ | ૦ | ૦ | ૫૧ | ૫૧ | ૨૪૯.૬૯ |
| ૬ | ₹ ૪૬૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૧૨ | ૭૧.૪૩ |
| ૭ | ₹ ૪૯૬૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૩ | ૧૧૩ | ૦ | ૦ | ૧૧૩ | ૧૧૩ | ૬૭૨.૫૭ |
| | **સરવાળો (૩)** | **૦** | **૦** | **૦** | **૦** | **૩૦૨** | **૩૨૧** | **૦** | **૦** | **૩૦૨** | **૩૨૧** | **૧૪૮૦** |
| | **સરવાળો (૨)+(૩)** | **૦** | **૦** | **૫** | **૪** | **૧૫૭૨** | **૧૨૬૮** | **૯૪૯** | **૯૩૭** | **૨૫૨૬** | **૨૨૦૯** | **૫૫૪૩** |
| | **કુલ સરવાળો (૧)+(૨)+(૩)** | **૯૦** | **૬૦** | **૨૦૨** | **૧૧૦** | **૩૬૨૨** | **૧૭૫૭** | **૧૧૬૧** | **૧૧૪૫** | **૫૦૭૫** | **૩૦૭૨** | **૧૩૮૧૦** |

# નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
# ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ

(₹ લાખમાં)

| અ.નં | જાતિ | ચાલુ બાબત | નવી બાબત | સ્થાયી ખર્ચ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ | ૯૩૩૦૮.૦૦ | ૧૦૩૨૭.૦૦ | ૩૬૪૩.૦૦ | ૧૦૭૨૭૮.૦૦ |

(₹ લાખમાં)

| અ.નં | કાર્યક્રમ | ૨૦૨૩-૨૪ની જોગવાઈ | | ૨૦૨૩-૨૪ ની સુધારેલી જોગવાઈ | | ૨૦૨૪-૨૫ની જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મહેસુલ | મુડી | મહેસુલ | મુડી | ચાલુ બાબત | નવી બાબત | સ્થાયી ખર્ચ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ | ૮૨૨૨૬.૬૫ | ૧૬૧૦૪.૭૮ | ૮૨૦૮૮.૮૧ | ૨૨૨૧૧.૩૫ | ૯૩૩૦૮.૦૦ | ૧૦૩૨૭.૦૦ | ૩૬૪૩.૦૦ | ૧૦૭૨૭૮.૦૦ |

# નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ

## ભાગ-૧

### પરિચય

ભારતના લોકકલ્યાણના હેતુલક્ષી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અને જોગવાઈઓમાં નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને સમાજના નબળાવર્ગોના વિકસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે. તેને અનુલક્ષીને પછાતવર્ગો, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં આવે તે માટે રાજ્યે અનેકવિધ પ્રયાસો હાથ ધર્યા છે. આ માટે અનેક યોજના અમલમાં મુકી છે.

આ વર્ગોમાં શિક્ષણનો ફેલાવો થતા રાજ્યની નોકરીમાં તેમના માટે નિયત કરેલ ટકાવારી મુજબ ભરતી થતાં તેમનામાં આત્મવિશ્વાસ આવતો જાય છે. પછાતવર્ગોના સર્વાંગી વિકાસ માટે તેઓની આર્થિક નબળાઈ દૂર કરવી તે એક મહત્વની જવાબદારી છે. ગ્રામ્યક્ષેત્રેમાં પછાતવર્ગોની વસ્તીનો ઘણો મોટો સમુદાય ખેત મજૂરી ઉપર નભે છે. આથી તેઓના આર્થિક ઉત્કર્ષ અને રહેઠાણો માટેનું પુન:નિર્માણ કરવાનું હાથ ધરેલ છે.

### વસ્તી

ગુજરાતમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસ્તી ૪૦.૭૪ લાખ છે. એટલે કે રાજ્યની કુલ ૬.૦૪ કરોડની વસ્તીના ૬.૭૪ ટકા છે.

અનુસૂચિત જાતિઓ માટે ફાળવવામાં આવેલ ખાસ અંગભૂત યોજનાના નાણા અન્ય જાતિઓ માટે વાપરવામાં ન આવે તે હેતુથી અલગ બજેટ પ્રથા નક્કી કરવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ મુખ્ય ચાર ભાગોમાં વહેચવામાં આવેલ છે.

- શિક્ષણ
- આર્થિક ઉત્કર્ષ
- આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ
- નિર્દેશન અને વહીવટ

**:: શિક્ષણ ::**

૧. પ્રિ.એસ.એસ.સી. અને પોસ્ટ.એસ.એસ.સી.ના અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ.

૨. ગ્રાન્ટ-ઈન-એઈડ અને સરકારી છાત્રાલયોનો નિભાવ અને વિકાસ.

૩. પ્રાથમિક શાળાના બાળકોને ત્રણ જોડી ગણવેશ સહાય.

૪. સરકારી કોલેજમાં તબીબી અને ઈજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે સાધન સહાય તેમજ શિક્ષણની તકો પૂરી પાડવા ખાસ પ્રોત્સાહક સહાય.

૪. અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિદ્યાર્થીઓ માટે વધારાના કોચીંગની સુવિધા.

૫. ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા અને આદર્શ નિવાસીશાળાઓ.

૬. પી.એચ.ડી.જેવા ઉચ્ચ અભ્યાસ માટે ફેલોશીપ સહાય.

૭. અનુસુચિત જાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય.

૮. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન.

૯. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય.

૧૦. અનુસૂચિત જાતિના ધો.૧૦માં ૭૦ ટકાથી વધુ ગુણ ધરાવતા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને અને ધો.૧૦માં ૭૫ ટકાથી વધુ ગુણ ધરાવતા સામાન્ય પ્રવાહના વિદ્યાથીઓને ખાનગી ટયુશન માટે સહાય.

૧૧. કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે લોન.

૧૨ અનુસૂચિત જાતિના ધો.૧૨માં પાસ થનાર અને આગળ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગ દ્વારા અપાતા ટેબ્લેટની રકમ રીએમ્બર્સ કરી આપવામાં આવે છે.

૧૩ ધો.૧૦માં ૭૦% થી વધુ ગુણ ધરાવતા હોય અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મેડીકલ, એન્જીનીયરીંગ પ્રવેશ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ સહાય આપવામાં આવે છે.

૧૪ IIM,NIFT,CEPT,NLU જેવી કેન્દ્રીયકૃત સંસ્થામાં પ્રવેશ મેળવવા માટેની પૂર્વ પરીક્ષાની તૈયારી માટે વિદ્યાર્થીઓને કોચીંગ સહાય આપવામાં આવે છે.

૧૫ અનુસૂચિત જાતિના જે વિદ્યાર્થીઓને UPSCની તૈયારી માટે પ્રિલીમનરી પરીક્ષા પાસ કરે તો યુવકોને ₹ ૨૫,૦૦૦/- અને યુવતીઓને ₹ ૩૦,૦૦૦/- તથા મેઈન પરીક્ષા પાસ કરે તો યુવકોને ₹ ૨૫,૦૦૦/- અને યુવતીઓને ₹ ૩૦,૦૦૦/- તેમજ આખરી પસંદગી થયે યુવકોને ₹ ૫૧,૦૦૦/- અને યુવતીઓને ₹ ૬૧,૦૦૦/- આપવામાં આવે છે. આ યોજનાનો અમલ સ્પીપા મારફતે કરવામાં આવે છે.

૧૬ ટેલેન્ટ પુલ યોજના હેઠળ અનુ.જાતિના ધો.૬માં પ્રવેશ અને ધો. ૧૧માં પ્રવેશ વખતે ₹ ૪૦,૦૦૦/-ની સહાય તેજસ્વીન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

૧૭ ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર જગ્યા ઉભી કરવાનું સુચવેલ છે તથા હાલ પાંચ યુનિવર્સિટીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેરની જગ્યા કાર્યરત છે.

૧૮. સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાની તૈયારી માટે વિદ્યાર્થીઓને કોચીંગ સહાય આપવામાં આવે છે.

## :: આર્થિક ઉત્કર્ષ ::

૧. મેડીકલ સ્નાતક/અનુસ્નાતકને નાણાંકીય સહાય-લોન.

૨. માનવ ગરિમા યોજના હેઠળ નાના પાયાના ઉદ્યોગો, સ્વરોજગારના ધંધા માટે સહાય.

૩. કાયદાના સ્નાતકોને નાણાંકીય સહાય-લોન અને સિનિયર વકીલો સાથે તાલીમ આપવાની યોજના.

૪. અનુસૂચિત જાતિઓ માટે અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનને નાણાંકીય સહાય.

૫. સફાઇ કામદારોના પુનઃ સ્થાપન માટે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને સહાય.

૬. અતિ પછાતજાતિઓ હાડી, નાડીયા, સેનવા,તુરી, ગરો, વણકર સાધુ અને અનુ.જાતિના બાવા જેવી ૧૨ અતિપછાત જાતિઓના વિકાસ માટે ગુજરાત અતિ પછાતજાતિ વિકાસ બોર્ડમાંથી નિગમમાં રૂપાંતર.

૭. સફાઇ કામદારોનું પુનઃસ્થાપન.

૮. ડૉ.બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અને પૂજ્ય મહાત્માગાંધી એવોર્ડ આપવાની યોજના.

૯. સંતશ્રી કબીર અનુસૂચિત જાતિ સાહિત્ય એવોર્ડ, દાસી જીવણ એવોર્ડ, મહાત્મા ફુલે એવોર્ડ, સાવિત્રીબાઇ ફુલે મહિલા એવોર્ડ આપવાની યોજના.

## :: આરોગ્ય, ગૃહનિર્માણ અને અન્ય ::

૧. મફત તબીબી સહાય.ટીબી, કેન્સર, રક્તપિત્ત માટે સહાય.

૨. અનુસૂચિત જાતિની પુખ્ત વયની કન્યાના લગ્નપ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ સહાય.

૩. ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન, સામાજિક બહિષ્કાર, ખૂન, બળાત્કાર, ગંભીર ઈજા હુમલા અને આફતમાં અનુસૂચિત જાતિનાં લોકોને આર્થિક મદદ.સ્ટેટ કન્ટીજન્સી પ્લાન હેઠળ અત્યાચારના ભોગ બનેલ

વ્યક્તિઓને રાહતો.

૪. ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ વ્યક્તિગત રીતે મકાન બાંધકામ માટે નાણાંકીય સહાય તથા સફાઇ કામદારોને મકાન સહાય.

૫. સમાજ શિક્ષણ શિબિરોનું સંચાલન, અસ્પૃશ્યતા નિવારણ માટે સંમેલન ભરવા, સફાઇ કામદારો માટે જૂથ વીમા યોજના.

૬. અસ્પૃશ્યતા નિવારણ માટે ત્રણ તકેદારી એકમો જિલ્લા કક્ષાએ સઘન ઘટકો.

૭. અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ના અસરકારક અમલ માટે ખાસ જોગવાઈ

૮. માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્ન સહાય યોજના ₹ ૧૨,૦૦૦/- સહાય તથા સંસ્થાને યુગલદીઠ ₹ ૩૦૦૦/-ની સહાય વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/- પ્રમાણે સહાય આપવામાં આવે છે.

૯. રાજ્યકક્ષાએ ડૉ.આંબેડકર ભવનનો વિકાસ અને જિલ્લા કક્ષાએ ડૉ.આંબેડકર ભવનની સ્થાપના.

૧૦. સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના.

૧૧. અનુસૂચિત જાતિ પૈકી ગુરુ-બ્રાહ્મણ જ્ઞાતિના યુવાનોને કર્મકાંડ તાલીમ.

## :: નિર્દેશન અને વહીવટ ::

સમાજ કલ્યાણ સંસ્થાઓ માટે જરૂરી છે કે અનુસુચિત જાતિઓનું કલ્યાણ અને તેઓનાં શૈક્ષણિક આર્થિક અને સામાજિક વિકાસ માટેની પ્રવૃત્તિઓ વધારવી. આ હેતુઓ બર લાવવા માટે રાજ્યમાં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું કામ કરી રહયું છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સીધી દેખરેખ હેઠળ કામ કરે છે. ખાતાના વડા નિયામકશ્રી અને તેમની મદદમાં ૦૧ સંયુક્ત નિયામકશ્રી(વર્ગ-૧), ૦૩ નાયબ નિયામકશ્રી(વર્ગ-૧), ૦૩ સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વર્ગ-૧), ૦૧ હિસાબી અધિકારીશ્રી(વર્ગ-૧), આંકડા અધિકારીશ્રી(વર્ગ-૨), સંશોધન અધિકારીશ્રી(વર્ગ-૨), ગુજરાતી સ્ટેનોગ્રાફર (ગ્રેડ-૧) કામ કરે છે. જિલ્લા કક્ષાએ ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં (ડાંગ જિલ્લા સિવાય) ૩૨ નાયબ નિયામકશ્રી(વર્ગ-૧), તમામ ૩૩ જિલ્લા પંચાયતોમાં સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પં), ૦૭ મહાનગરપાલિકાઓમાં સમાજ કલ્યાણ અધિકારી(મ.ન.પા.), ૦૮ છાત્રાલયોમાં સમાજ કલ્યાણ અધિકારી (હાઉસ માસ્ટર), ૦૧ ડૉ.આંબેડકર ભવનમાં સમાજ કલ્યાણ અધિકારી તથા ૨૮ આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્ય (વર્ગ-૨)ની જગ્યાઓ મંજુર થયેલ છે. આ ઉપરાંત ખાતાના વડા નિયામકશ્રીની કચેરી તથા જિલ્લા નાયબ નિયામકશ્રીની કચેરીઓમાં કુલ ૨૦૩ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૩), ૨૫૯ સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩), ૧૧૩ સિનિયર ક્લાર્ક(વર્ગ-૩) અને ૨૩૫ ક્લાર્ક(વર્ગ-૩), ૩૯ ડ્રાઇવર(વર્ગ-૩) તથા ૪૦૩ પટ્ટાવાળા(વર્ગ-૪)ની જગ્યાઓ મંજુર થયેલ છે.

અત્યાચાર નિવારણ માટે વિભાગીય કક્ષાએ ત્રણ સંયુક્ત નિયામકશ્રી(તકેદારી)ની કચેરીઓ અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે કાર્યશીલ છે. જેમાં ૦૯ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૩), ૦૩ સમાજ કલ્યાણ નિરીક્ષક(વર્ગ-૩), ૦૩ ક્લાર્ક(વર્ગ-૩)ની જગ્યાઓ મંજુર થયેલ છે. આ ઉપરાંત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ૧૨૭ મદદનીશ શિક્ષકો તથા માધ્યમિક વિભાગમાં ૧૨૧ મદદનીશ શિક્ષકોની જગ્યા મંજુર થયેલ છે.

## સમગ્ર કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ

### ભાગ-૨

**નાણાંકીય :**

અનુસૂચિત જાતિઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં થયેલ ખર્ચ તથા વર્ષ ૨૦૨૩-૨૪ની સુધારેલ જોગવાઇ અને વર્ષ ૨૦૨૪-૨૫ની જોગવાઇની વિગત નીચે મુજબ છે. આ યોજનામાં મહેસુલ, મુડી યોજનાની જોગવાઇનો સમાવેશ થાય છે.

(₹ લાખમાં)

| ક્રમ | યોજનાનુંનામ | ખર્ચ ૨૦૨૨-૨૩ | સુધારેલ જોગવાઇ ૨૦૨૩-૨૪ | જોગવાઇ ૨૦૨૪-૨૫ |
|---|---|---|---|---|
| ૧. | વહીવટ અને નિર્દેશ | ૩૬૭૮.૭૯ | ૫૧૫૩.૫૦ | ૫૨૬૯.૦૦ |
| ૨. | આર્થિક ઉત્કર્ષની યોજનાઓ | ૭૮૫૦.૧૪ | ૧૨૭૮૧.૫૧ | ૧૩૪૦૪.૦૦ |
| ૩. | આરોગ્ય ,આવાસન અને અન્ય યોજનાઓ | ૧૪૨૩૭.૮૦ | ૧૮૦૧૫.૩૫ | ૧૭૯૮૨.૦૦ |
| ૪. | શિક્ષણ | ૬૨૭૯૨.૩૮ | ૬૮૩૪૯.૮૦ | ૬૦૮૭૯.૦૦ |
| | **કુલ ₹** | **૮૮૫૫૯.૧૧** | **૧૦૪૩૦૦.૧૬** | **૯૭૫૩૪.૦૦** |

**રાજ્ય સરકાર દ્વારા દ્વારા અનુસૂચિત જાતિ માટે લેવાયેલાં કેટલાંક અગત્યનાં પગલાંઓની વિગત નીચે પ્રમાણે છે:-**

(૧) ધો.૧ થી ૮માં અભ્યાસ કરતાં બાળકોને ત્રણ જોડી ગણવેશ માટે ₹ ૯૦૦/-સહાય આપવામાં આવે છે.

(૨) પ્રિ.એસ.એસ.સી.શિષ્યસવૃત્તિની યોજનામાં સરકારી/ ગ્રાન્ટ ઈન એઇડ/ આશ્રમશાળા/ ખાનગીશાળાઓમાં ભણતા ૧ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને ₹ ૭૫૦/- અને વિદ્યાર્થીનીઓને ધો.૬ થી ૧૦ માં ₹ ૧૦૦૦/- જયારે ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓને ₹ ૭૫૦/- અને ધો. ૯ થી ૧૦માં ₹ ૧૦૦૦/- ની વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

(૩) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાસ પસંદગીની શાળાઓમાં અભ્યાસ કરવા પ્રોત્સાહન આપવા માટે ₹ ૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ જે ઓછું હોય તેટલી સહાય આપવામાં આવે છે.

(૪) અનુસૂચિત જાતિઓ પૈકી સૌથી વધારે પછાત એવા વાલ્મિકી, હાડી ,સેનવા, નાડીયા,તૂરી,ગુરુ-બ્રાહ્મણ,વણકરસાધુ, અનુ.જાતિના દલિતબાવા, તુરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગના ધોરણ ૧ થી ૮માં ₹ ૧૦૦૦/- વાર્ષિક અને ધોરણ ૯ થી ૧૦ માં ₹ ૧૫૦૦/- વાર્ષિક  રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

(૫) પોસ્ટ એસ.એસ.સી.ના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓને અને વાર્ષિક આવક-મર્યાદા ₹ ૨.૫૦ લાખથી વધુ હોય તેમને રાજ્યફંડમાંથી શિષ્યવૃત્તિ આપવાનું ઠરાવેલ છે.

(૬) એસ.એસ.સી પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક ₹ ૨૫૦૦/- થી ₹ ૧૩૫૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, તથા માન્ય શિક્ષણ ફી તથા માન્ય નોન રીફન્ડેબલ ફી ચુકવવામાં આવે છે. કુમાર માટે વાર્ષિક આવક મર્યાદા ₹ ૬.૦૦ લાખ છે. કુમાર માટે વાર્ષિક આવક મર્યાદા ₹ ૬.૦૦ લાખ કરવામાં આવેલ છે. તથા અનુસૂચિત જાતિની કન્યાઓ માટે આવકમર્યાદા દૂર કરવામાં આવેલ છે.

(૭) આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને માસિક ₹ ૪૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે.

(૮) સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિના ધો.૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને અંતર મર્યાદાના બાધ સિવાય શાળાએ આવવા જવા માટે સાયકલ આપવામાં આવે છે.

(૯) અનુસૂચિત જાતિના ધો.૧૦માં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવનારને વિજ્ઞાન પ્રવાહમાં ધો.૧૧માં ₹ ૧૫૦૦૦/-ખરેખર

ખર્ચની મર્યાદામાં, ધો.૧૨માં ₹ ૧૫૦૦૦/- ખરેખર ખર્ચની મર્યાદામાં તથા ધો.૧૦માં ૭૫ ટકાથી વધુ ગુણ મેળવનારને સામાન્યય પ્રવાહમાં ધો.૧૧માં ખરેખર ખર્ચની મર્યાદામાં ₹ ૮૦૦૦/- અને ધો.૧૨માં ખરેખર ખર્ચની મર્યાદામાં ₹ ૪૦૦૦/-ખાનગી ટ્યુશન સહાય આપવામાં આવે છે.

(૧૦) અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને કોલેજ સંલગ્ન છાત્રાલયો અને કોલેજ માન્ય છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને ફૂડબીલની સહાય પેટે માસિક ₹ ૧૫૦૦/- લેખે ૧૦ માસ સુધી આપવામાં આવે છે.

(૧૧) એમ.ફીલના વિદ્યાર્થીઓને માસિક ₹ ૨૫૦૦ના દરે ૧૦ માસ સુધી પી.એચ.ડીના વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૧.૦૦ લાખ/વિદ્યાર્થી ફેલોશીપ સહાય આપવામાં આવે છે. (થિસીસની નકલ આપવાના શરતે)

(૧૨) મેડીકલ, એન્જીનીયરીંગ ,ડીપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે જ (એકવખત) મેડીકલના વિદ્યાર્થીઓને ₹ ૧૦,૦૦૦/-, એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ₹ ૮,૦૦૦/- સહાય આપવામાં આવે છે. અને ડીપ્લોમાના વિદ્યાર્થીઓને₹ ૩,૦૦૦/-અભ્યાસ માટે જરૂરી સાધનો ખરીદવાની સહાય આપવામાં આવે છે.

(૧૩) અનુસૂચિત જાતિનાં ઉમેદવારોને પાયલોટની તાલીમ માટે ₹ ૨૫.૦૦ લાખની લોન આપવાની યોજના અમલમાં છે. તેમજ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડૉ.બાબાસાહેબ આંબેડકર લોન યોજના હેઠળ ₹ ૧૫.૦૦ લાખની લોન આપવામાં આવે છે.

(૧૫) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અને આશ્રમશાળાઓને નિભાવ ગ્રાન્ટ માસિક ₹ ૨૧૬૦/- લેખે વિદ્યાર્થી દીઠ ૧૦ માસ સુધી આપવામાં આવે છે. ગૃહપતિ અને રસોયાના વેતનમાં ૯૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે.

(૧૬) સુબેદારરામજી આંબેડકર ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલય યોજના હેઠળ ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ-ઇન-એઇડ ધોરણે છાત્રાલયો ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ રહેવા-જમવાની વિનામૂલ્યે સુવિધા આપવામાં આવે છે.

(૧૭) અનુસૂચિત જાતિના કુમાર અને કન્યાઓ માટે સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે.

(૧૮) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ધો ૧ થી ૮ સુધી ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ રહેવા-જમવાની અને ભણવાની વિનામૂલ્યે સુવિધા આપવામાં આવે છે.

(૧૯) છત્રપતિ શાહુજી મહારાજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને રાજ્યકક્ષાએ ધોરણ ૧૦ માં પ્રથમ ક્રમે આવનારને ₹ ૪૧,૦૦૦/-, બીજા ક્રમે આવનારને ₹ ૨૧,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૧૧,૦૦૦/- જયારે રાજ્યકક્ષાએ ધો-૧૨ માં ચારેય પ્રવાહમાં પ્રથમ આવનાર ₹ ૩૧,૦૦૦/-બીજા ક્રમે આવનારને ₹ ૨૧,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૧૧,૦૦૦/- આપવામાં આવે છે. તદઉપરાંત જિલ્લાકક્ષાએ ધો.૧૦ અને ધો.૧૨(સામાન્ય પ્રવાહ/ વિજ્ઞાન પ્રવાહ)માં પ્રથમ ક્રમે આવનારને ₹ ૬,૦૦૦/-,બીજા ક્રમે આવનારને ₹ ૫,૦૦૦/- અને ત્રીજા ક્રમે આવનારને ₹ ૪,૦૦૦/- ના ઈનામ આપવામાં આવેલ છે.

(૨૦) સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓને/સંસ્થાઓને એવોર્ડ આપવાની યોજના અમલમાં છે. ડૉ.આંબેડકર એવોર્ડ અને મહાત્મા ગાંધી એવોર્ડ પેટે ₹ ૨.૦૦ લાખ, સંત શ્રી કબીર સાહિત્ય એવોર્ડ તથા સાવિત્રીબાઇ ફુલે મહિલા કલા/સાહિત્ય એવોર્ડ પેટે ₹ ૧.૦૦ લાખ આપવામાં આવે છે. મહાત્મા ફુલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડ તથા દાસી જીવણ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ એવોર્ડ પેટે ₹ ૫૦,૦૦૦/-આપવાની યોજના છે. અનુસૂચિત જાતિના સાહિત્યકારો, સર્જકો ,સંશોધકો અને પી.એચ.ડી ધારકો તેમણે કરેલા સર્જનાત્મક અને વિવેચનાત્મક લખાણો તેમજ મહાનિબંધોના પ્રકાશન માટે મહારાજા સયાજીરાવ ગાયકવાડ અનુસૂચિત જાતિ સાહિત્ય પ્રકાશન માટે ₹ ૧૦,૦૦૦/-ની નાણાંકીય સહાય આપવામાં આવે છે.

(૨૧) માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે ધંધા/વ્યાવસાયના સાધનો માટે સહાય આપવામાં આવે છે અને ધિરાણ તથા સબસિડીના માધ્યમથી આર્થિક ટેકો પુરો પાડવા બેંકેબલ યોજનામાં સહાય આપવામાં આવે છે.

(૨૨) અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને ₹ ૭૦૦૦/- લોન અને ₹ ૫૦૦૦/-સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ૬.૦૦/- લાખ છે. અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સિનિયર વકીલ પાસે તાલીમ આપવાની યોજના હેઠળ કાયદાના સ્નાતકોને તાલીમ લેવા માટે પ્રથમ વર્ષે માસિક ₹ ૧૦૦૦/-,બીજા વર્ષે માસિક ₹ ૮૦૦/-

લેખે અને ત્રીજા વર્ષે માસિક ₹ ૬૦૦/-લેખે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે અને તાલીમ આપનાર સિનિયર વકીલને માસિક ₹ ૫૦૦/-આપવામાં આવે છે.અનુ.જાતિના જે ઇસમો બેંક મારફતે આ યોજના હેઠળ લોન ₹ ૧૦ લાખ સુધીની મેળવે તેઓશ્રીને ૪ ટકા થી ઉપરનું વ્યાજ મુજબની વ્યાતજ રાહત ૩ વર્ષ સુધી આપવામાં આવે છે.

(૨૩) મેડીકલ તેમજ આયુર્વેદ અભ્યાસક્રમમાં સ્નાતક થયેલા અનુસૂચિત જાતિના ઉમેદવારોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ₹ ૨૫,૦૦૦/- સબસીડી અને ₹ ૨,૫૦,૦૦૦/- ૪ ટકા વ્યાજે લોન આપવાની યોજના અમલમાં છે. તદ્ઉપરાંત એમ.એસ.-એમ.ડી./ ડોકટરોને કલીનીક શરૂ કરવા માટે માર્જીન મની લોન ૪ ટકાના દરે આપવામાં આવે છે તેમાં ₹ ૫૦,૦૦૦/-સહાય અને ₹ ૩,૦૦,૦૦૦/ લોન વાર્ષિક ૪ ટકાના દરે આપવામાં આવે છે.

(૨૫) ૧૨ અતિ પછાત જાતિઓના વિકાસ માટે ગાંધીનગર ખાતે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે.

(૨૬) સફાઇ કામદારોના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૧૯૯૪-૯૫થી ગુજરાત સફાઇ કામદાર વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ છે. જે વર્ષ ૨૦૦૨-૨૦૦૩ થી સફાઈ કામદાર વિકાસ બોર્ડને કોર્પોરેશનમાં ફેરવવામાં આવેલ છે..

(૨૭) અનુ.જાતિના નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ, દુકાન ખરીદવા માટે બેંકેબલ લોન અને ₹ ૧૫,૦૦૦/ની સહાય આપવાની યોજના અમલમાં છે.આ યોજના નગર પંચાયત વિસ્તારમાં પણ લાગુ પાડવામાં આવેલ છે. અનુ.જાતિના જે ઇસમો બેંક મારફતે આ યોજના હેઠળ ₹ ૧૦ લાખ સુધીની લોન મેળવે તેઓને ૪ ટકા થી ઉપરનું જે બેંકબલ વ્યા.જ ચુકવવાનું થાય તેમાં ૩ વર્ષ સુધી રાહત આપવામાં આવે છે.

(૨૮) મફત તબીબી સહાયની યોજનામાં અનુ.જાતિનાં લોકોને ટી.બી. માટે માસિક ₹ ૫૦૦/-દર્દ મટે ત્યાં સુધી અને કેન્સર માટે ₹ ૧૦૦૦/-માસિક રોગ મટે ત્યાં સુધી આપવામાં આવે છે. રકતપિત્ત માટે ₹ ૮૦૦/-માસિક રોગ મટે ત્યાં સુધી, પ્રસુતિ માટે ₹ ૫૦૦/-એચ.આઈ.વી રોગ માટે ₹ ૫૦૦/-અને પાંડુરોગ માટે ₹ ૧૫૦/-કેસ દીઠ આપવામાં આવે છે.વાર્ષિક આવકનું ધોરણ ૬.૦૦/- લાખ છે. હાલ આ યોજના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરને તબદીલ કરવામાં આવેલ છે.

(૨૯) (૧) ગાંધીનગર (૨) મહેસાણા (૩) પાલનપુર (૪) જામનગર (૫) પાટણ (૬) પોરબંદર (૭) સુરેન્દ્ર નગર (૮) જુનાગઢ (૯) ભાવનગર (૧૦) અમરેલી (૧૧) રાજકોટ (૧૨) અમદાવાદ (૧૩) કચ્છ (૧૪) વલસાડ (૧૫) હિંમતનગર (૧૬) આણંદ (૧૭) ભરૂચ (૧૮) નવસારી (૧૯) રાજપીપળા (નર્મદા) (૨૦) આહવા (ડાંગ) (૨૧) ગોધરા જિ.પંચહામલ (૨૨) નડીયાદ ખેડા (૨૩) દાહોદ (૨૪) વ્યારા જિ. તાપી કુલ- ૨૪ જિલ્લાઓમાં ડૉ. આંબેડકર ભવન કાર્યરત છે. જેમાં મ્યુઝીયમ, લાયબ્રેરી, ઓપનએર થિયેટર, સેવાસદનમાં બાંધકામો પૂર્ણ કરીને લોકાર્પણ કરવામાં આવેલ છે.

(૩૦) ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અનુસૂચિત જાતિના ઇસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધવા માટે (ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં) ₹ ૧.૨૦ લાખની મકાન સહાય આપવામાં આવે છે. ઉપરાંત, મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની બિનકુશળ રોજગારીના ₹ ૨૧૫૧૦/- તેમજ સ્વચ્છ ભારત મિશન હેઠળ ટોયલેટ બ્લોક માટે ₹ ૧૨,૦૦૦/- સહાય એમ મળી કુલ ₹ ૧,૫૩,૫૧૦/- સહાય આપવામાં આવે છે.

(૩૧) અનુસુચિત જાતિ અને સવર્ણ હિન્દુ વચ્ચે ડૉ. સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન માટે વર્ષ-૨૦૨૨/૨૩ માં સુધારો કરી ₹ ૧,૦૦,૦૦૦/ના રાષ્ટ્રીય બચતપત્રો અને ₹ ૧,૫૦,,૦૦૦/ ઘરવખરી ખરીદવા કુલ ₹ ૨,૫૦,૦૦૦/ની સહાય આપવામાં આવે છે.

(૩૨) અનુસૂચિત જાતિની પુખ્તવયની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ ₹ ૧૨,૦૦૦/- સહાય આપવામાં છે.

(૩૩) સાતફેરા સમૂહ લગ્ન યોજના અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગરૂપે સમૂહલગ્નમાં જોડાય તે હેતુસર સમૂહ લગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલને યુગલદીઠ ₹ ૧૨,૦૦૦/-થી સહાય તથા સંસ્થાને યુગલદીઠ ચુકવવામાં આવતા ₹ ૩૦૦૦/- પ્રમાણે વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/- આપવામાં આવે છે.

(૩૪) સામાજિક બહિષ્કાર કે કુદરતી આફતના સમયમાં અનુસૂચિત જાતિની વ્યક્તિઓને મદદરૂપ થવા રોજના ₹ ૧૫ લેખે

કુટુંબની દરેક વ્યક્તિને છ માસ સુધી અથવા તો બહિષ્કારનો સમય પૂરો થાય ત્યાં સુધી બંને માંથી જે ઓછું હોય તેટલા સમય માટે સહાય આપવામાં આવે છે. તેમજ ઢોર દીઠ દૈનિક ₹ ૬/-લેખે ઘાસચારા માટે સહાય આપવામાં આવે છે.

(૩૫) અસ્પૃશ્યતા નિવારણ માટે ત્રણ એકમ (અમદાવાદ, રાજકોટ અને વડોદરા) અને ૩૩ સઘન ઘટકો કાર્યરત છે. અનુસૂચિત જાતિના ઈસમો પર થતા અત્યાચારના નિવારણ હેતુ અત્યાચાર અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે અત્યાચારોનો ભોગ બનતી વ્યક્તિઓ તથા કેસના સાક્ષીઓના ગુન્હાની ન્યાયિક કાર્યવાહી દરમિયાન ઉપસ્થિત રહેવા માટે પ્રવાસ ભથ્થું અને નિર્વાહ ભથ્થું ₹ ૨૦૦/- પ્રત્યેક દિવસ માટે ચુકવવાની જોગવાઇ છે.

(૩૬) અનુસૂચિત જાતિ ઉપર અત્યાચારના પ્રસંગે મૃત્યુવેળાએ ₹ ૮.૨૫ લાખની સહાય આપવામાં આવે છે. ૧૦૦ ટકા અશક્તતા હોય તો પણ ₹ ૮.૨૫ લાખની સહાય આપવામાં આવે છે. ૫૧ થી ૯૯ ટકા અશક્તતા હોય ₹ ૪.૫૦ લાખ અને ૫૦ ટકા કરતા ઓછી અશક્તતા હોય તો ₹ ૨.૫૦ લાખ સહાય આપવામાં આવે છે. એવી જ રીતે શારીરિક ઈજા-નુકશાનની સહાયમાં ₹ ૧.૦૦ લાખ અને બળાત્કારના કિસ્સામાં ₹ ૫.૦૦ લાખ સહાય આપવામાં આવે છે.

(૩૭) સફાઈ કામદારો માટે જુથ વીમા યોજના ગુજરાત સફાઈ કામદાર નિગમ મારફતે અમલમાં છે.

(૩૮) અસ્પૃશ્યતા નિવારણની દિશામાં કાયદો અને સમજાવટથી બંન્ને રીતે કામગીરી થાય છે. અસ્પૃશ્યતા નિવારણ માટે નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫ અને ૧૯૮૯ના અસરકારક અમલ માટે એક ખાસ સેલની રચના કરવામાં આવી છે .જેમાં અનુસૂચિત જાતિના લોકો ઉપર થતા અત્યાચારના કેસોમાં નાણાંકીય સહાય આપવાની યોજના અમલમાં છે.

(૩૯) સ્ટેટ કન્ટીજન્સી પ્લાન હેઠળ અત્યાચારના બનાવોમાં જુદા-જુદા પ્રકારોની રાહતો આપવામાં આવે છે.

(૪૦) અનુસૂચિત જાતિના કુટુંબોમાં વ્યક્તિના મરણ પ્રસંગે મરણોત્તરની અંતિમ ક્રિયા કરવા માટે ₹ ૫,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૪૧) અનુસૂચિત જાતિઓ માટે જાગૃતા કેન્દ્રો નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ ૧૯૫૫નાં ધારાનો અસરકારક અમલ થાય તે માટે ૨૫ જિલ્લાઓમાં માન્ય બીન સરકારી સંસ્થાઓને ₹ ૧૫,૦૦૦/-સુધી અનુદાન આપવામાં આવે છે.

(૪૨) અનુસૂચિત જાતિના યુવાનોને કર્મકાંડની તાલીમ વેકેશન દરમ્યાન ગાયત્રી શક્તિપીઠના સહયોગથી ગાંધીનગર, વડોદરા અને રાજકોટ ખાતે તાલિમવર્ગો ચલાવવામાં આવે છે.

(૪૩) અનુસૂચિત જાતિના ધો.૧૨ પાસ થઇ આગળ અભ્યાસ તેને વિદ્યાર્થીઓને ટેબ્લેણટની રકમ રીએમ્બર્સ કરી આપવામાં આવે છે.

(૪૪) ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહ પાસ કરી મેડીકલ એન્જીનીયરીંગ, પોલીટેકનીક, ગુજકેટ, જી સેટ, પીએમટી અને સ્લેટ અને નેટની પરીક્ષાની પૂર્વતૈયારી માટે, તેમજ સ્ટાફ સિલેકશન કમિશન ,UPSC, LIC, IIM, NIFT ,BANK, રેલ્વે તેમજ કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીદીઠ ₹ ૨૦,૦૦૦ના ખર્ચે કોચીંગ પુરૂ પાડવાની યોજના દાખલ થયેલ છે.

(૪૫) અનુસૂચિત જાતિના જે વિદ્યાર્થીઓ UPSC પાસ કરે તો પ્રિલીમનરી પરીક્ષાની તૈયારી માટે ₹ ૨૫,૦૦૦ અને મેઇન પરીક્ષા માટે ₹ ૨૫,૦૦૦ તથા અનુસૂચિત જાતિની કન્યામઓ હોય તો ₹ ૩૦,૦૦૦ અને મેઇન પરીક્ષા માટે ₹ ૩૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આખરી પસંદગી થયે યુવકોને ₹ ૫૧,૦૦૦ અને યુવતીઓને ₹ ૬૧,૦૦૦ આપવામાં આવે છે. આ યોજનાનો અમલ સ્પીપા મારફતે અમલ કરવામાં આવે છે.

(૪૬) ટેલેન્ટ પુલ યોજના હેઠળ અનુ.જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવાની યોજના અમલમાં છે.

(૪૭) ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર જગ્યા ઉભી કરવાની યોજના અમલમાં છે.

**અનુસૂચિત જાતિ કલ્યાણ અંગે સને ૨૦૨૨-૨૩માં સિધ્ધ થયેલ અને ૨૦૨૩-૨૪માં સિધ્ધ થનાર તથા ૨૦૨૪-૨૫ માટે નિયત કરેલ ભૌતિક લક્ષ્યાંકોની વિગતો નીચે પ્રમાણે છે.**

| ક્રમાંક | યોજનાનું નામ | સિધ્ધ થયેલ ભૌતિક લક્ષ્યાંકો ૨૦૨૨-૨૩ | ભોતિક લક્ષ્યાંકો ૨૦૨૩-૨૪ સુચિત | ભૌતિક લક્ષ્યાંકો ૨૦૨૪-૨૫ સૂચિત |
|---|---|---|---|---|
| | **શિક્ષણ** | | | |
| (૧) | રાજ્ય પુરસ્કૃત પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ (લાભ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા) | ૨૦૫૭૩૪ | ૧૯૫૪૦૦ | ૧૯૫૪૦૦ |
| (૨) | કેંદ્ર પુરસ્કૃત પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિઓ (લાભ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા) | ૨૦૭૯૪૩ | ૨૫૬૩૦૦ | ૨૨૦૦૦૦ |
| (૩) | રાજ્ય તથા કેંદ્ર પુરસ્કૃત પોષ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિઓ (લાભ મેળવનાર વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા) | ૧૫૨૬૮૧ | ૧૫૪૦૦૦ | ૧૪૮૫૦૦ |
| (૪) | ત્રણ જોડી ગણવેશ સહાય આપવાની યોજના (લાભ મેળવનારની સંખ્યા) | ૩૩૭૦૧૫ | ૩૭૫૦૦૦ | ૩૪૫૦૦૦ |
| (૫) | છાત્રાલયો (ગ્રાન્ટ-ઈન-એઈડ) | ૫૭૭ | ૫૭૭ | ૫૬૮ |
| (૬) | ધો. ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ ભેટ (સરસ્વતી સાધના યોજના) (લાભ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા) | ૧૫૭૩૧ | ૧૭૦૦૦ | ૧૬૦૦૦ |
| (૭) | સરકારી છાત્રાલયો | ૮૦ | ૭૮ | ૭૮ |
| (૮) | આદર્શ નિવાસી શાળાઓ | ૨૮ | ૨૪ | ૨૪ |
| (૯) | આશ્રમશાળા (ગ્રાન્ટ-ઈન-એઈડ) | ૮૭ | ૮૬ | ૮૫ |
| | **આર્થિક ઉત્કર્ષ** | | | |
| (૧૦) | માનવ ગરીમા યોજના ગૃહ ઉધ્યોગ ધંધા માટે નાણાંકીય સહાય (લાભ મેળવનાર લાભાર્થીઓ સંખ્યા) | ૧૬૯૦૩ | ૧૮૦૦૦ | ૧૮૦૦૦ |
| (૧૧) | મેડીકલ તથા કાયદાનાં સ્નાતકોને નાણાંકીય સહાય (લાભ મેળવનાર વ્યક્તિઓની સંખ્યા) | ૨૪૪ | ૨૧૫ | ૨૧૫ |
| (૧૨) | નાના વ્યવસાયકારોને દુકાન ખરીદવા લોનસહાય. | ૬ | ૧૦ | ૧૦ |
| | **આરોગ્ય ગૃહનિર્માણ અને અન્ય યોજનાઓ** | | | |
| (૧૩) | મફત તબીબી સહાય (લાભ મેળવનાર વ્યક્તિઓની સંખ્યા) | ૪૦૦૦ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| (૧૪) | ડૉ. આંબેડકર આવાસ યોજના વ્યક્તિગત મકાન સહાય (લાભ મેળવનાર લાભાર્થીઓ સંખ્યા ) | ૧૫૩૩૭ | ૧૫૮૫૮ | ૧૫૯૭૦ |
| (૧૫) | ડૉ. સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્નનોને પ્રોત્સાહન (લાભ મેળવનાર લાભાર્થીઓ સંખ્યા) | ૧૧૭૦ | ૮૦૦ | ૮૦૦ |
| (૧૬) | વાલ્મિકી સફાઇ કામદારો માટે મકાન સહાય | ૨૨૮૨ | ૨૩૮૨ | ૨૩૭૫ |
| (૧૭) | કુંવરબાઈના મામેરાની યોજના (લાભ મેળવનાર લાભાર્થીઓ સંખ્યા) | ૧૧૧૫૦ | ૧૨૫૦૦ | ૧૦૮૩૩ |
| (૧૮) | સાત ફેરા સમૂહ લગ્ન | ૪૫૦ | ૬૦૦ | ૬૫૦ |

## ભાગ-૪

# નાણાંકીય જરૂરિયાતની સમજૂતિ

### ૧.વહીવટ અને નિર્દેશઃ

આ કાર્યક્રમને મહેસુલ અને મૂડી હેઠળ આવરી લઇને વર્ષ ૨૦૨૪-૨૫ માટે ₹ ૫૨૬૯.૦૦ લાખની નિર્દેશ અને વહીવટ માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

આ અંદાજપત્રમાં ખાસ કરીને અધિકારીઓના પગાર, મહેકમ, મોંઘવારી ભથ્થાં, મુસાફરી ભથ્થાં, કચેરી ખર્ચ, રેન્ટ અને ટેકસ ,જાહેરાતો ,બિનસરકારી સભ્યોનાં ભથ્થાં, અનુસૂચિત જાતિ માટે કરવામાં આવતી પ્રવૃત્તિમાં રોકાયેલ પ્રચારકો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ-ઈન-એઈડ વગેરે ખર્ચનો સમાવેશ થાય છે.

**નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં મહેકમ નીચે મુજબ છે.**

**મહેકમ**

| ક્રમ | મહેકમની સમીક્ષા | ૦૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ (સંખ્યા) |
|---|---|---|
| ૧. | રાજ્ય પત્રિત મહેકમ | ૧૩૦ |
| ૨. | બિન રાજ્ય પત્રિત મહેકમ | ૧૫૯૭ |
| | **કુલઃ-** | **૧૭૨૭** |

**મહેસુલ અને મૂડી અને કેંદ્ર પુરસ્કૃત યોજનાઓ**

**-: શિક્ષણ :-**

❖ **શિષ્યવૃત્તિ અને પૂર્વ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનોઃ-**

- અનુસૂચિત જાતિના ધો. ૧ થી ૮ કુમાર / કન્યા ₹ ૭૫૦/- વાર્ષિક, ધો. ૯ થી ૧૦ કુમાર / કન્યા ₹ ૧૦૦૦/-વાર્ષિક, ધો. ૬ થી ૧૦ની કન્યા (વિદ્યાર્થીનીઓને) ₹ ૧૦૦૦/- વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- ધો-૯ની કન્યાઓને સાયકલ આપવામાં આવે છે.
- ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ત્રણ જોડી ગણવેશ માટે ₹ ૯૦૦/- આપવામાં આવે છે.
- અનુસૂચિત જાતિઓ પૈકી સૌથી વધારે પછાત એવા વાલ્મિકી, હાડી, સેનવા, નાડીયા, તૂરી, ગરો,વણકર સાધુ,અનુ. જાતિના દલિત બાવા, તુરી-બારોટ, તીરગર-તીરબંદા, થોરી, માતંગના ધોરણ ધો-૧ થી ૮ ₹ ૧૦૦૦/- અને ધો.૯ થી ૧૦ માં ₹ ૧૫૦૦/-વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. .
- ટેલેન્ટ પુલ યોજના - તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવાની યોજના અમલમાં છે.

  વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના હેઠળ ₹ ૪૮૮૯.૦૭ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૬૧૬૮.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ ₹ ૫૭૧૮.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

❖ **અતિપછાત માટે શિષ્યવૃત્તિ અને પૂર્વ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનોઃ-**

- સ્વચ્છતાના વ્યવસાય સાથે જોડાયેલા વ્યક્તિઓના બાળકોને પ્રિ.મેટ્રીક સ્કોલરશીપ આપવાની કેન્દ્ર સરકારશ્રીની યોજના હેઠળ ધો.૧થી૧૦માં ડે સ્કોલરને ₹ ૩૫૦૦ અને હોસ્ટેલરને ₹ ૭૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ઉપરાંત હોસ્ટેલરને એડહોક ₹ ૧૦૦૦ વાર્ષિક આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના હેઠળ ₹ ૨૮૬૯.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૨૮૮૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ ₹ ૨૩૮૧.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

❖ **ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ ધો-. ૯ અને ૧૦.**

- ધોરણ ૯ થી ૧૦ના અનુ.જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની શિષ્યવૃત્તિમાં,વિદ્યાર્થી આગલા ધોરણમાં પાસ હોવા જોઈએ. વાર્ષિક આવક મર્યાદા ₹ ૨.૫૦ લાખ છે. શિષ્યૂવૃતિનો દર ડેસ્કોલરને માસિક ₹ ૩૫૦૦/- અને હોસ્ટેલર ₹ ૭૦૦૦/- લેખે વાર્ષિક આપવામાં આવે છે,જયારે એડહોક ગ્રાન્ટ (વાર્ષિક) ડેસ્કોલલરને ₹ ૧૦૦૦/- આપવામાં આવે છે.

  વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજના હેઠળ ₹ ૯૫૬.૧૪ લાખનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૭૨૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ ₹ ૭૦૧.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

❖ **ભારત સરકારની પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ**

- અનુ.જાતિનાં વિદ્યાર્થીઓ કે જેમણે છેલ્લી પરીક્ષા પાસ કરી હોય અને જેમના કુટુંબીજનોની વાર્ષિક આવક ₹ ૨.૫૦ લાખ કરતા વધારે ન હોય તેવા વિદ્યાર્થીઓને પોસ્ટ એસ.એસ.સી. સ્કોલરશીપમાં વાર્ષિક ₹ ૨૫૦૦/-થી ₹ ૧૩૫૦૦/- સુધી જુદા-જુદા ગ્રૃપ પ્રમાણે આપવામાં આવે છે.

  આ યોજના હેઠળ ૨૦૨૨-૨૩ માં ₹ ૨૭૪૪૭.૮૯ લાખના ખર્ચ સામે સને ૨૦૨૩-૨૪ ના વર્ષમાં ₹ ૨૦૦૪૫.૦૦ લાખની જોગવાઇ છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ₹ ૨૧૦૦૧.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

❖ **સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય / શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના:-**

- હાલ રાજ્યમાં સ્વૈચ્છિક ગ્રાન્ટ ઇન એઇડથી ચાલતી અનુસૂચિત જાતિની ૫૬૮ હોસ્ટેલો છે. આ છાત્રાલયો માધ્યમિક શિક્ષણ મળતું હોય તેવા વિસ્તારોમાં આવેલ છે. આ છાત્રાલયોમાં જરૂરિયાતમંદ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા હોય માધ્યમિક શિક્ષણની સગવડ ન હોય તેવા છાત્રોને દાખલ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ દરમિયાન વિદ્યાર્થી દીઠ ૧૦ માસ માટે, માસિક ₹ ૨૧૬૦ લેખે નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે.તેમજ મકાન-ભાડા, ગૃહપતિના પગાર ,રસોઇયા, બિલ્ડીંગ રીપેરીંગ ખર્ચ વગેરે માટે પણ ગ્રાન્ટ આપવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે હોસ્ટેલો ચલાવે છે. તેઓને હોસ્ટેલોના મકાન બાંધકામ માટે કુલ ખર્ચના ૯૦ ટકા લેખે ૪.૦૦ લાખની મર્યાદાને ધ્યાનમાં લઈને ગ્રાન્ટ આપવામાં આવે છે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજ્યમાં અનુસુચિત જાતિઓ માટે ૮૬ આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી દીઠ નિભાવ ₹ ૨૧૬૦ લેખે આપવામાં આવે છે.

  વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૮૮૩૯.૩૬ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૧૦૨૯૯.૦૮ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫ માં ₹ ૧૦૬૮૩.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

❖ **સરકારી છાત્રાલયો/મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા :-**

- કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં કુલ ૭૮ સરકારી છાત્રાલયો છે. આ યોજના હેઠળ આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને રહેવાની-જમવાની તેમજ અન્ય સગવડતાઓ જેવી કે પુસ્તકાલય, રમત-ગમત તેમજ દવાઓની સુવિધાઓ આપવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા માટે અને તેઓ શૈક્ષણિક તેજસ્વીતા પ્રાપ્ત કરે તે માટે રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓ માટે નિવાસી શાળાઓ શરૂ કરેલ છે. હાલમાં ૨૪ નિવાસી શાળાઓ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૫૯૨૯.૩૬ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૭૧૦૯.૮૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫ માં ₹ ૭૦૦૫.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

❖ **પોસ્ટ મેટ્રિક શિક્ષણ માટે પ્રોત્સાહનો. (ભોજન બિલ, સાધન સહાય )**

- પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિને પાત્ર હોય અને કોલેજ માન્ય છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ફુડબીલ સહાય માસિક ₹ ૧૫૦૦/- લેખે ૧૦ માસ માટે સહાય આપવામાં આવે છે.
- મેડીકલ, એન્જીનીયરીંગ, ડીપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રથમ વર્ષે જ (એકવખત) મેડીકલના વિદ્યાર્થીઓને ₹ ૧૦,૦૦૦/-, એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ₹ ૮૦૦૦/- અને ડીપ્લોમાના વિદ્યાર્થીઓને

₹ ૩૦૦૦/- અભ્યાસ માટે જરૂરી સાધનો ખરીદવાની સહાય આપવાની યોજના અમલમાં છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૧૨૮૪.૩૬ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૧૩૬૫.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫ માં ₹ ૧૬૮૫.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ❖ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ડૉ.આંબેડકર લોન :-

- અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમની સવલત દેશમાં ઉપલબ્ધ નથી તેવા પોસ્ટ ગ્રેજયુએટ કે રીસર્ચ જેવા અભ્યાસ માટે વિદેશમાં જઇ અભ્યાસ કરવાના હેતુસર ₹ ૧૫.૦૦ લાખ સુધીની લોન ૪ ટકા વ્યાજ દરે આપવાની યોજના છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૯૦૦૦.૦૦ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૧૭૦૦૦.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૯૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ❖ પાયલોટની તાલીમ માટે લોન

- ₹ ૨૫.૦૦ લાખ ની લોન ૪ % વ્યાજ દરે આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૭૫.૦૦ લાખનો ખર્ચ કરી વિદ્યાર્થીઓને લાભ અપાયો છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. તેની સામે ૨૦૨૪-૨૫ માં ₹ ૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

**-: આર્થિક ઉત્કર્ષ :-**

## ❖ રોજગારી અને આવકના સ્ત્રોત ઉભા કરવા આર્થિક ઉત્થાન યોજના:-

- નાના સ્વરોજગારીમાં રોકાયેલા ઈસમો જેવા કે શાકભાજી વાળા, હાથલારી વાળા, ફેરીયાઓ, જૂના વાસણો કપડાં વેચવાવાળા વગેરેને રોજગારી માટે માનવગરીમા યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને ધંધા/વ્યોવસાયના સાધનો આપવામાં આવે છે.
- કાયદાના ધંધામાં સ્થાયી થવા માટે કાયદા સ્નાતકોને ₹ ૫૦૦૦/- સહાય અને ₹ ૭૦૦૦/- વ્યાજ મુકત લોન આપવામાં આવે છે. તથા તબીબી સ્નાતકોને ₹ ૨૫,૦૦૦/ સહાય અને ₹ ૨,૦૦,૦૦૦/- લોન આપવામાં આવે છે.
- સફાઇ કામદારોને માથે મેલું ઉપાડવાની પ્રથા નાબુદ કરવાના અભિગમ રૂપે આ લોકોને બીજા ધંધામાં પુનઃસ્થાપન કરવા માટે પ્લાન યોજના અમલમાં છે. સફાઈ કામદારોને તેમના અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ આપવા માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર (સેનેટરીમાર્ટ) યોજના શરૂ કરવામાં આવેલ છે.
- ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઇ કામદારના પુનઃસ્થા્પન માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં નાણાંકીય મદદ કરવા માટે ૨૦૨૨-૨૩ માં ₹ ૧૫૦૦.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૪ માં ₹ ૨૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. ૨૦૨૪-૨૫ માં ₹ ૨૨૧૪.૦૦ લાખની જોગવાઇ કરી છે.

## ❖ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ.

- આ નિગમ સંપૂર્ણ રીતે રાજ્ય સરકાર દ્વારા ચાલે છે. જેનું ધ્યેય અનુ.જાતિઓની વ્યક્તિઓને બેન્કેબલ યોજનાઓ હેઠળ લોન-સહાય આપી ગરીબી રેખાથી ઉપર લાવી તેમનું જીવન-ધોરણ ઉચું લાવવાનું છે. આ નિગમને સને ૧૯૭૯ થી સન ૧૯૫૬ના ભારતીય કંપની ધારા હેઠળ નોંધીને સ્વાયત્ત સંસ્થા બનાવવામાં આવી છે. જેમાં રાજ્ય સરકારનો ફાળો ૫૧ ટકા છે. તેની સામે કેન્દ્ર સરકારનો ફાળો ૪૯ ટકા છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માં ₹ ૫૦૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૭૯૪.૩૧ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઈ કરેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૬૬૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ઉપરાંત લોન ધિરાણ માટે પણ જોગવાઇ કરવામાં આવે છે.

## -: આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ :-

### ❖ આરોગ્ય તબીબી યોજના:

- આ યોજના હેઠળ ટી.બી. જેવા ગંભીર કેસ માટે માસિક ₹ ૫૦૦/-દર્દ મટે ત્યાં સુધી અને કેન્સર જેવા જીવલેણ રોગ માટે ₹ ૧૦૦૦/- દર મહિને દર્દ મટે ત્યાં સુધી આપવામાં આવે છે. રકતપિત્ત માટે માસિક ₹ ૮૦૦/-દર્દ મટે ત્યાં સુધી, પ્રસુતિના કેસોમાં ₹ ૫૦૦/-કેસ દીઠ આપવામાં આવે છે. આ યોજનાનો અમલ હાલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૪૦૦.૦૦ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૪૦૦.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૪૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

### ❖ ડૉ.આંબેડકર આવાસ યોજના સહાય:

- અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ કુટુંબોને કે જેઓ પાસે રહેવા લાયક ઘર/મકાન ન હોય,પોતાનું જર્જરિત મકાન ધરાવતા હોય, પોતાનો ખુલ્લો પ્લોટ હોય તેવા ઇસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધવા માટે શહેરી વિસ્તારમાં ₹ ૧,૨૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર મા ૧,૨૦,૦૦૦/- સહાય ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારમાં મનરેગા યોજના હેઠળ ૯૦ દિવસની બિનકુશળ રોજગારીના ₹ ૨૧૫૧૦/- તેમજ સ્વચ્છ ભારત મિશન હેઠળ ટોયલેટ બ્લોક માટે ₹ ૧૨,૦૦૦/- સહાય એમ મળી કુલ ₹ ૧,૫૩,૫૧૦/- સહાય આપવામાં આવે છે. આ યોજનામા વાર્ષિક આવક મર્યાદા ₹ ૬.૦૦/- લાખ છે. અતિપછાત જાતિ માટે આવક મર્યાદા નથી.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૭૫૯૬.૯૦ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માં ₹ ૮૫૩૦.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫ માં ₹ ૮૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

### ❖ સામાજિક અને સશક્તિકરણ. (કુંવરબાઈના મામેરૂ,માઇ રમાબાઇ સાત ફેરા સમૂહ લગ્ન,સમાજ શિક્ષણ શિબીરો, આઈ.ઈ.સી)

- અનુસુચિત જાતિ અને સવર્ણ હિન્દુ વચ્ચે ડૉ. સવિતા આંબેડકર આંતર જ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતર જ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન માટે ₹ ૧,૦૦,૦૦૦/ના રાષ્ટ્રીય બચતપત્રો અને ₹ ૧,૫૦,૦૦૦/- ઘર વખરી ખરીદવા કુલ ₹ ૨,૫૦,૦૦૦/ની સહાય આપવામાં આવશે. વાર્ષિક આવક મર્યાદા નથી.
- અનુસૂચિત જાતિની કુટુંબની બે કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ ₹ ૧૨,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. આ યોજનામા વાર્ષિક આવક મર્યાદા ₹ ૬.૦૦/- લાખ છે.
- અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગરૂપે સમૂહલગ્નમાં જોડાય તે હેતુસર સમૂહ લગ્નમાં જોડાનાર પ્રત્યેક યુગલને યુગલ દીઠ ₹ ૧૨,૦૦૦/-ની સહાય તથા સમુહ લગ્નોનું આયોજન કરનાર સંસ્થાને યુગલદીઠ ₹ ૩૦૦૦/-ની સહાય વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦/- આપવાનું ઠરાવેલ છે.
- માહિતી, શિક્ષણ અને પ્રચાર/પ્રસાર (આઇ.ઇ.સી) યોજનાઓની માહિતી અને પ્રચારના હેતુ માટે ખાસ જોગવાઇ કરવામાં આવી છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૩૦૩૯.૭૮ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૪૪૫૦.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૪૩૧૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

### ❖ અંત્યેષ્ટી માટે સહાય (સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય) :-

- અનુસૂચિત જાતિનાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા કુટુંબોમાં મરણ પ્રસંગે અંતિમક્રિયા કરવા માટે કેટલીક વાર નાણાં ધિરનાર પાસેથી નાણાં લેવાના પ્રસંગ ઉપસ્થિત થતા હોય છે. આથી આવા ગરીબ કુટુંબોને સહાયરૂપ થવા માટે આવા પ્રસંગે ₹ ૫૦૦૦/- સહાય આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૪૬૮.૪૫ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૭૦૦.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૫૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ❖ નાગરીક એકમ :-

- અસ્પૃશ્યતા નિવારણની દિશામાં કાયદો અને સમજાવટ બંને રીતે કામગીરી થાય છે. અસ્પૃશ્યતાના ગુના માટે નાગરીક હકક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ અમલમાં છે. જયારે પ્રચાર અને સમજાવટ માટે કાર્ય શિબિરો, વર્કશોપ સાધુ સંત સંમેલનો, અસ્પૃશ્યતા નિવારણ સપ્તાહની ઉજવણી, પોસ્ટરો, પુસ્તિકા વગેરે દ્વારા લોકમાનસ ઘડવામાં આવે છે. નાગરીક હકક રક્ષણ અધિનિયમ ૧૯૫૫ તથા અનુસુચિત જાતિઓ અને જનજાતિઓ પર થતા અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ના અસરકારક અમલ માટે સમાજ કલ્યાણ ખાતામાં એક ખાસ સેલની રચના કરવામાં આવી છે. વિભાગીય કક્ષાએ ત્રણ તકેદારી એકમો અમદાવાદ, વડોદરા અને રાજકોટ ખાતે કાર્યરત છે. ૨૬ અસ્પૃશ્યતા નિવારણ સઘન ઘટકોમાં ૨૬ મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી ફરજ બજાવે છે.

**અનુસૂચિત જાતિઓ પર થતા અત્યાચારના બનાવોમાં નીચે મુજબ આર્થિક સહાય ગુનાના પ્રકાર અને કલમો મુજબ પાત્રતાના આધારે આપવામાં આવે છે.**

| ક્રમ | વિગત | | સહાય |
|---|---|---|---|
| ૧ | ખૂન/મૃત્યુ | કમાઉ/ બિન કમાઉ | ₹ ૮.૨૫ લાખ |
| ૨ | કાયમી અશકતતા | ૧૦૦ ટકા અશકતા | ₹ ૮.૨૫ લાખ |
| | | ૫૧-૯૯ ટકા અશકતા ઓછી | ₹ ૪.૫૦ લાખ |
| | | ૫૦ ટકાથી ઓછી અશકતા | ₹ ૨.૫૦ લાખ |
| ૩ | ગેંગરેપ | | ₹ ૮.૨૫ લાખ |
| ૪ | બળાત્કાર | | ₹ ૫.૦૦ લાખ |
| ૫ | ઈજા | | ₹ ૧.૦૦ લાખ |

વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૨૭૪૫.૫૨ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૪૪૨૯.૯૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫ માં ₹ ૪૬૫૧.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ❖ અત્યાચાર ભોગ બનેલ માટે પુનર્વસન આકસ્મિક યોજના:-

- નાગરીક હકકરક્ષણ અધિનિયમ ,૧૯૫૫ અને અનુસુચિત જાતિ, જન જાતિ પરના અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ના અસરકારક અમલ માટે અને અસરગ્રસ્તોને સમયસર નાણાંકીય સહાય નુકશાનના પ્રમાણમાં મળી શકે તે માટે રાજ્ય સરકારે કન્ટીજન્સી પ્લાન તૈયાર કરેલ છે.

  આ યોજના માટે કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ સહાય મેળવવામાં આવે છે. આયોજનામાં અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાએથી ,જિલ્લા, તાલુકા કક્ષા સુધી વહીવટી તંત્રને સંગીન કરવામાં આવશે.

- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૬૦.૦૦ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૬૬.૦૦ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૭૨.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## ❖ ડૉ.આંબેડકર ભવન

- ભારતના બંધારણના ઘડવૈયા અને ''ભારતરત્ન'' ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૨૪ જિલ્લાઓમાં ભવનોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

- વર્ષ ૨૦૨૨-૨૩માં ₹ ૩૯૫.૬૦ લાખનો ખર્ચ કરેલ છે. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૧૨૨૪.૧૩ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૨૪-૨૫માં ₹ ૪૫૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

**સને ૨૦૨૪-૨૫ની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની મંજુર આવેલ નવી બાબતોની યાદી**

| ક્રમ | ૨૦૨૪-૨૫ માં સૂચિત ફેરફાર | નાણાંકિય જરૂરિયાત (₹ લાખમાં) |
|---|---|---|
| 1. | અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ૦૩ નિગમોને લોન ધિરાણ બાબત | ૫૦૦૦.૦૦ |
| 2. | ગટર ગુંગળામણથી મૃત્યુ પામેલ સફાઇ કામદારના આશ્રિત બાળકોને શિષ્યવૃત્તિ આપવા બાબત | ૧૪.૦૦ |
| 3. | સમરસ કુમાર/કન્યા છાત્રાલય, મોડાસા તથા સમરસ કુમાર છાત્રાલય ગાંધીનગરના સંચાલન માટે મહેકમ તથા નિભાવ ખર્ચ મંજુર કરવા બાબત | ૬૦.૦૦ |
| 4. | સમરસ છાત્રાલય સોસાયટી, ગાંધીનગર ખાતે મહેકમ મંજુર કરવા બાબત | ૬.૦૦ |
| 5. | જિલ્લા નાયબ નિયામકશ્રી, અ.જા.ક, જિ. છોટાઉદેપુર તથા રાજકોટની કચેરીના આધુનિકરણ કરવા બાબત | ૪૭.૦૦ |
| 6. | ગ્રાન્ટ ઈન એડ છાત્રાલયોમાં ૭૫૦ વિદ્યાર્થીઓનો સંખ્યા વધારો કરવા બાબત | ૧૬૨.૦૦ |
| 7. | સુરેંદ્રનગર, કોડિનાર જિ.ગીર સોમનાથ, ૩. બારડોલી જિ.સુરત તથા બાલાસિનોર જિ.મહીસાગર ખાતે સમરસ કન્યા છાત્રાલયો બાંધવા બાબત, | ૨૨૩૦.૦૦ |
| 8. | મોડાસા, જિ-અરવલ્લી તથા પાલનપુર જિ. બનાસકાંઠા ખાતે આદર્શ નિવાસી શાળા (કન્યા) ના મકાન બાંધકામ બાબત | ૯૬૦.૦૦ |
| 9. | મોડાસા, જિ-અરવલ્લી, વેરાવળ જિ-ગીર સોમનાથ, વઢવાણ જિ-સુરેન્દ્રનગર, સેક્ટર-૮, ગાંધીનગર તથા વડોદરા(રિનોવેશન) ખાતે સરકારી કન્યા છાત્રાલયોના બાંધકામ બાબત પ્રાધ્યોગિકી | ૧૮૪૮.૦૦ |
| | **કુલ રકમ** | **૧૦૩૨૭.૦૦** |

# નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ

# નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ

## ભાગ -૧

**પરિચયઃ-**

ભારતના લોકકલ્યાણના હેતુલક્ષી બંધારણે તેના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અને જોગવાઈઓમાં નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની અને સમાજના નબળા વર્ગોના વિકાસ માટે ખાસ માવજતની ગોઠવણ કરી છે. તેને અનુલક્ષીને પછાતવર્ગો, સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં આવે તે માટે રાજ્યે પંચવર્ષીય યોજનાઓ દ્વારા અનેકવિધ પ્રયાસો હાથ ધરેલ છે. આ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

આ વર્ગોમાં શિક્ષણનો ફેલાવો થતાં રાજ્યની અન્ય નોકરીમાં તેમના માટે નિયત કરેલ ટકાવારી મુજબ ભરતી થતાં તેમનામાં આત્મવિશ્વાસ આવતો જાય છે. પછાત વર્ગોના સર્વાંગી વિકાસ માટે તેઓની આર્થિક નબળાઇ દૂર કરવી તે એક મહત્વની બંધારણીય જવાબદારી છે. ગ્રામ્ય ક્ષેત્રમાં પછાતવર્ગોની વસ્તીનો ઘણો મોટો સમુદાય ખેતમજૂરી ઉપર નભે છે. આથી તેઓનો આર્થિક ઉત્કર્ષ અને રહેઠાણો માટેના પુનઃનિર્માણ કરવાનું હાથ ધરેલ છે.

**વસ્તી :-** સામાજિક શૈક્ષણિક પછાતવર્ગમાં કુલ ૧૪૬ જાતિઓનો સમાવેશ થયેલ છે. જે કુલ વસ્તીના આશરે ૫૨ ટકા જેટલી થાય છે.

**બક્ષી કમીશન :-** ૧૯૭૨ના ઓગસ્ટ માસમાં સરકારશ્રીએ શ્રી એ.આર.બક્ષીના અધ્યક્ષપદ હેઠળ ગુજરાત હાઇકોર્ટના નિવૃત ન્યાયાધીશના ઉચ્ચકક્ષાના કમીશનની નિમણૂક કરી હતી. આ કમિશને ૭૮ જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવા ભલામણ કરી છે અને તે મુજબ આ ભલામણોનો તા. ૧-૪-૭૮ થી અમલ કરવામાં આવેલ છે. હાલમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની કુલ ૧૪૬ જાતિઓ માન્ય છે.

**લઘુમતીઓ :-** ગુજરાત રાજ્યમાં લઘુમતીઓ માટે ઉચ્ચકક્ષાની સલાહકાર સમિતિ નીમવામાં આવેલ હતી ત્યારબાદ આ અંગે અસરકારક પગલા લેવા નવેમ્બર, ૧૯૭૯માં લઘુમતી બોર્ડની રચના કરવામાં આવી છે અને જેનું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમમાં રૂપાંતર કરવામાં આવેલ છે. લઘુમતી કલ્યાણ માટે અલગ યોજનાઓ હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૧) ધાર્મિક લઘુમતીઓઃ મુસલમાન, ખ્રિસ્તી, બૌધ્ધ, પારસી, શીખ અને જૈન.

(૨) ભાષાકીય લઘુમતીઃ ઉર્દૂ, મરાઠી અને સિંધી.

નવા આયોજન વ્યુહમાં સામાજિક ન્યાયની ઉચ્ચ અગ્રતા જોતા તમામ પછાતવર્ગોના વિકાસ અને કલ્યાણ માટે વધુ ધ્યાન આપવાની જરુરીયાત વધુ અગત્યની બનેલી છે. સામાજિક સમાજ રચનાના નવ ઘડતરમાં પછાતવર્ગોના કલ્યાણ માટે દુર્લક્ષ સેવી શકાય નહી. સમાજના ભદ્ર વર્ગમાં ઘર કરી બેઠેલી અસ્પૃશ્યતા અને ગરીબાઇમાં તેમજ અજ્ઞાનતામાં સબડતા પછાતવર્ગમાંથી આ બન્ને દુષણોને દુર કરવા માટે તેમજ પછાતવર્ગના સર્વાંગી વિકાસ માટેના કાર્યક્રમોને અગ્રીમતા આપવામાં આવી છે.

**પછાતવર્ગ કલ્યાણ યોજના મુખ્ય ચાર વિભાગોમાં વહેંચવામાં આવેલ છે.**

૧. શિક્ષણ ૨. આર્થિક ઉત્કર્ષ ૩. આરોગ્ય, ગૃહનિર્માણ અને અન્ય યોજનાઓ ૪. વહિવટ અને નિર્દેશન

**વિભાગવાર પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.**

**(૧) શિક્ષણઃ-**

૧. શિક્ષણ ફી, પરિક્ષા ફી અને પ્રિ.એસ.એસ.સી અને પોસ્ટ એસ. એસ. સી. શિષ્યવૃત્તિ

૨. પછાતવર્ગના છાત્રાલયોને ગ્રાન્ટ ઇન એઇડ તથા સરકારી છાત્રાલયો.

૩. પ્રાથમિક શાળાના બાળકોને મફત ત્રણ જોડ ગણવેશ સહાય, સરકારી કોલેજમાં તબીબી અને ઇજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે બુક બેન્ક, શિક્ષણની તકો પુરી પાડવા ખાસ પ્રોત્સાહક યોજના.

૪. મેડીકલ અને એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને મેડીકલ અને એન્જીનીયરીંગના સાધનો ખરીદવા નાણાંકીય સહાય.

૫. ધોરણ ૧૦ની પરીક્ષામાં, ધોરણ ૧૨ની પરીક્ષામાં દરેક પ્રવાહમાં પ્રથમ ક્રમમાં આવનારને ઈનામી યોજના.

૬. આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ. સરકારી છાત્રાલયો,

૭. ધોરણ ૯માં ભણતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની અને આર્થિક પછાતવર્ગોની કન્યાઓને સાયકલ સહાય આપવાની યોજના.

૮. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન.

૯. એમ.ફીલ અને પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને ફેલોશીપ.

૧૦. સ્વનિર્ભર કોલેજમાં વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.

૧૧. ધો. ૧૨માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબલેટ.

૧૨. ખ્યાતનામ સ્કૂલોમાં વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.

૧૩. અતિ પછાત, વધુ પછાત જાતિ અને વિચરતી-વિમુક્ત જાતિના ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન માટે સહાય.

૧૪. ધો. ૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને નીટ, જી, ગુજકેટની પ્રારંભિક પરીક્ષાની તૈયારી માટે કોચીંગ માટે પ્રોત્સાહક સહાય.

**(૨) આર્થિક ઉત્કર્ષ:-**

૧. નાના પાયાના ઉદ્યોગો, સ્વરોજગાર, વાંસકામ અને વંશપરંપરાગત ધંધા માટે સહાય.

૨. આઇ. એ. એસ., આઇ.પી.એસ, સી.એ., આઇ.સી. ડબલ્યુની તાલીમ માટે સ્ટાઈપેન્ડ, પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર

૩. સામાજિક શૈક્ષણિક પછાતવર્ગ માટે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ તથા લઘુમતીઓ માટે લઘુમતી નિગમને નાણાંકીય સહાય.

**(૩) આરોગ્ય, ગૃહ નિર્માણ અને અન્ય:**

૧. વ્યક્તિગત રીતે મકાન સહાય

૨. સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગની કન્યાના લગ્ન પ્રસંગ મામેરા માટે નાણાકીય સહાય

૩. સાતફેરા સમુહ લગ્ન પ્રસંગે નાણાકીય સહાય

૪. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિકાસને લગતી પ્રવૃત્તિઓ કરતી વ્યક્તિઓને ₹ ૧.૦૦ લાખનો પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ અને વિકાસને લગતી પ્રવૃત્તિઓ કરતી સ્વૈચ્છીક સંસ્થાને ₹ ૧.૦૦ લાખનો નાલંદા એવોર્ડ

**(૪) નિર્દેશ અને વહીવટ:-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક પછાતવર્ગો, લઘુમતિઓ અને વિચરતી-વિમુક્ત જાતિઓનું કલ્યાણ અને તેઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજીક વિકાસ માટેની પ્રવૃત્તિઓ વધારવી વિગેરે હેતુઓ બર લાવવા માટે રાજ્યમાં વિકસતી જાતિ કલ્યાણ ખાતું કામ કરી રહ્યું છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુક્ત જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટેની યોજનાઓના અમલ માટે ખાતાના વડા, નિયામકશ્રીની કચેરીમાં સંયુક્ત નિયામકશ્રી, નાયબ નિયામકશ્રીઓ, સમાજકલ્યાણ અધિકારીઓ વગેરે કામ કરે છે. જ્યારે જીલ્લા કક્ષાએ દરેક જીલ્લામાં ૧ નાયબ નિયામકશ્રી અથવા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીઓ કામ કરી રહ્યા છે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ લઘુમતિ કલ્યાણનું પણ કામ કરે છે.

# સમગ્ર કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ

**નાણાંકીય :-**

પછાતવર્ગ કલ્યાણ અંગે શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને ગૃહ નિર્માણ તેમજ નિર્દેશ અને વહીવટ અંતર્ગત ૨૦૨૨-૨૦૨૩માં થયેલ ખર્ચ અને ૨૦૨૩-૨૦૨૪માં અને વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં કરેલ જોગવાઇની વિગત નીચે પ્રમાણે છે. આ યોજનામાં પ્લાન, નોન-પ્લાન અને કેન્દ્ર પુરુસ્કૃત યોજનાની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**(₹ લાખમાં)**

| ખર્ચ<br>૨૦૨૨-૨૦૨૩ | જોગવાઇ<br>૨૦૨૩-૨૦૨૪ | જોગવાઇ<br>૨૦૨૪-૨૦૨૫ |
|---|---|---|
| ૨૨૪૧૩૩.૬૮ | ૨૫૯૯૪૮.૭૪ | ૨૯૨૮૮૧.૫૦ |

**રાજ્ય સરકાર દ્વારા પછાતવર્ગના ઉત્કર્ષ માટે લેવાયેલા કેટલાંક અગત્યના પગલાંની વિગત નીચે પ્રમાણે છે.**

૧. પ્રિ.એસ.એસ.સી. અભ્યાસક્રમ માટે ધોરણ ૧ થી ૧૦માં ₹ ૭૫૦/ થી ₹ ૧૦૦૦/ સુધીની વાર્ષિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૨. પ્રાથમિક શિક્ષણ સુધીની શૈક્ષણિક સવલતો અંગેની આવકની મર્યાદા રદ કરવામાં કરવામાં આવી છે.

૩. સહાયક અનુદાન મેળવતાં છાત્રાલય અને આશ્રમશાળાઓના બાળકોને માસિક ₹ ૨૧૬૦/ નિભાવ ભથ્થું આપવામાં આવેલ છે. મકાન બાંધકામ માટે ₹ ૪.૦૦ લાખ સુધી સહાય આપવામાં આવે છે.

૪. સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ માટે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, લઘુમતીઓ માટે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ અને રબારી ભરવાડ જાતિઓ માટે ગોપાલક વિકાસ નિગમની અને ઠાકોર અને કોળી જાતિઓ માટે ઠાકોર અને કોળી વિકાસ નિગમની તેમજ વિચરતી-વિમુક્ત જાતિઓ ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમ તેમજ બિન અનામત વર્ગો માટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવી છે.

૫. પોસ્ટ એસ.એસ.સી અભ્યાસક્રમમાં અપાતી શિષ્યવૃત્તિના દરોમાં તેમજ શિષ્યવૃત્તિ માટેની આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. કન્યાઓ માટે આવક મર્યાદા અને બીજી શરતો હળવી કરવામાં આવેલ છે.

૬. મેડીકલ, એન્જિનીયરીંગમાં ભણતા વિકસતી જાતિનાં વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૫૦૦/- ભોજનબીલ રાહત આપવામાં આવે છે .

૭. પીએમ યશસ્વી પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તેમજ વિચરતી-વિમુક્ત જાતિઓના વિદ્યાર્થીઓને ધો. ૯ થી ૧૦માં વાર્ષિક ₹ ૪૦૦૦/- અને પોસ્ટ એસએસસીના અભ્યાસક્રમો માટે ₹ ૫૦૦૦/- થી ₹ ૨૦,૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૮. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે ૩૩ નિવાસી શાળા શરૂ કરવામાં આવેલ છે.

૯. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમના લાભો આપવા આવક મર્યાદા ₹ ૬.૦૦ લાખ વાર્ષિક કરવામાં આવી છે.

**(બ) કન્યાઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના લાભ આવકની મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવે છે.**

૧૦ સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ જાહેર થયેલ જાતિઓના તમામ બાળકોને તેમજ લઘુમતિ કોમોના ધોરણ ૧ થી ૮માં ભણતા બાળકો માટે ₹ ૯૦૦/- ની ગણવેશ સહાય આપવાની યોજના અમલમાં છે.

૧૧ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના છાત્રાલયો અને આશ્રમશાળાની માન્ય સંખ્યાના ૨૫% સુધી પ્રવેશ માટે જગ્યાઓ અનામત રાખવા ઠરાવેલ છે.

૧૨. માનવ ગરીમા યોજના જેમાં સ્વરોજગારમાં રોકાયેલ પછાતવર્ગના લાભાર્થીઓને સાધન સહાય આપવામાં આવે છે.

૧૩. સિવણવર્ગના સ્ટાઈપેન્ડના માસિક ₹ ૨૫૦/- આપવામાં આવે છે. તેમજ ₹ ૬,૦૦૦/- ની મર્યાદામા સિલાઇ મશીન ખરીદવા સહાય આપવામાં આવે છે.

૧૪. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જાતિઓને વ્યક્તિગત ધોરણે મકાન માટે ₹ ૧.૨૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. આવી યોજનાઓનો લાભ સમાન દરે આર્થિક રીતે પછાત વર્ગોને આપવા જરૂરી જોગવાઇ કરેલ છે..

૧૫. વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષામાં પ્રથમ ૧ થી ૩ ક્રમમાં પાસ થનારને ₹ ૩૧,૦૦૦/- થી ₹ ૧૧,૦૦૦/- સુધી ઇનામ આપવાની યોજના અમલમાં છે.

૧૬. સ્વનિર્ભર કોલેજમાં વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને પોષ્ટ એસએસસીના અભ્યાસક્રમો માટે ₹ ૫૦,૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૧૭. સામાજિક અને શૈક્ષણિક તેમજ આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓને લગ્ન પ્રસંગે સરકારશ્રી તરફથી કુંવરબાઇના મામેરાની યોજના હેઠળ ₹ ૧૨,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના સમુહલગ્નમાં જોડાનાર યુગલને યુગલદીઠ ₹ ૧૨,૦૦૦/- અને લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ ₹ ૩,૦૦૦/- સહાય આપવામાં આવે છે.

૧૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિકાસ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરતી વ્યક્તિઓને ₹ ૧.૦૦ લાખનો પૂજ્ય રવિશંકર મહારાજ એવોર્ડ આપવામાં આવે છે.

૨૦. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને વિકાસ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને ₹ ૧.૦૦ લાખનો નાલંદા એવોર્ડ આપવામાં આવે છે.

૨૧. ધો. ૧૨માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ટેબલેટ સહાય આપવામાં આવે છે.

૨૨. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને વિકાસ માટે કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને ₹ ૧.૦૦ લાખનો નાલંદા એવોર્ડ આપવામાં આવે છે.

૨૩. ધો. ૧૨માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ટેબલેટ સહાય આપવામાં આવે છે.

૨૪. ખ્યાતનામ સ્કૂલોમાં વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

૨૫. ધો. ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ટયુશન માટે સહાય આપવામાં આવે છે.

**પછાતવર્ગ કલ્યાણ અંગે થયેલ કામગીરી અંગે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં સિદ્ધ કરેલ તથા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ અને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે નિયત કરેલ ભૌતિક લક્ષ્યાંકોની વિગત નીચે પ્રમાણે છે.**

| ક્રમ | યોજનાનું નામ | સિધ્ધ થયેલ ભૌતિક લક્ષ્યાંક ૨૦૨૨-૨૦૨૩ | (સુચિત ભૌતિક લક્ષ્યાંકો ) | |
|---|---|---|---|---|
| | | | ૨૦૨૩-૨૦૨૪ | ૨૦૨૪-૨૦૨૫ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું કલ્યાણઃ** | | | |
| ૧ | પરીક્ષા ફી પ્રિ.એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૨૨,૨૪,૧૪૬ | ૧૯,૨૫,૦૦૦ | ૧૯,૫૦,૦૦૦ |
| ૨ | ધંધાકીય અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૩૫૬૯ | ૧૨,૫૦૦ | ૬૨૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | પીએમ યશસ્વી યોજના પ્રિ. મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૫,૭૫,૭૫૬ | ૯,૭૫,૦૦૦ | ૯,૭૫,૦૦૦ |
| ૪ | મફત ગણવેશ યોજના | ૨૨,૧૧,૦૭૧ | ૨૦,૫૦,૦૦૦ | ૨૧,૬૬,૦૦૦ |
| ૫ | નવા છાત્રાલયો | ૭૭૦ છાત્રાલયનો નિભાવ | ૭૪૫ છાત્રાલયનો નિભાવ | ૭૭૦ છાત્રાલયનો નિભાવ |
| ૬ | વ્યક્તિગત મકાન સહાય | ૧૦,૫૮૭ | ૯,૫૦૦ | ૧૧૦૦૦ |
| ૭ | પૂર્વ પરિક્ષા તાલીમ કેન્દ્ર | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ |
| ૮ | મહિલા સિવણ વર્ગો | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ | જુનાનો નિભાવ |
| ૯ | નાના ઉદ્યોગ ધંધા | ૫૭૬૯ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ |
| ૧૦ | મામેરા માટે સહાય | ૪૨,૪૩૧ | ૨૫,૦૦૦ | ૩૫,૦૦૦ |
| **૨** | **આર્થિક રીતે પછાતવર્ગોનું કલ્યાણ** | | | |
| ૧ | પરીક્ષા ફી પ્રી એસ.એસ.સી અભ્યાસ ક્રમમાં શિષ્યવૃત્તિ | ૫,૫૪,૦૮૮ | ૫,૨૫,૦૦૦ | ૫,૩૫,૦૦૦ |
| ૨ | ધંધાકીય અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ | ૭૦૮ | ૩૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | ગૃહ ઉદ્યોગ ધંધાં માટે સહાય | ૩૬૨ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | મફત કપડાની યોજના | ૫,૪૮,૭૩૨ | ૪,૨૦,૦૦૦ | ૪,૫૫,૦૦૦ |
| ૫ | મામેરા માટે સહાય | ૧૭,૧૬૧ | ૭૫૦૦ | ૧૫૮૦૦ |
| **૩** | **લઘુમતિઓનું કલ્યાણઃ** | | | |
| ૧ | પરિક્ષા ફી પ્રી એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૩,૨૯,૨૯૯ | ૪,૦૦,૦૦૦ | ૪,૨૫,૦૦૦ |
| ૨ | ધંધાકીય અભ્યાસક્રમોમાં શિષ્યવૃત્તિ | ૭૫ | ૧૦૦૦ | ૬૨૫ |
| ૩ | ગૃહ ઉદ્યોગ ધંધા માટે સહાય | ૨૬૨ | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | મફત ગણવેશ યોજના | ૩,૨૬,૫૫૭ | ૩,૭૫,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |
| **૪** | **વિચરતી વિમુક્ત જાતિનું કલ્યાણઃ** | | | |
| ૧ | પ્રી એસ.એસ.સી. અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ | ૫,૦૦,૬૯૯ | ૫,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૨ | મફત ગણવેશ | ૪,૯૯,૬૮૦ | ૪,૭૫,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૩ | સ્વરોજગારી માટે સહાય | ૨૨૮ | ૬૦૦ | ૬૦૦ |
| ૪ | મકાન સહાય | ૨૪૬૨ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | સ્વનિર્ભર કોલેજમાં શિષ્યવૃત્તિ | ૫૫૬૪ | ૫૦૦૦ | ૫૦૦૦ |

# ભાગ - ૪

# નાણાંકીય જરૂરિયાતની સમજુતી

## ૧. નિર્દેશ અને વહીવટઃ-

આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ₹ ૫૨૭૬.૫૦ લાખની નિર્દેશ અને વહીવટ માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

આ સદરે ખાસ કરીને અધિકારીઓના પગાર, મહેકમ, મોંઘવારી ભથ્થા, કચેરી ખર્ચ,રેન્ટ અને ટેક્ષ, જાહેરાતો, બીન સરકારી સભ્યોના ભથ્થા, પછાતવર્ગના ઉત્કર્ષ માટે કરવામાં આવતી પ્રવૃત્તિમાં રોકાયેલ પ્રચારકો માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન વગેરેનો સમાવેશ થાય છે.

**મહેકમ**

| ક્રમ | મહેકમની સંખ્યા | ૧-૧૦-૨૦૨૩ની સ્થિતિએ. |
|---|---|---|
| ૧ | રાજ્યપત્રિત મહેકમ | ૧૦૩ |
| ૨ | બિનરાજ્યપત્રિત મહેકમ | ૧૫૦૨ |
| | **કુલ** | **૧૬૦૫** |

**શૈક્ષણિક યોજનાઓ**

### ૧. અન્ય પછાત વર્ગો, લઘુમતીઓ અને વિચરતી-વિમુક્ત જાતિના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન :

- ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતી તેમજ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી ૮માં સરકારી શાળામાં ₹ ૭૫૦/- અને ધોરણ ૯ થી ૧૦માં ₹ ૧૦૦૦/- અને કન્યાઓને ધોરણ ૧ થી ૫ માં વાર્ષિક ₹ ૭૫૦/- અને ધોરણ ૬ થી ૧૦માં વાર્ષિક ₹ ૧૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક પછાતવર્ગ, લઘુમતી તેમજ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા હોય તેઓને વાર્ષિક ₹ ૯૦૦/- ની ગણવેશ સહાય આપવામાં આવે છે.
- ધોરણ ૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાત વર્ગની કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૬૮૧૭૦.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૬૮૮૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫ ₹ ૭૦૨૬૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૨. અન્ય પછાત વર્ગોના પોસ્ટ એસ.એસ.સી પછીના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન :-

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કન્યાષઓ અને અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી પછીના તબીબી, ઈજનેરી વગેરે ડીગ્રી અને ડીપ્લોમા અભ્યાસક્રમો માટે ભારત સરકાર દ્વારા નકકી કરવામાં આવેલ જૂથ A થી E માટે ₹ ૫૦૦૦/- થી ₹ ૧૫૦૦/- ના વાર્ષિક દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી વિમુક્ત જાતિઓના વિદ્યાર્થીઓને આઇ.ટી.આઇ ના અભ્યાગસક્રમો માટે માસિક ₹ ૪૦૦/- સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે.
- મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને માસિક ₹ ૧૫૦૦/- ભોજનબીલ રાહત આપવામાં આવે છે.
- મેડીકલ અને એન્જીનીયરીંગના સાધનો ખરીદવા ₹ ૩૦૦૦/- થી ₹ ૧૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે.

❖ એમ.ફીલ ના અભ્યાજસક્રમ માટે માસિક ₹ ૨૫૦૦/- અને પીએચડી માટે માસિક ₹ ૧,૦૦,૦૦૦/- વૃત્તિકા આપવામાં આવે છે.

❖ વિચરતી-વિમુક્ત જાતિના સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ ફી, ટ્યુશન ફી, રજીસ્ટ્રેશન ફી તેમજ શિષ્યવૃત્તિ માટે ₹ ૫૦,૦૦૦/- સુધીની સહાય આપવામાં આવે છે

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૫૧૩૫.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૪૯૩૭.૯૯ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૫૩૯૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૩. પીએમ યશસ્વી યોજના:-

❖ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી વિમુક્ત જાતિઓના ધો. ૯ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૪૦૦૦ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી વિમુક્ત જાતિઓના વિદ્યાર્થીઓને એસ.એસ.સી પછીના તબીબી, ઈજનેરી વગેરે ડીગ્રી અને ડીપ્લોમા અભ્યાસક્રમો માટે ભારત સરકાર ધ્વારા નકકી કરવામાં આવેલ જૂથ A થી E માટે ₹ ૨૦,૦૦૦/- થી ₹ ૫૦૦૦/- ના વાર્ષિક દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૫૬૧૫૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૫૪૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૪. ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અને અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમ શાળાઓ) :-

❖ રાજ્યમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને વિચરતી વિમુક્ત જાતિઓના માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ૭૭૧ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા અને જમવાની સવલત આપવામાં આવે છે.

❖ રાજ્યમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગો અને વિચરતી વિમુક્ત જાતિઓના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ૧૮૭ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ (આશ્રમ શાળા) ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા, જમવા અને ભણવાની સવલત આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૨૧૯૨૪.૫૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.૨૦૨૩-૨૦૨૪માં ₹ ૨૨૯૯૫.૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૨૫૪૯૪.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૫. સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ :-

❖ ધોરણ ૧૧-૧૨ અને મેડિકલ એન્જિનીયરીંગ તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં કુલ ૬૮ છાત્રાલયો ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યો રહેવા અને જમવાની સવલત આપવામાં આવે છે.

❖ ધો.૯ થી ૧૨ ના અભ્યાસક્રમો માટે રાજ્યમાં ૩૩ આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યો રહેવા, જમવા અને ભણવાની સવલત આપવામાં આવે છે.

❖ રાજ્યમાં પોસ્ટ એસએસસીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૨૦ સમરસ છાત્રાલયો ચાલે છે. જેમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા અને જમવાની સવલત આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૬૦૪૨.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૭૪૧૫.૬૧ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૭૭૦૯.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## આર્થિક ઉત્કર્ષની યોજનાઓ

### ૬. સ્વ રોજગારી માટે નાણાકીય સહાય :-

- ❖ સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતિ તથા વિચરતી-વિમુક્ત જાતિના લોકોને માનવ ગરિમા યોજના અંતર્ગત સ્વરોજગારી માટે વિના મુલ્યે સાધન સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૩૦૭૦.૩૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૩૪૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૭. કૌશલ્ય વર્ધક વિકાસ તાલીમ :-

- ❖ ધો.૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને નીટ, જી, ગુજકેટની પ્રારંભિક પરીક્ષાની તેયારી માટે કોચીંગ માટે ₹ ૨૦,૦૦૦/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.
- ❖ ધો.૧૦ માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને આઇઆઇએમ, સેપ્ટટ, એનએલયુની પ્રારંભિક પરીક્ષાની તેયારી માટે કોચીંગ માટે ₹ ૨૦,૦૦૦/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.
- ❖ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિની બહેનોને શિવણની તાલીમ માટે માસિક ₹ ૨૫૦ વિચરતી-વિમુક્ત જાતિની બહેનોને માસિક ₹ ૩૫૦/- સ્ટાઇપેન્ડ અને સિલાઇ મશીન ખરીદવા ₹ ૬૦૦૦/- સહાય આપવામાં આવે છે.
- ❖ વિકસતી જાતિના ઉમેદવારો આઇ.એ.એસ/ આઇ.પી.એસ.ની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે તેમને ₹ ૧,૦૦૦/ સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. જ્યારે પુસ્તક ખરીદવા ₹ ૫૦૦/ની સહાય એક જ વખત આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૧૨૯૭.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૧૪૧૨.૭૪ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૩૨૪૬.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## આરોગ્ય ગૃહ નિર્માણ અને અન્ય યોજનાઓ

### ૮. પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, આર્થિક પછાતવર્ગ અને વિચરતી-વિમુક્ત જાતિની વ્યક્તિઓને મકાન બાંધવા ₹ ૧,૨૦,૦૦૦/ સુધીની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ વર્ષ વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૧૫૩૨૭.૩૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૧૪૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૧૬૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

### ૯. સામાજિક ઉત્થાન અને વિકાસ માટે નાણાકીય સહાય :-

- ❖ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગની કન્યાને લગ્નપ્રસંગે મામેરાના ખર્ચને પહોંચી વળવા માટે ₹ ૧૨,૦૦૦/ નાણાંકીય સહાય આપવામાં આવે છે.
- ❖ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકો સામાજિક સુધારાના ભાગ રૂપે સમુહ લગ્નમાં જોડાય તેને પ્રોત્સાહન આપવાના હેતુસર સમુહ લગ્નમાં જોડાયેલ પ્રત્યેક યુગલને યુગલ દીઠ ₹ ૧૨,૦૦૦/ની સહાય આપવામાં આવે છે. લગ્નત આયોજક સંસ્થાને યુગલદીઠ ₹ ૩૦૦૦/- વુધમાં વધુ ૨૫ યુગલો માટે ₹ ૭૫,૦૦૦/- આપવામાં આવે છે.
- ❖ સામાજિક પરિવર્તન માટે અને ખાતાની યોજનાનો પ્રચાર અને જાણકારી માટે સામાજિક શિબીર યોજવાનું નક્કી કરેલ છે. જેનો ખર્ચ એક કેમ્પ દીઠ ₹ ૫૦૦૦/ અંદાજવામાં આવેલ છે

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૭૪૪૫.૮૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં

₹ ૪૭૧૭.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૬૮૧૭.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**૧૦. સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગોના મુકરર કરેલ તાલુકાઓ માટે ખાસ યોજના:-**

વર્ષ ૧૯૮૯-૯૦થી ખાસ પ્લાન હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ઘનિષ્ઠ અને નોંધપાત્ર વસ્તી ધરાવતા ૧૩૫ તાલુકાઓમાં વ્યક્તિલક્ષી અને લાભાર્થીલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાઓ જિલ્લા આયોજન મંડળ, દ્વારા હાથ ધરવામાં આવે છે. આ તાલુકાઓમાં પાયાની અને માળખાકીય સવલતો જેવી કે પીવાનું પાણી, એપ્રોચરોડ, વિજળીકરણ, આશ્રમશાળાઓ, છાત્રાલયો, શિક્ષણ, આરોગ્ય પેટા કેન્દ્રો જેવી સવલતો પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૬૭૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૬૭૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૬૭૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

**૧૧. શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે લોન :-**

- ❖ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક પછાતવર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ. અભ્યાનસ માટે ₹ ૧૫.૦૦ લાખની ૪ ટકા વ્યાજના દરે લોન આપવામાં આવે છે.
- ❖ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે ₹ ૨૫.૦૦ લાખની ૪ ટકા વ્યાજના દરે લોન આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ₹ ૨૯૭૮.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩-૨૦૨૪માં ₹ ૩૫૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે ૨૦૨૪-૨૦૨૫માં ₹ ૬૩૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

## સને ૨૦૨૪-૨૦૨૫માં મંજુર થયેલ નવી બાબતની યાદી

### (નિયામક, વિકસતી જાતિ કલ્યાણ)

| ક્રમ | નવી બાબત | જાતિ | રકમ (₹ લાખમાં) |
|---|---|---|---|
| ૧ | હયાત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં ૨૦૦૦ વિદ્યાર્થીનો સંખ્યા વધારો | સાશૈપવ | ૪૩૨.૦૦ |
| ૨ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં (આશ્રમ શાળા) દ્દ્ઠા શિક્ષકની નવી જગ્યા ઉભી કરવા | સાશૈપવ | ૫૩૪.૦૦ |
| ૩ | વિચરતી-વિમુક્ત જાતિઓ માટેની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં (આશ્રમ શાળા) દ્દ્ઠા શિક્ષકની નવી જગ્યા ઉભી કરવા | વિચ.વિમુ.જાતિ | ૫૦.૦૦ |
| ૪ | મોડાસા અને ગાંધીનગર ખાતે શરૂ થનાર સમરસ છાત્રાલયના વિદ્યાર્થીઓના ભોજન અને અન્ય ખર્ચ માટે | સાશૈપવ | ૨૨૦.૦૦ |
| ૫ | ગાંધીનગર ખાતે શરૂ થનાર સમરસ છાત્રાલયનું મહેકમ મંજુર કરવા બાબત | સાશૈપવ | ૧૫.00 |
| ૬ | ૫૯ સરકારી છાત્રાલયોમાં આઉટસોર્સીંગથી માસિક પગાર ₹ ૧૫૦૦૦/- મુજબ વોર્ડનની ૫૯ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવશે. | સાશૈપવ | ૧૦૬.૦૦ |
| ૭ | ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં આઉટસોર્સીંગથી માસિક પગાર ₹ ૧૫૦૦૦/-મુજબ વોર્ડનની ૩૩ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવશે | સાશૈપવ | ૬૦.૦૦ |
| ૮ | બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ | | ૫૦૦૦૦.૦૦ |

| ક્રમ | નવી બાબત | જાતિ | રકમ (₹ લાખમાં) |
|---|---|---|---|
| ૯ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન | સાશૈપવ | ૨૦૦૦૦.૦૦ |
| ૧૦ | બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમમાં નાયબ નિયામક (વર્ગ-૧) ની ૨, હિસાબી અધિકારી (વર્ગ-૧) ની ૧, સમાજ કલ્યાણ અધિકારીની ૨, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની ૩, સમાજ કલ્યાણ નિરીક્ષકની ૫, સીનીયર કલાર્કની ૨, તેમજ જુનિયર કલાર્કની ૩ નવી જગ્યા ઉભી કરવામાં આવશે. | | ૧૦૪.૦૦ |
| ૧૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમની યોજનાઓના અમલીકરણ માટે ૩૨ જિલ્લાઓમાં જિલ્લાદીઠ ૧ સમાજ કલ્યાણ અધિકારી, ૨ સમાજ કલ્યાણ નિરીક્ષક, ૨ જુનિયર કલાર્ક તેમજ આઉટ સોર્સીંગથી ૨ પટ્ટાવાળાની નવી જગ્યા ઉભી કરવા | સાશૈપવ | ૮૭૩.૦૦ |
| ૧૨ | લઘુમતી કલ્યાણની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ લઘુમતી સેલની રચના કરવા બાબત ૨ સમાજ કલ્યાણ અધિકારીની નવી જગ્યા ઉભી કરવા | સાશૈપવ | ૧૭.૦૦ |
| ૧૩ | ગુજરાત વિચરતી-વિમુક્ત જાતિ વિકાસ નિગમમાં હિસાબી અધિકારી વર્ગ-૨ની નવી જગ્યા ઉભી કરવા બાબત | વિચ.વિમુ.જાતિ | ૮.૦૦ |
| ૧૪ | બિન અનામત વર્ગો માટેના આયોગની કચેરીમાં સમાજ કલ્યાણ અધિકારીની નવી જગ્યા ઉભી કરવા | | ૮.૦૦ |
| ૧૫ | અન્ય પછાત વર્ગો માટેના પંચના સચિવશ્રી માટે નવુ વાહન ખરીદવા | સાશૈપવ | ૧૪.૦૦ |
| ૧૬ | પંચમહાલ અને પાટણની જિલ્લા કચેરીનું રીનોવેશન | સાશૈપવ | ૩૬.૦૦ |
| ૧૭ | નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનું રીનોવેશન | સાશૈપવ | ૫૧.૦૦ |
| ૧૮ | ભાવનગર ખાતે કોલેજ કક્ષાના સરકારી કુમાર છાત્રાલયનું બાંધકામ | સાશૈપવ | ૩૧૦.૦૦ |
| ૧૯ | ભાવનગર ખાતે સરકારી કન્યા છાત્રાલયનું બાંધકામ | સાશૈપવ | ૨૬૧.૦૦ |
| ૨૦ | જુનાગઢ ખાતે સરકારી કુમાર છાત્રાલયના પ્રથમ માળનું બાંધકામ તેમજ ગ્રાઉન્ડ ફલોરનું મરામત | સાશૈપવ | ૧૦૦.૦૦ |
| ૨૧ | જુનાગઢ ખાતેની કન્યા આદર્શ નિવાસી શાળા માટે મકાનનું બાંધકામ | સાશૈપવ | ૬૫૪.૦૦ |
| | | **કુલ** | **૭૩૮૪૭.૦૦** |

## પત્રક - ક

## કાર્યક્રમ અને પ્રવૃત્તિનું વર્ગીકરણ

## નાણાકીય જરૂરિયાત

**માંગણી નં - ૯૨, મુખ્ય સદર : અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીનું કલ્યાણ**

(₹ લાખમાં)

| ક્રમાંક | ગૌણ સદર | ૨૦૨૨-૨૩નો હિસાબ | | ૨૦૨૩-૨૪ની જોગવાઈ | | ૨૦૨૩-૨૪ની સુધારેલ જોગવાઈ | | ૨૦૨૪-૨૫ બજેટ જોગવાઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મૂડી | મહેસૂલી | મૂડી | મહેસૂલી | મૂડી | મહેસૂલી | ચાલુ બાબતો + સ્થાયી ખર્ચ | નવી બાબત | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૦૦૧ નિર્દેશ અને વહીવટ | ૦.૦૦ | ૨૪૭૦.૦૪ | ૦.૦૦ | ૩૬૨૫.૯૬ | ૦.૦૦ | ૩૦૩૯.૮૧ | ૪૨૯૧.૫૦ | ૯૮૫.૦૦ | ૫૨૭૬.૫૦ |
| ૨ | ૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિનું કલ્યાણ | ૦.૦૦ | ૧૩૯૬૩.૧૭ | ૦.૦૦ | ૧૨૫૭૨.૫૦ | ૦.૦૦ | ૧૫૬૯૯.૦૦ | ૧૩૯૧૨.૦૦ | ૫૮.૦૦ | ૧૩૯૭૦.૦૦ |
| ૩ | ૧૦૨ આર્થિક વિકાસ | ૦.૦૦ | ૨૧૨૨.૮૮ | ૦.૦૦ | ૪૮૮૫.૭૪ | ૦.૦૦ | ૫૯૫૪.૦૦ | ૭૦૪૯.૦૦ | ૦.૦૦ | ૭૦૪૯.૦૦ |
| ૪ | ૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાકીય સહાય | ૦.૦૦ | ૭૭૮.૭૮ | ૦.૦૦ | ૮૪૫.૦૦ | ૦.૦૦ | ૬૧૦.૦૦ | ૧૦૭૧૪.૦૦ | ૧૦૪.૦૦ | ૧૦૮૧૮.૦૦ |
| ૫ | ૨૭૭ શિક્ષણ | ૦.૦૦ | ૧૧૫૪૧૩.૩૮ | ૦.૦૦ | ૧૫૦૦૫૩.૮૫ | ૦.૦૦ | ૧૭૫૩૪૬.૨૦ | ૧૫૦૩૪૩.૦૦ | ૧૩૬૭.૦૦ | ૧૫૧૭૧૦.૦૦ |
| ૬ | ૨૮૨ આરોગ્ય | ૦.૦૦ | ૧૯૦૦.૦૦ | ૦.૦૦ | ૧૯૦૦.૦૦ | ૦.૦૦ | ૧૯૦૦.૦૦ | ૨૨૦૦.૦૦ | ૦.૦૦ | ૨૨૦૦.૦૦ |
| ૭ | ૨૮૩ આવાસ | ૦.૦૦ | ૧૨૯૫૮.૯૭ | ૦.૦૦ | ૧૨૧૦૦.૦૦ | ૦.૦૦ | ૧૪૦૫૮.૦૦ | ૧૩૭૦૦.૦૦ | ૦.૦૦ | ૧૩૭૦૦.૦૦ |
| ૮ | ૮૦૦ અન્ય ખર્ચ | ૦.૦૦ | ૮૪૮૦.૫૯ | ૦.૦૦ | ૫૭૨૪.૪૯ | ૦.૦૦ | ૧૨૧૦૬.૯૬ | ૭૮૬૫.૦૦ | ૧૪.૦૦ | ૭૮૭૯.૦૦ |
| | **સરવાળો ૧ થી ૮** | **૦.૦૦** | **૧૫૮૦૮૭.૮૧** | **૦.૦૦** | **૧૯૧૭૦૭.૫૪** | **૦.૦૦** | **૨૨૮૭૧૩.૯૭** | **૨૧૦૦૭૪.૫૦** | **૨૫૨૮.૦૦** | **૨૧૨૬૦૨.૫૦** |
| | માંગણી ક્રમાંક : ૯૧ મુ. ૨૨૫૧ | ૦.૦૦ | ૬૭.૦૬ | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | | ૩૨.૦૦ | ૦.૦૦ | ૩૨.૦૦ |
| | માંગણી ક્રમાંક : ૮૪ માર્ગ અને મકાન વિભાગ | ૮૫૬.૩૫ | ૦.૦૦ | ૨૧૭૦.૨૦ | ૦.૦૦ | ૧૧૦૦.૦૦ | ૦.૦૦ | ૧૫૧૪.૦૦ | ૧૩૧૯.૦૦ | ૨૮૩૩.૦૦ |

| ક્રમાંક | ગૌણ સદર | ૨૦૨૨-૨૩નો હિસાબ | | ૨૦૨૩-૨૪ની જોગવાઈ | | ૨૦૨૩-૨૪ની સુધારેલ જોગવાઈ | | ૨૦૨૪-૨૫ બજેટ જોગવાઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મૂડી | મહેસૂલી | મૂડી | મહેસૂલી | મૂડી | મહેસૂલી | ચાલુ બાબતો + સ્થાયયી ખર્ચ | નવી બાબત | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૨ |
| ૯ | મુખ્ય સદર - ૪૨૨૫ | ૧૦૫૦.૦૦ | ૦.૦૦ | ૯૬૭.૦૦ | ૦.૦૦ | ૯૬૫.૦૦ | ૦.૦૦ | ૧૦૪૪.૦૦ | ૦.૦૦ | ૧૦૪૪.૦૦ |
| ૧૦ | મુખ્ય સદર - ૬૨૨૫ | ૬૪૦૭૨.૪૬ | ૦.૦૦ | ૬૫૦૦૪.૦૦ | ૦.૦૦ | ૭૨૮૩૨.૫૦ | ૦.૦૦ | ૬૩૭૦.૦૦ | ૭૦૦૦૦.૦૦ | ૭૬૩૭૦.૦૦ |
| | **સરવાળો ૯ થી ૧૦** | **૬૫૧૨૨.૪૬** | **૦.૦૦** | **૬૫૯૭૧.૦૦** | **૦.૦૦** | **૭૩૭૯૭.૫૦** | **૦.૦૦** | **૭૪૧૪.૦૦** | **૭૦૦૦૦.૦૦** | **૭૭૪૧૪.૦૦** |
| | **કુલ સરવાળો** | **૬૫૯૭૮.૮૧** | **૧૫૮૧૫૪.૮૭** | **૬૮૧૪૧.૨૦** | **૧૯૧૮૦૭.૫૪** | **૭૪૮૯૭.૫૦** | **૨૨૮૭૧૩.૯૭** | **૨૧૯૦૩૪.૫૦** | **૭૩૮૪૭.૦૦** | **૨૯૨૮૮૧.૫૦** |

## નિયામક, સમાજ સુરક્ષા
## ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# નિયામક, સમાજ સુરક્ષા

## પ્રારંભિક રૂપરેખા

સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, મુખ્યત્વે અનાથ, નિરાધાર, ઉપેક્ષિત, ત્યજાયેલ બાળકો, વૃદ્ધો અને દિવ્યાંગ વ્યક્તિઓ જેવા સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટે કામ કરે છે. સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા તેઓને સામાજીક કાયદાઓના માધ્યમથી રક્ષણ, આશ્રય, શિક્ષણ તથા વ્યવસાયિક તાલિમ જેવી સગવડો આપી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવામાં સહાય કરે છે. સંસ્થાકીય અને બિન સંસ્થાકીય સગવડો દ્વારા તેઓને તકો પુરી પાડી તેમના સંપૂર્ણ હકો ભોગવવા સુસજ્જ કરવામાં આવે છે. સમાજ સુરક્ષા પ્રભાગની તમામ કલ્યાણકારી યોજનાઓની કામગીરી નીચે મુજબના ૧૦ પ્રકારના કાયદાની જોગવાઇ મુજબ અમલમાં છે.

૧. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬

૨. ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ -૧૯૫૮

૩. ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ - ૧૯૫૯

૪. ભારતીય પુન:વસન સંસ્થાનો ધારો -૧૯૯૨

૫. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ - ૨૦૧૬

૬. નેશનલ ટ્રસ્ટ એક્ટ -૧૯૯૯

૭. ધ જુવેનાઇલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એક્ટ - ૨૦૧૫

૮. ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ - ૨૦૦૭

૯. જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ -૨૦૧૨

૧૦. ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના (અધિકારોનું રક્ષણ) અધિનિયમ-૨૦૧૯

### વૃધ્ધ કલ્યાણ યોજનાઓ

### ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૬-૧૯૮૩-છ, તા.૦૧/૦૪/૨૦૦૮ થી રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ છે.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ,ગરીબી રેખા હેઠળ ૦ થી ૨૦ B.P.L સ્કોર ધરાવતા ૬૦ થી ૭૯ વર્ષ સુધીના વય ધરાવતા વૃદ્ધોને માસિક ₹ ૧૦૦૦/- (રાજ્ય સરકારના ₹ ૮૦૦+ ભારત સરકારના ₹ ૨૦૦)ની સહાય આપવામાં આવે છે.તથા ૮૦ થી ઉપરની વય ધરાવતા વૃધ્ધોને માસિક સહાય ₹ ૧૨૫૦/- (રાજ્ય સરકારના ₹ ૭૫૦ + ભારત સરકારના ₹ ૫૦૦)ની સહાય ચુકવવામાં આવે છે.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ-૯,૧૮,૪૨૫ લાભાર્થીઓને ₹ ૧૧૨૪૧૯.૨૯ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ- ૯,૩૫,૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૧૧૫૧૩૩.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત -૯૨૯૯૪૪ લાભાર્થીઓને ₹ ૮૬૭૩૭.૮૩ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

### નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના

નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:બીએમ/૧૦૭૮/મ.૫૮૨૨/છ, તા.૨૫/૦૯/૧૯૭૮ થી અમલમાં મુકવામાં આવી.

આ યોજના હેઠળ ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૬૦ વર્ષ કે તેથી વધુ વયના વૃધ્ધ જેમનો ૨૧ વર્ષ થી મોટા પુત્ર ન હોય તેવા વૃધ્ધો અને ૭૫ ટકા દિવ્યાંગતા ધરાવતા અને ૪૫ વર્ષની વય ધરાવતા નિરાધાર દિવ્યાંગોને માસિક સહાય ₹ ૧૦૦૦/- આપવામાં આવે છે. તથા ૮૦ વર્ષથી ઉપરની વય ધરાવતા નિરાધાર વૃધ્ધો અને નિરાધાર દિવ્યાંગોને માસિક સહાય ₹ ૧૨૫૦/- આપવામાં આવે છે.

નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીઓને સહાયભૂત થવાં વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ-૧,૪૮,૮૧૭ લાભાર્થીઓને ₹ ૧૭૭૭૬.૬૩ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ-૧,૫૫,૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૧૮૯૩૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત-૧૬૩૫૯૨ લાભાર્થીઓને ₹ ૧૪૯૭૩.૨૨ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:વીએનપી/૧૦૯૫/આઈ-૭૭/છ-૧,તા.૨૫/૦૯/૧૯૯૫ થી અમલમાં આવેલ છે. ગરીબી રેખા હેઠળ સમાવેશ થયેલ કુટુંબના ૧૮ થી ૬૦ વર્ષના મુખ્ય કમાનાર વ્યક્તિનું કુદરતી/આકસ્મિક અવસાન થવાથી વ્યક્તિના વારસદારને એક જ વખત ₹ ૨૦,૦૦૦/- ની સહાય તાત્કાલિક ભારત સરકાર દ્વારા ચુકવણી કરવામાં આવે છે.

રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ-૯૧૬૧ લાભાર્થીઓને ₹ ૧૮૩૨.૨૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ-૧૦૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૨૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત-૪૮૪૭ લાભાર્થીઓને ₹ ૯૬૮.૦૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

## અંત્યેષ્ઠી સહાય યોજના

રાજ્યના સરકારની નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના અથવા ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનામાં ગરીબી રેખા હેઠળ સમાવિષ્ટ કુટુંબોના યોજનાનો લાભ મેળવતા હોય તેવા જ વરિષ્ઠ નાગરિકો અવસાન થયે તેમના કુટુંબને મદદરૂપ થવા સરકારશ્રી દ્વારા વર્ષ-૨૦૨૨-૨૦૨૩થી વૃધ્ધ સહાય મેળવતા સીનીયર સીટીઝનોની અંત્યેષ્ઠી માટે ₹ ૫૦૦૦/-સહાયની યોજનાની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નાં ઠરાવ ક્રમાંક-વનપ/૧૧૨૦૨૨/૩૧૫૪/નબા-૪-છ તારીખ-૨૧/૦૪/૨૦૨૨થી વર્ષ ૨૦૨૨-૨૩થી નવી બાબતની વહીવટી મંજુરી મળેલ છે.

અંત્યેષ્ઠી સહાય યોજના હેઠળ વર્ષ:-૨૦૨૨-૨૩માં કુલ-૧૪ લાભાર્થીઓને ₹ ૦.૭૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ:-૨૦૨૩-૨૪માં કુલ-૫૦૦૦ લાભાર્થીઓને સહાય ચુકવવા ₹ ૨૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત-૧૯ લાભાર્થીઓને ₹ ૦.૯૫ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

## ● ૧૯૫૯ના ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ હેઠળની પ્રવૃત્તિઓ

ગુજરાત રાજ્યની વર્ષ ૧૯૬૦માં રચના થઈ ત્યારથી ૧૯૩૮નો મુંબઈ ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ અમલમાં હતો. સને ૧૯૭૩ થી રાજ્યમાં કેન્દ્રીય ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ, ૧૯૫૮ અમલમાં આવેલ છે.

નિયંત્રણ બહારના સંજોગો અને જુદા જુદા પરિબળોની અનિચ્છનીય અસરને કારણે ગુનાહિત કાર્યમાં ઝંપલાવ્યુ હોય તેવા પ્રથમ ગુન્હો કરનાર અને યુવાન ગુનેગારોને સમાજમાં રાખીને સુધારી શકાય છે. આવા ગુનેગારોને જેલના સળીયા પાછળ ધકેલવાને બદલે તેમને પરિવિક્ષા નિરીક્ષણ, દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તેમની સુધારણા અને પુનઃસ્થાપન માટે તક આપવામાં આવે છે. ૧૮ વર્ષની ઉપરના ગુનેગારોને ૧૯૫૮ના ગુનેગાર પરિવિક્ષા અધિનિયમની જોગવાઈ અન્વયે પરિવિક્ષા પર મુક્ત કરવાનો લાભ આપવામાં આવે છે. આ અધિનિયમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં રાજ્યની અલગ અલગ કોર્ટ તરફથી પ્રોબેશન ઓફ ઓફેન્ડસ એક્ટ હેઠળ કુલ-૯૫૬ કેસો રીફર થયેલ છે. જે પૈકી ૮૫૩ કેસોના રીપોર્ટ કોર્ટમાં રજુ થયેલ છે. તેમજ ડીસેમ્બર-૨૦૨૩ અંતિત કુલ ૫૮૧ કેસો હાલમાં સુપરવિઝન હેઠળ ચાલુ છે.

## કેદી સહાય યોજના

જ્યારે ગુનેગારોને જેલમાં મોકલવામાં આવે છે અથવા તેને ૫ વર્ષ કે તેથી વધુ વર્ષ સજા ફરમાવામાં આવે છે, ત્યારે તેના કુટુંબીજનોને મુશ્કેલી પડે છે. તેમને મદદ કરવા ₹ ૨૫,૦૦૦/- સુધીના નાણાંકીય મદદ, દુધાળા ઢોર કે વ્યવસાયના સાધનો ખરીદવા માટે આપવામાં આવે છે કે જેથી તેઓ પોતાનો નિભાવ કરી શકે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ- ૩૩૪ લાભાર્થીઓને ₹ ૮૩.૫૦ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૩૪૦ લાભાર્થીઓ માટે ₹ ૮૫.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ-૧૮૨ લાભાર્થીઓને કુલ ₹ ૪૫.૫૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

## ❖ બાળ કલ્યાણ

ગુજરાત રાજ્યમાં અનાથ નિરાધાર રખડતા ભટકતા અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને કાયદા હેઠળ સુરક્ષા જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ની જોગવાઇઓ મુજબ આપવામાં આવે છે. ભારત સરકારની સંકલીત બાળ સુરક્ષા યોજના હેઠળ રાજ્યકક્ષાએ ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી (GSCPS) અને જિલ્લા કક્ષાએ જિલ્લા બાળ સુરક્ષા એકમ હાલમાં કાર્યરત છે. બાળ કલ્યાણ ક્ષેત્રે અનાથ નિરાધાર રખડતા ભટકતા અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો માટે કાર્યરત હાલ કુલ ૧૨૮ સંસ્થાઓની નોંધણી થયેલ છે. જેમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો માટે ૦૩ સરકારી અને ૦૩ બિનસરકારી ઝોનલ ઓબ્ઝર્વેશનહોમ કાર્યરત છે. તેમજ ગંભીર ગુનામાં સંકળાયેલા બાળકો માટે રાજ્યમાં ૦૩ સરકારી પ્લેસ ઓફ સેફટી / સ્પેશ્યલ હોમ, કાર્યરત છે. જેમાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના આદેશથી બાળકોને રાખવામાં આવે છે. રાજ્યમાં ૭ થી ૧૮ વર્ષના અનાથ અને નિરાધાર બાળકો માટે ૩૧ સરકારી ચિલ્ડ્રન હોમ અને ૨૬ બિન-સરકારી ચિલ્ડ્રન હોમ હાલમાં કાર્યરત છે. તેમજ ૦ થી ૬ વર્ષના અનાથ અને ત્યજાયેલા બાળકો માટે ૦૮ સરકારી શિશુગૃહ (SAA) અને ૦૫ બિન-સરકારી શિશુગૃહ (SAA) કાર્યરત છે. જેમાં રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા બાળકોને ચિલ્ડ્રન હોમમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના આદેશથી રાખવામાં આવે છે. રાજ્યમાં કુલ ૪૮ સરકારી તથા ૮૦ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા એમ કુલ ૧૨૮ બાળ કલ્યાણ સંસ્થાઓ કાર્યરત છે.બાળ કલ્યાણ સંસ્થાઓમાં બાળકોને મફત રહેવા જમવાનું, આરોગ્યપ્રદ સુવિધાઓ અને શિક્ષણ અને જીવનલક્ષી તાલીમ આપવામાં આવે છે. આ સંસ્થાબમાં કુલ ૨૪૫૫ બાળકો આશ્રય લઇ રહયા છે. રાજ્યમાં દિકરીઓ માટે વડોદરા ખાતે પ્લેસ ખોફ સેફટી / સ્પેશ્યલ હોમ તથા છોકરાઓ માટે રાજકોટ અને મહેસાણા ખાતે ચાલે છે. તેઓ ત્યાં રહે તે દરમ્યાન તેમનું કુટુંબ સામાજિક જીવન, ઈતિહાસ વગેરે એકત્ર કરવામાં આવે છે. અને તેમની યોગ્ય કાળજી લેવાના પ્રયાસો કરવામાં આવે છે. આ બાળકો પૈકી જેમને સંસ્થાકીય જીવનની જરૂરિયાત જણાય તેમને સંસ્થાકીય આશ્રય આપી સ્પેશ્યલ તાલીમ આપવામાં આવે છે. સુરત અને વડોદરા ખાતે સ્વૈચ્છિક ઓપન શેલ્ટર હોમ કાર્યરત છે. સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો માટે ગુજરાત રાજ્યમાં કુલ ૩૩ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી તથા કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો માટે કુલ ૩૩ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડની રચના કરવામાં આવેલ છે.

### ● પાલક માતા પિતા યોજના

રાજ્ય સરકાર દ્વારા ૦ થી ૧૮ વર્ષના અનાથ અને નિરાધાર બાળકોને પાલક માતા-પિતા યોજના હેઠળ માસિક ₹ ૩૦૦૦/- ની સહાય DBT મારફત આપવામાં આવે છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ₹ ૬૯૦૩.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ.૨૦૦૦૦ લાભાર્થીઓ પૈકી કુલ.૧૯૫૫૦ લાભાર્થીઓને કુલ ₹ ૫૦૨૧.૪૨ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ● શેરો પોઝિટીવ ઈલનેશ યોજના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શેરો પોઝિટીવ ઈલનેશ યોજના હેઠળ, જે બાળક પોતે શેરો પોઝિટીવ ઈલનેશ હોય અથવા તેના માતા-પિતા અથવા માતા-પિતા બન્નેમાંથી કોઇ એક હોય તેવા કિસ્સામાં અભ્યાસ કરતા બાળકને ધોરણ-૧ થી ૫(યુનિફોર્મ ખર્ચ સહિત ₹ ૨૦૦૦/-) અને ધોરણ ૬ થી ૧૦ (યુનિફોર્મ ખર્ચ સહિત ₹ ૨૫૦૦/-) ધોરણ ૧૧ કે તેથી વધુ ઉચ્ચ અભ્યાસ માટે ₹ ૪૦૦૦/- થી ₹ ૧૬,૦૦૦/- સુધી (ફી અને પુસ્તકો માટે માસિક ₹ ૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક ₹ ૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ) શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવે છે. નાણાંકિય વર્ષ : ૨૦૨૩-૨૪માં માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ.૩૭૫૦ લાભાર્થીઓ પૈકી કુલ.૪૫૩૮ લાભાર્થીઓને કુલ ₹ ૧૧૬.૮૫ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ની પ્રવૃત્તિઓ

ગુજરાત રાજ્યમાં ગુજરાત ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ તા.૦૮ ફેબ્રુઆરી ૧૯૬૦ થી અમલમાં છે. રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને રાજ્યના કોઇ વિસ્તાર માટે તે અર્થે નક્કી કરે તે તારીખે તે વિસ્તારમાં અમલમાં આવે છે. હાલ રાજ્યમાં અધિનિયમની કલમ-૧૬ મુજબ પુરૂષો માટે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે તથા સ્ત્રીઓ માટે ડભોડા (ગાંધીનગર) ખાતે એમ મળી કુલ-૦૫ સરકારી ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો /ગૃહો કાર્યરત છે. ભિક્ષુક ગૃહના ઓફિસર ઇન્ચાર્જ/અધીક્ષક દ્વારા સંસ્થાના કર્મચારીઓને સાથે રાખી પોલીસ વિભાગની મદદથી ભિક્ષા પ્રતિબંધિત વિસ્તારમાં રાઉન્ડ અપ કરવામાં આવે છે. રાઉન્ડ અપ દરમિયાન ભિક્ષાવૃત્તિ કરતા પકડાયેલ ભિક્ષુકોને નામ.કોર્ટ સમક્ષ હાજર કરવામાં

આવે છે. નામ.કોર્ટ દ્વારા આ ભિક્ષુકોને કાયદાની કલમ ૪(૧) થી ૪(૩) હેઠળ સંસ્થામાં પ્રવેશ આપવાની તથા કલમ ૫(૧) થી કલમ ૫(૫) મુજબ ૦૧ વર્ષ સુધી ભિક્ષુક ગૃહ/કેંદ્રમાં અટકમાં રાખવામાં આવે છે. ભિક્ષુક ગૃહોમાં લાવવામાં આવેલ ભિક્ષુકોને મફત ભોજન, આશ્રય, આરોગ્યપ્રદ સુવિધા તેમજ વિવિધ વ્યવસાયલક્ષી ગૃહ ઉદ્યોગ તાલિમ આપવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ -૨૦૨૩-૨૪માં કુલ-૦૫ સરકારી ભિક્ષુક ગૃહોને કુલ ₹ ૩૯૧.૮૭ લાખની ગ્રાન્ટ ફાળવેલ જેની સામે ₹ ૨૧૩.૩૫ લાખનો પગાર ખર્ચ, ₹ ૧૨૪.૩૫ લાખનો નિભાવ ખર્ચ એમ કુલ ₹ ૩૩૭.૭૦ લાખનો ખર્ચ ડીસેમ્બર-૨૦૨૩ અંતિત ખર્ચ થયેલ છે. તેમજ હાલમાં ઉકત ૦૫ ભિક્ષુક ગૃહોની કુલ-૫૭૦ ની ટોચ મર્યાદા સામે કુલ-૧૭૭ ભિક્ષુકો આશ્રય લઈ રહેલ છે.

હાલ ગુજરાત રાજ્યમાં દેવભૂમિ દ્વારકા, અંબાજી, ગીરસોમનાથ અને રાજકોટ (મહિલા) સ્વૈચ્છિક ભિક્ષુક ગૃહો કાર્યરત થયેલ છે.

## ❖ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓ

### ● ઈન્દીરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજના

ઈન્દીરા ગાંધી નેશનલ ડીસેબીલીટી પેન્શન યોજના હેઠળ ૮૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા, ૦ થી ૨૦નો બી.પી.એલ સ્કોરવાળા દિવ્યાંગ વ્યક્તિ કે જેની ઉંમર ૧૮ થી ૭૯ વર્ષ સુધીની છે તેવા દિવ્યાંગ વ્યક્તિને માસિક ₹ ૧૦૦૦/- સહાય લાભાર્થીના બેંક ખાતામાં સીધા DBT મારફતે રાજ્ય કક્ષાએથી ચુકવવામાં આવે છે. જેમાં ₹ ૭૦૦/- રાજ્ય સરકાર દ્વારા અને ₹ ૩૦૦/- કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૦૮૦૨ લાભાર્થીઓને કુલ ₹ ૨૪૬૫.૩૬ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૨૫૦૦ લાભાર્થીઓ માટે ₹ ૨૭૩૦.૬૪ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ- ૨૧,૯૯૨ લાભાર્થીઓને કુલ ₹ ૧૯૪૪.૪૫ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ● સંત સુરદાસ સહાય યોજના

સંત સુરદાસ યોજના હેઠળ, ૮૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કે જેની ઉંમર ૦ થી ૧૭ વર્ષની છે અને બી.પી.એલ યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવે છે તેવા વ્યક્તિને રાજ્ય સરકાર દ્વારા માસિક ₹ ૧૦૦૦/- સહાય લાભાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે રાજ્ય કક્ષાએથી ચુકવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૫૫૭૪ લાભાર્થીઓને કુલ ₹ ૩૦૬૬.૯૧ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૬,૦૦૦ લાભાર્થીઓ માટે ₹ ૩૧૩૧.૬૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ- ૨૫,૭૭૩ લાભાર્થીઓને કુલ ₹ ૨૩૫૩.૮૭ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ● દિવ્યાંગ શિષ્યવૃત્તિ સહાય યોજના

દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનામાં ૪૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં ધોરણ ૧ થી ૮ ના અભ્યાસ માટે વાર્ષિક ₹ ૧૫૦૦/- તથા ધોરણ ૯ થી ઉપરના અભ્યાસ માટે વાર્ષિક ₹ ૨૦૦૦/- થી ₹ ૪૫૦૦/- સુધીની શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ૯,૩૨૯ લાભાર્થીઓને કુલ ₹ ૧૫૪.૦૫ લાખની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૮૫૦૦ લાભાર્થીઓ માટે ₹ ૧૪૪.૫૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ- ૬,૭૨૬ લાભાર્થીઓને કુલ ₹ ૧૦૯.૧૫ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ● દિવ્યાંગ સાધન સહાય યોજના

દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને સહાય સાધન સ્વરૂપે આપવામાં આવે છે. આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ₹ ૨૦,૦૦૦/-ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને તેઓની દિવ્યાંગતામાં રાહત થાય તેવા તેમજ સ્વરોજગારલક્ષી સાધનો પુરા પાડવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૨૭૪૪ લાભાર્થીઓને કુલ ₹ ૧૫૮૨.૧૨ લાખની સહાય ચુકવવામાં આવી છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૦૦૦૦ લાભાર્થીઓ માટે ₹ ૧૪૦૦.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ- ૧૧,૭૩૩ લાભાર્થીઓના સાધનો મંજુર કરેલ છે.

## ● દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના

દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના હેઠળ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં વિના મુલ્યે મુસાફરીનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૩,૪૯,૧૧૦ લાભાર્થીઓ માટે કુલ ₹ ૩૩૨૮.૦૦ લાખનો ખર્ચ થયેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૪૦૦૦.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત લાભાર્થીઓ માટે ₹ ૯૮૩.૦૦ લાખ ખર્ચ કરેલ છે.

## ● દિવ્યાંગ લગ્ન સહાય યોજના

દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ દિવ્યાંગથી દિવ્યાંગ તેમજ દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિના લગ્નના કિસ્સામાં નાણાકિય સહાય આપવામાં આવે છે. જેમા દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં બન્ને વ્યક્તિને ₹ ૫૦,૦૦૦ + ₹ ૫૦,૦૦૦/- મળી કુલ ₹ ૧,૦૦,૦૦૦/- સહાય તેમજ દિવ્યાંગ વ્યક્તિ થી સામાન્ય વ્યક્તિના લગ્ન કિસ્સામાં ₹ ૫૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૫૩૯ લાભાર્થીઓને કુલ ₹ ૭૬૯.૫૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૧૪૦૦ લાભાર્થીઓ માટે ₹ ૭૦૦.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ- ૯૬૮ લાભાર્થીઓને કુલ ₹ ૪૮૪.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

## ● નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી

નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ પોલીસી યોજના હેઠળ, માનસીક ક્ષતિવાળા મગજનો લકવો, સ્વલીનતા, બહુવિધ દિવ્યાંગતા વગેરે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને ₹ ૧.૦૦ લાખનું વિમારક્ષણ મળવાપાત્ર છે. જેમા હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી દવાઓ અને વાહનવ્યવહાર ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજનામાં તમામ વયજૂથના દિવ્યાંગ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ વિમા પ્રિમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે. નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૫૦૯૬ લાભાર્થીઓના વિમા પ્રિમિયમ પેટે કુલ ₹ ૪૦.૫૫ લાખ ચુકવવામાં આવેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૪૫.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત લાભાર્થીઓના વિમા પ્રિમિયમ પેટે ₹ ૨૪.૮૪ લાખ ચુકવેલ છે.

## ● દિવ્યાંગ વિમા સહાય યોજના

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ₹ ૧.૦૦ લાખનું વિમા રક્ષણ મળવાપાત્ર છે.જેમાં (૧) અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા સહાય (૨) અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા સહાય (૩) અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા સહાય. (૪) અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા વિમા રકમ મળવાપાત્ર છે. આ સહાયની રકમ સામાન્ય જૂથ અકસ્માત વિમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખીને મળવાપાત્ર થાય છે. આ યોજના હેઠળ વિમા પ્રિમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે. આ યોજના હેઠળ નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૦૩ લાભાર્થીઓના વિમા સહાય પેટે કુલ ₹ ૩૨.૦૦ લાખ ચુકવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૫૦.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે.

## બૌદ્ધિક અસમર્થતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાય યોજના

આ યોજના હેઠળ ૫૦% કે તેથી વધુ બૌધ્ધિક અસમર્થતા / સેરેબલ પાલ્સી / ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ચેતાતંત્ર ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓને આવક મર્યાદાના બાધ સિવાય માસિક ₹ ૧૦૦૦/- સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ નાણાકિય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૪૬૩૧૯ લાભાર્થીઓને કુલ ₹ ૪૫૯૧.૭૪ લાખ સહાય પેટે ચુકવવામાં આવેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૫૦,૦૦૦ લાભાર્થીઓ માટે ₹ ૭૩૮૦.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે. ડીસેમ્બર-૨૦૨૩ અંતિત કુલ ૫૮,૦૦૨ લાભાર્થીઓને ₹ ૪૮૭૯.૧૨ લાખ સહાય પેટે ચુકવેલ છે.

# દિવ્યાંગ કલ્યાણ, ભિક્ષુક ગૃહ અને વૃદ્ધાશ્રમ સંસ્થાઓ

| ક્રમ | સંસ્થા | સરકારી | સ્વૈચ્છિક | કુલ |
|---|---|---|---|---|
| ૧. | દ્રષ્ટિમંદ ભાઈઓની સંસ્થા | ૦૩ | ૨૯ | ૩૨ |
| ૨. | શારીરિક દિવ્યાંગો અને બહુવિધ દિવ્યાંગતા માટેની સંસ્થા | ૦૨ | ૨૦ | ૨૨ |
| ૩. | બહેરા-મુંગા માટેની સંસ્થા | ૦૩ | ૩૧ | ૩૪ |
| ૪. | માનસિક ક્ષતિવાળા બાળકોની સંસ્થા | ૧૨ | ૩૯ | ૫૧ |
| ૫. | સેરેબ્રલ પાલ્સીની સંસ્થાઓ | ૦ | ૪ | ૪ |
| ૬. | વૃદ્ધાશ્રમ સંસ્થા | ૦૦ | ૨૮ | ૨૮ |
| ૭. | ભિક્ષુક ગૃહ સંસ્થા | ૦૫ | ૦૪ | ૦૯ |
| | **કુલ** | **૨૫** | **૧૫૫** | **૧૮૦** |

# કાર્યક્રમ અને પ્રવૃત્તિ વર્ગીકરણ નાણાંકીય જરૂરીયાત

**માંગણી ક્રમાંક-૯૨/૯૫/૯૬ અને ૮૪,૯૧**

ભાગ-૩ અને પત્રક-ક

(₹લાખમાં)

| ક્રમ | વિગતવાર ગૌણ સદર | ૨૦૨૨-૨૩ના હિસાબ | | ૨૦૨૩-૨૪ ની જોગવાઈ | | ૨૦૨૩-૨૪ની સુધારેલ જોગવાઈ | | ૨૦૨૪-૨૫ની વાર્ષિક જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મુડી | મહેસુલ | મુડી | મહેસુલ | મુડી | મહેસુલ | ચાલુ બાબતો | સ્થાયી ખર્ચ | નવી બાબત | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| 1 | ૦૦૧ : નિર્દેશ અને વહીવટ | 0.00 | 967.65 | 0.00 | 2002.68 | 0.00 | 2110.67 | 351.00 | 1726.00 | 179.00 | 2256.00 |
| 2 | ૧૦૧ : વિકલાંગોનું કલ્યાણ | 0.00 | 26049.09 | 0.00 | 28510.34 | 0.00 | 29771.48 | 24665.00 | 8151.00 | 3449.49 | 36265.49 |
| 3 | ૧૦૨ : બાળ કલ્યાણ | 0.00 | 18083.40 | 0.00 | 23519.05 | 0.00 | 23097.55 | 28403.00 | 0.00 | 923.11 | 29326.11 |
| 4 | ૧૦૬ : સુધારાલક્ષી સેવાઓ | 0.00 | 358.27 | 0.00 | 2.00 | 0.00 | 2.00 | 2.00 | 0.00 | 0.00 | 2.00 |
| 5 | ૨૦૦ : અન્ય કાર્યક્રમ | 0.00 | 126967.77 | 0.00 | 137907.44 | 0.00 | 139432.63 | 141528.00 | 479.00 | 45.00 | 142052.00 |
| 6 | ૮૦૦ : અન્ય ખર્ચ | 0.00 | 872.33 | 0.00 | 613.33 | 0.00 | 724.33 | 95.00 | 668.00 | 63.00 | 826.00 |
| 7 | ૨૦૪૯ જી.પી.એફ. વ્યાજ | 0.00 | 240.00 | 0.00 | 240.00 | 0.00 | 240.00 | 0.00 | 240.00 | 0.00 | 240.00 |
| 8 | ૧૯૦ : દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | 556.25 | 15.00 | 718.00 | 80.00 | 718.00 | 80.00 | 185.00 | 0.00 | 600.00 | 785.00 |
| 9 | ૦૯૧ : ૨૨૫૧ : ૦૦ : ૮૦૦ : ૦૧ (માહિતી પ્રાદ્યોગિકી) | 0.00 | 118.19 | 0.00 | 100.00 | 0.00 | 100.00 | 18.00 | 0.00 | 0.00 | 18.00 |
| 10 | ૦૯૨ : ૪૨૩૫ : ૦૦ : ૮૦૦ : ૦૧ (માહિતી પ્રાદ્યોગિકી) | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 78.00 | 0.00 | 0.00 | 78.00 |
| 11 | ૦૮૪ : ૪૨૩૫ : ૦૧ : ૨૦૧ : ૪૨ (મકાન બાંધકામ) | 1553.73 | 0.00 | 4402.87 | 0.00 | 2500.00 | 0.00 | 3101.73 | 0.00 | 1961.00 | 5062.73 |
| 12 | ૦૯૬ : ૪૨૩૫ : ૦૨ : ૭૯૬ : ૪૨ (RBD - ૧૦૪ મકાન બાંધકામ) | 0.00 | 0.00 | 308.65 | 0.00 | 50.00 | 0.00 | 266.65 | 0.00 | 672.00 | 938.65 |
| | **Gross Total** | **2109.98** | **173671.70** | **5429.52** | **192974.84** | **3268.00** | **195558.66** | **198693.38** | **11264.00** | **7892.60** | **217849.98** |

## ભાગ-૪

## સમગ્ર કામગીરીનું સંક્ષિપ્ત વિવરણ

### નાણાંકીય જરૂરીયાત સમજૂતી

સમાજ સુરક્ષા કચેરી અંગે વર્ષ ૨૦૨૨-૨૩, વર્ષ ૨૦૨૩-૨૪માં થયેલ ખર્ચ અને નાણાંકિય વર્ષ : ૨૦૨૪-૨૫માં કરેલ જોગવાઈની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ | યોજનાનું નામ | માર્ચ - ૨૦૨૨ અંતિત ખર્ચ (૨૦૨૨-૨૩) | વાર્ષિક જોગવાઇ (૨૦૨૩-૨૪) | વાર્ષિક જોગવાઇ (૨૦૨૪-૨૫) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૦૦૧ : નિર્દેશ અને વહીવટ | 967.65 | 2002.68 | 2256.00 |
| ૨ | ૧૦૧ : વિકલાંગોનું કલ્યાણ | 26049.09 | 28510.34 | 36265.49 |
| ૩ | ૧૦૨ : બાળ કલ્યાણ | 18083.40 | 23519.05 | 29326.11 |
| ૪ | ૧૦૬ : સુધારાલક્ષી સેવાઓ | 358.27 | 2.00 | 2.00 |
| ૫ | ૨૦૦ : અન્ય કાર્યક્રમ | 126967.77 | 137907.44 | 142052.00 |
| ૬ | ૮૦૦ : અન્ય ખર્ચ | 872.33 | 613.33 | 826.00 |
| ૭ | ૨૦૪૯ જી.પી.એફ. વ્યાજ | 240.00 | 240.00 | 240.00 |
| ૮ | ૧૯૦ : દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ | 571.25 | 798.00 | 785.00 |
| ૯ | ૦૯૧ : ૨૨૫૧ : ૦૦ : ૮૦૦ : ૦૧ (માહિતી પ્રાદ્યોગિકી) | 118.19 | 100.00 | 18.00 |
| ૧૦ | ૦૯૨ : ૪૨૩૫ : ૦૦ : ૮૦૦ : ૦૧ (માહિતી પ્રાદ્યોગિકી) | 0.00 | 0.00 | 78.00 |
| ૧૧ | ૦૮૪ : ૪૨૩૫ : ૦૧ : ૨૦૧ : ૪૨ (મકાન બાંધકામ) | 1553.73 | 4402.87 | 5062.73 |
| ૧૨ | ૦૯૬ : ૪૨૩૫ : ૦૨ : ૭૯૬ : ૪૨ (RBD - ૧૦૪ મકાન બાંધકામ) | 0.00 | 308.65 | 938.65 |
| | **Total** | **175781.68** | **198404.36** | **217849.98** |

આ ખાતા હસ્તકના કર્મચારી વર્ગની ભરાયેલી સંખ્યા નીચે પ્રમાણે છેઃ-

| ક્રમ | મહેકમની સંખ્યા | તા.૧૬/૧૨/૨૦૨૩ની સ્થિતિએ (સંખ્યા) |
|---|---|---|
| ૧ | રાજ્યપત્રિત | ૧૯ |
| ૨ | બિનરાજ્યપત્રિત | ૩૪૧ |
| **કુલ** | | **૩૬૦** |

### માહિતી અને પ્રોદ્યોગિકી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટ હેડ હેઠળ રાજ્યની ઈન્ફર્મેશન અને ટેકનોલોજી નિતિને અનુરૂપ ખાતાના વડાની કચેરી અને તાબાની કચેરીઓને કોમ્પ્યુટરથી સુસજ્જ કરી કામગીરીને ઝડપી બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે

એકંદરે સમાજ સુરક્ષા ખાતાની વિવિધ યોજનાઓમાં વિવિધ પ્રવૃત્તિઓના વિસ્તાર અને વિકાસ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં માહે ડીસેમ્બર-૨૦૨૩ અંત સુધીમાં કુલ ₹ ૧૦૦.૦૦ લાખની જોગવાઇ સામે કુલ ₹ ૨૩.૭૩ લાખનો ખર્ચ થયેલ છે. નાણાંકિય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ₹ ૯૬.૦૦ લાખની વાર્ષિક જોગવાઈ કરવામાં આવી છે.

# વર્ષ ૨૦૨૪-૨૫માં મંજુર કરવામાં આવેલ નવી બાબત.

| અ.નં. | શાખા | વિષય | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | દિવ્યાંગ કલ્યાણ | સંત સુરદાસ યોજનામાંથી બી.પી.એલ કાર્ડની તથા ઉમરનું ધોરણ ૦ થી ૧૭ નું દુર કરી લાભ આપવા અંગેની નવી બાબત. | ૨૮.૦૦ |
| ૨ | દિવ્યાંગ કલ્યાણ | મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતી જેવી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંજનને માસિક ₹ ૧૦૦૦/- સહાય આપવા અંગેની નવી બાબત | ૧.૬૩ |
| ૩ | મહેકમ | નિયામક, સમાજ સુરક્ષા ખાતે વૃધ્ધ કલ્યાણ શાખાનું મહેકમ મંજુર કરવા બાબત | ૦.૦૫ |
| ૪ | મહેકમ | નિયામક, સમાજ સુરક્ષા ખાતે દિવ્યાંગ શૈક્ષણિક ઉત્કર્ષ સેલનું મહેકમ મંજુર કરવા બાબત | ૦.૨૦ |
| ૫ | મહેકમ | વડી કચેરી ખાતે ૦૧ સંયુક્ત નિયામકની નવી જગ્યા મંજુર કરવા બાબત. | ૦.૦૮ |
| ૬ | મહેકમ | બૌધ્ધિક અસમર્થતા ધરાવતા ત્રણ ભાઈઓ-બહેનોના રહેણાકીય સંસ્થામાં આઉટસોર્સ સ્ટાફમાં વધારો કરવા બાબત | ૦.૧૨ |
| ૭ | મહેકમ | મહાનગરપાલિકા તેમજ મોટા જિલ્લાની કચેરીઓ માટે મહેકમ મંજુર કરવા બાબત | ૧.૩૬ |
| ૮ | મહેકમ | નિયામક, સમાજ સુરક્ષા ખાતે બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ હેઠળ કાર્યરત બલભ શાખાનું મહેકમ મંજુર કરવા બાબત | ૦.૧૦ |
| ૯ | બાળ કલ્યાણ | ૦૩ સરકારી પ્લેસ ઓફ સેફટી અને ૦૩ સ્પેશ્યલ હોમ મહેસાણા, રાજકોટ અને વડોદરા ખાતે શરૂ કરવા બાબત. | ૪.૪૭ |
| ૧૦ | દિવ્યાંગ કલ્યાણ | દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં મફત મુસાફરી આપવાની યોજના હેઠળ પાર્કિન્સન, હિમોફિલીયા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીક ન્યુરોલોજીકલ જેવી દિવ્યાંગતામાં તેમના સહાયકને ૧૦૦% મફત મુસાફરીનો લાભ આપવા અંગેની નવી બાબત | ૧.૫૯ |
| ૧૧ | દિવ્યાંગ કલ્યાણ | મનોદિવ્યાંગો માટે ૩ શોર્ટટમ સ્ટે સેન્ટર (૨૪ X ૭) (ટોચ મર્યાદા ૨૦) તેમજ રેસિડેન્શિયલ સેન્ટર શરૂ કરવા બાબત (ટોચ મર્યાદા ૮૦) | ૨.૧૫ |
| ૧૨ | બાળ કલ્યાણ | આદર્શ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ગાંધીનગર શરૂ કરવા બાબત | ૦.૪૮ |
| ૧૩ | બાળ કલ્યાણ | ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ છોટાઉદેપુર ખાતે શરૂ કરવા બાબત | ૦.૪૮ |
| ૧૪ | બાળ કલ્યાણ | સરકારી પ્લેસ ઓફ સેફટી કમ સ્પેશિયલ હોમ ફોર બોઈઝ અમદાવાદ, પાલનપુર, દાહોદ, સુરત અને ભાવનગર નવા શરૂ કરવા બાબત | ૨.૪૨ |
| ૧૫ | બાળ કલ્યાણ | સરકારી ઓબ્ઝર્વેશન હોમ ફોર બોઈઝ અમદાવાદ અને સુરત શરૂ કરવા બાબત | ૦.૯૭ |
| ૧૬ | બાળ કલ્યાણ | કર્મયોગી ભવન ખાતે સ્વૈચ્છીક ઘોડીયાઘર (શિશુ સંભાળ કેન્દ્ર) શરૂ કરવા બાબત (ટોચ મર્યાદા ૫૦) | ૦.૧૨ |
| ૧૭ | બાળ કલ્યાણ | ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે ચાલતા ૦૪ ઘોડિયાઘર નિભાવ ખર્ચ તેમજ મહેકમનો વધારો કરવા બાબત (બાળક દીઠ માસિક ખર્ચ ₹ ૨૦૦૦ તથા આયાબેન ૦૮ નું મહેકમ) | ૦.૨૯ |
| ૧૮ | દિવ્યાંગ નિગમ | ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને આર્થિક વિકાસ નિગમની ૧૦૦% રાજ્ય સરકારની ધિરાણ યોજના શરૂ કરવા બાબત. | ૬.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | વૃધ્ધ કલ્યાણ | રાજકોટ, સુરત, ગાંધીનગર, અમરેલી અને અરવલ્લી જિલ્લાઓ ખાતે ગ્રાન્ટબ ઈન એઈડ વૃધ્ધાશ્રમો શરૂ કરવા બાબત. | ૦.૪૫ |
| ૨૦ | બાળ કલ્યાણ | ડાકોર, બહુચરાજી, જુનાગઢ અને ડાંગ ખાતે ૧૦૦ની ટોચ મર્યાદા ધરાવતા ૦૪ ગ્રાન્ટય ઈન એઈડ ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર શરૂ કરવા બાબત | ૦.૬૩ |
| ૨૧ | દિવ્યાંગ કલ્યાણ | ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે દિવ્યાંગ કલ્યાણ માટેની ૧૦ સંસ્થાઓને બનાસકાંઠા, મહિસાગર, છોટાઉદેપુર, ગીર-સોમનાથ, બોટાદ,આણંદ,મોરબી, નર્મદા, જુનાગઢ અને ગાંધીનગર જિલ્લાઓમાં શરૂ કરવા બાબત | ૧.૦૦ |
| ૨૨ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, મહિસાગરના નવા મકાન બાંધકામ બાબત. (૧૦,૨૭,૬૬,૦૦૦/-) | ૩.૩૯ |
| ૨૩ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, ગોધરાના નવા મકાન બાંધકામ તથા સ્પેશયલાઇઝડ એડોપ્શન એજન્સીના મકાન બાંધકામ બાબત. (૮,૭૧,૯૫,૦૦૦/-) | ૨.૮૮ |
| ૨૪ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, દેવભૂમિ દ્વારકાના નવા મકાન બાંધકામ અને તેમજ કર્મચારીઓના આવાસોના બાંધકામ બાબત. (૬,૭૦,૩૧,૦૦૦/-) | ૨.૦૮ |
| ૨૫ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સુરતના નવા મકાન બાંધકામ બાબત. (૧૪,૨૦,૧૫,૮૦૦/-) | ૪.૬૯ |
| ૨૬ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, આણંદની સંસ્થાના મકાન બાંધકામ બાબત. (૭,૩૪,૦૦,૦૦૦/-) | ૨.૪૨ |
| ૨૭ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, હિંમતનગર જિલ્લા સાબરકાંઠાના અધિક્ષક આવાસના બાંધકામ બાબત. (૪૦,૦૦,૦૦૦/-) | ૦.૨ |
| ૨૮ | બાંધકામ | સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી , ભરૂચની સંસ્થામાં કર્મચારીઓના રહેણાંક માટે સ્ટાફ કવાર્ટરના બાંધકામ બાબત. (૧,૫૪,૨૦,૦૦૦/-) | ૦.૫૧ |
| ૨૯ | બાંધકામ | સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી , વડોદરાની સંસ્થાનું નવું મકાન બનાવવા બાબત. (૨,૨૪,૭૬,૮૦૦/-) | ૦.૭૪ |
| ૩૦ | બાંધકામ | ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, ભરૂચની સંસ્થામા કર્મચારીઓના રહેણાંક માટે સ્ટાફ કવાર્ટરના બાંધકામ બાબત. (૧,૩૬,૧૦,૦૦૦/-) | ૦.૪૫ |
| ૩૧ | બાંધકામ | ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, વડોદરાના નવા બાંધકામ બાબત. (૧૭,૯૦,૬૨,૦૦૦/-) | ૫.૯૧ |
| ૩૨ | બાંધકામ | કન્સ્ટ્રક્શન ઓફ સ્ટાફ કવાર્ટસ એટ બેગર્સ હોમ વરસિયા, વડોદરા. (૭,૫૦,૬૨,૦૦૦/-) | ૨.૪૨ |
| ૩૩ | બાંધકામ | નિયામક સમાજ સુરક્ષા હસ્તકની કચેરી/સંસ્થાના રીનોવેશન અને રિપેરિંગના કામ બાબત. (૬૩,૯૫,૦૦૦/-) | ૦.૬૪ |
| | | **કુલ** | **૭૮.૯૩** |

# દિવ્યાંગ કમિશ્નરશ્રીની કચેરી તથા અન્ય આયોગો

# વિકલાંગ (દિવ્યાંગ) ધારો, ૨૦૧૬

પ્રજાસત્તાક ભારતના ૪૬માં વર્ષમાં એટલે કે ૧૯૯૫ માં સંસદ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો ,૧૯૯૫, સાર કરવામાં આવ્યો અને તારીખ ૭મી ફેબ્રુવારી, ૧૯૯૬થી અમલમાં આવ્યો છે. આ કાયદો ભારત સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના નોટીફીકેશન નં:- એફ. નં. ૦૩-૦૧/૨૦૧૭-ડીડી-૩ તા.૧૯/૦૪/૨૦૧૭થી “ધ રાઇટસ ઓફ પર્સન્સ વિથ ડિસેબીલીટીઝ એકટ-૨૦૧૬” તરીકે અસ્તિત્વમાં આવેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓને સમાન તકો પુરી પાડવા, તેમના અધિકારોનું રક્ષણ કરવા અને તેમને સંપૂર્ણ સહભાગિતા પુરી પાડવાની દિશામાં પહેલ કરેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓનું સશકિતકરણ અને તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા તે આ કાયદા નો ઉદ્દેશ છે. રાજ્ય સરકાર દ્વારા શરૂઆતમાં સમાજ કલ્યાણ વિભાગના સચિવશ્રી દ્વારા આ બાબત હાથ ધરાતી હતી.તા.૧૫-૨-૧૯૯૮ થી કમિશનરશ્રીની અલગ કચેરી શરૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત કાયદો રદ ભારત સરકાર દ્વારા ડિસેમ્બર, ૨૦૧૬થી ધ રાઇટસ ઓફ પર્સન્સ વીથ ડિસેબીલીટીઝ એકટ, ૨૦૧૬ અમકલમાં લાવવામાં આવેલ છે. પ્રસ્તુત ધારામાં દિવ્યાંગતાની ૨૧ જેટલી દિવ્યાંગતાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓને શિક્ષણ, રોજગાર અને આરોગ્યમાં વધુ હકકો અને સમાનતા સાથે જાહેર નોકરીમાં ૪% આરક્ષણ આપવામાં આવેલ છે. દિવ્યાંગોને સરકારી ઇમારતો અને જાહેર સ્થળોના સુગમ્ય પ્રવેશ માટે રેમ્પ, રેલીંગ, અંધ દિવ્યાંગો માટે દ્રશ્ય-શ્રાવ્ય સાથેના લિફટ, ઝીબ્રા ક્રોસીંગ વગેરેનું અમલીકરણ કરાવવા સુચન કરવામાં આવે છે.

દિવ્યાંગ વ્યક્તિોના કલ્યાણ અને તેમના અધિકારોના રક્ષણ માટે ઘડવામા આવેલ કાયદાઓ, ઉપનિયમો ધારાધોરણો, કારોબારી હુકમો, નિર્દેશ કે સુચનાઓના અમલીકરણને સુનિશ્ચિત કરવા અને તેના ભંગ સામેની ફરિયાદોની તપાસ કરી દિવ્યાંગોને કાયદા હેઠળ ઠરાવેલ લાભ મળે તે અંગે ન્યાય અપાવવા આ કચેરી કાર્યરત છે.

આ કચેરી દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓના હકકોના ભંગની મળતી ફરિયાદોને “ડિમ્ડ સિવીલ કોર્ટ” ની રીતે કેસ ચલાવી ચૂકાદા આપવામાં આવે છે અને તેનું અમલીકરણ દિવ્યાંગ ધારા-૨૦૧૬ અંતર્ગત વિવિધ વિભાગો/ખાતાઓ/કચેરીઓની યોજનાઓનું સમાનતા તથા અન્યાય ન થાય તે બાબતની કાર્યવાહી કરવામાં આવે છે.

# અન્ય પછાત વર્ગો માટેનું પંચ

ઈન્દ્રા સહાની વિ. ભારત સરકાર તેમજ અન્યોના કેસમાં થયેલ સિવિલ રીટપીટીશન નં. ૯૩૦/૧૯૯૦ માં નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ આદેશના પાલન રૂપે ગુજરાત રાજ્યના નાગરિકોનો અન્ય પછાત વર્ગોની યાદીમાં સમાવેશ કરવા તેમજ અતિ સમાવેશ અને અલ્પ સમાવેશ કરવા માટેની રજુઆતો તપાસવાના હેતુથી ગુજરાત સરકારે સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૮/૩/૧૯૯૩ ના ઠરાવ ક્રમાંક: એસએસપી/૧૯૯૩/ખ/૧૦૨/અ થી ગુજરાત હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયમુર્તિ શ્રી પી. આર. ગોકુલક્રિષ્ણ/નની પંચ તરીકે નિમણુંક કરી હતી. ત્યારબાદ, પંચની જગ્યા પર તા.૨૯/૦૩/૧૯૯૭ થી ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમુર્તિ માનનીય સુશ્રી સુજ્ઞાબેન કે. ભટ્ટની નિમણુંક આપવામાં આવેલ હતી. તેઓશ્રીનું અવસાન થતા હાલમાં પંચની જગ્યા પર તા. ૦૨/૦૨/૨૦૨૩ થી નામ. ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયમુર્તિશ્રી આર.પી. ઢોલરીયા સાહેબને નિમણુંક આપવામાં આવેલ છે.

જ્ઞાતિ કે જાતિ મંડળો તરફથી પંચને મળેલ રજુઆતો ધ્યાને લઈ, અરજદારોને પ્રશ્નાવલી મોકલી, માહિતી એકત્ર કરવામાં આવે છે તથા પંચના અધિકારીશ્રીઓ સ્થળ નિરીક્ષણ, રૂબરૂ મુલાકાત લઈ તપાસ કરે છે આમ, પંચને મળેલ રજુઆતોના સંદર્ભમાં તમામ પાસાઓનો અભ્યાસ કરી જ્ઞાતિ/જાતિ નો અન્ય પછાત વર્ગોની યાદીમાં સમાવેશ કરવા યોગ્ય છે કે કેમ તે અંગેની સરકારને પંચ ભલામણ કરે છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૧૨૦૧/અ તા.૧૫/૦૭/૨૦૨૨ ના ઠરાવથી અન્ય પછાત વર્ગો માટેના પંચના તમામ કર્મચારી/અધિકારી સહીત હયાત સ્ટાફ કામ ચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટેના સમર્પિત આયોગના તાબા હેઠળ મુકવામાં આવેલ છે. અન્ય પછાત વર્ગો માટેના પંચના કર્મચારીઓ/અધિકારીઓ સમર્પિત આયોગની સુચના અનુસાર સમર્પિત આયોગની કામગીરીમાં કાર્યરત છે.

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

## ● પ્રસ્તાવના

બાળકોએ સમાજનું એક અભિન્ન અંગ છે, તથા તે સમાજનો મહત્વનો હિસ્સો છે. એક સુરક્ષિત, તંદુરસ્ત અને શિક્ષિત બાળક ભવિષ્યમાં સુદ્રઢ સમાજનું નિર્માણ કરે છે. તે ધ્યાને લઇ બાળકોને વિવિધ અધિકારો આપવામાં આવે છે . પરંતુ બાળકો આ અધિકારો મુક્ત રીતે ભોગવી શકે તે માટે અનેક અડચણો ઊભી થતી હોય છે. આ સંદર્ભમાં બાળકના સર્વાંગી વિકાસ માટે બાળ અધિકારના સંરક્ષણની જોગવાઇ કરવી પણ એટલી જ અગત્યની છે.

## ● ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના

ભારત સરકારે વર્ષ ૧૯૯૨ માં યુનાઇટેડ નેશન્સનાં બાળ અધિકારો બાબતના સમજૂતી કરાર સ્વીકારેલ છે. જેના સંદર્ભે બાળ અધિકારોના રક્ષણ અર્થે “ધી કમીશન્સા ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ એક્ટ-૨૦૦૫” સંસદે ઘડેલ, અને મહામહિમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા તા. ૨૦-૦૬-૨૦૦૬ના રોજ આ કાયદાને અનુમતિ આપવામાં આવેલ છે. આ કાયદાની કલમ ૧૭ મુજબ તા. ૨૮-૦૯-૨૦૧૨ના રોજ આ કાયદાના જાહેરનામાથી ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના કરવામાં આવેલ છે.

## ● ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન અને સભ્યો

આયોગના ચેરપર્સન અને સભ્યો-૬ ની જગ્યા ખાલી છે.

## ● આયોગનું મહેકમ

વર્ષ- ૨૦૨૩-૨૪ માટે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ નું નીચે મુજબનું મહેકમ મંજુર થયેલ હતું. જેમાં ખાલી જગ્યા અને ભરાયેલી જગ્યાની માહિતી સાથેનું મહેકમનું પત્રક નીચે મુજબ છે.

| જગ્યાનુંનામ | જગ્યાની સંખ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| સચિવ | ૧ | ૦ | ૧ |
| નાયબ હિસાબનીશ | ૧ | ૧ | ૦ |
| ક્લાર્ક | ૨ | ૨ | ૦ |
| **કુલ** | **૪** | **૩** | **૧** |

## ● બાળ અધિકારો

ધી કમિશન્સ  ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ એક્ટ- ૨૦૦૫ની કલમ ૨(બી) મુજબ બાળ અધિકારો તારીખ ૨૦-૧૧-૧૯૮૯ના રોજ યુનાઇટેડ નેશન્સ કન્વેન્શીન ઓફ ચાઇલ્ડ રાઇટ્સ સ્વીકારવામાં આવેલા અને ભારત સરકાર દ્વારા તારીખ ૧૧-૧૨-૧૯૯૨ના રોજ અનુમોદિત થયેલ બાળ અધિકારોનો સમાવેશ થાય છે.

## ● આયોગના કાર્યો

બાળ અધિકારના ભંગ કે અતિક્રમણના કિસ્સાઓમાં તપાસ કરવી અને સત્તાવાળાઓને કામગીરી કરવા ભલામણ કરવી.

કોઇ પણ કાયદા દ્વારા અથવા તેની હેઠળ બાળકોની સુરક્ષાના અધિકારોના સંરક્ષણ અંગેની તમામ બાબતોની તપાસ અને સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલીકરણ માટે પગલા લેવા.

બાળકોના અધિકારો ભોગવવામાં બાધારૂપ હોય તેવા પરીબળો જેમકે આતંકવાદ, કોમી હિંસા, હુલ્લડો, કુદરતી આપત્તિ, ઘરેલું હિંસા, એચ.આઇ.વી./એઇડ્સ, તસ્કરી, દુર્વ્યવહાર, યાતના અને શોષણ, પ્રોસ્ટેટ્યુશન વગેરેમાં વગેરે ધકેલવું વગેરે બાબતોમાં તપાસ કરવી અને યોગ્ય ઉપાયાત્મક પગલાં લેવાની ભલામણ કરવી.

જયાં બાળ ગુન્હેગારોને સારવાર માટે, સુધારણા માટે કે રક્ષણ માટે રાખવામાં આવ્યા હોય તે બાળરક્ષણ ગૃહનું ઈન્સપેકશન કરવું અને ઉપાયાત્મક પગલાં માટેની બાબત સબંધિત સાથે હાથ ધરવી.

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોના જાતીય સતામણીના સંરક્ષણ અધિનિયમ-૨૦૧૨ હેઠળ મોનીટરીંગ અને તપાસની ભલામણની કામગીરી.

બાળ અધિકારોના ભંગની ફરિયાદો મળતા તપાસ કરવી અને પોતાની મેળે (Suo Moto) નોંધ લઈ નીચેની બાબતો પરત્વે કામગીરી હાથ પર લેવી

(૧) બાળ અધિકારોથી વંચિત રાખવા અને તેના ભંગ.

(૨) બાળકોના રક્ષણ અને વિકાસ માટે જોગવાઈ કરતા કાયદાઓનો અમલ નહિ કરવો.

(૩) બાળકોની મુશ્કેલીઓ હળવી કરવાના ઉદ્દેશથી તથા બાળકોના કલ્યાણને સુનિશ્ચિત કરતી આવા બાળકોને રાહત પુરી પાડનાર નીતિ-નિર્ણયો, માર્ગદર્શક સૂચનો તથા સૂચનાઓનું અનુપાલન નહિ કરવા અથવા આવી બાબતોમાંથી ઊભા થતા મુદ્દાઓ યોગ્યણ સત્તાધિકારી સાથે હાથ ધરવા.

- બાળ અધિકારોના સંરક્ષણની હાલની નીતીઓ, કાર્યક્રમો અને બીજી પ્રવૃત્તિઓ તપાસી બાળકોના હિતમાં તેનું અસરકારક અમલીકરણ કરવા ભલામણ કરવી.
- વિભાગોમાં બાળ અધિકારોની સાક્ષરતાનો ફેલાવો કરવો અને પ્રકાશનો, પ્રચાર -પ્રસાર માધ્ય મો, સેમિનારો અને અન્ય ઉપલબ્ધ સાધનો મારફત આ અધિકારોના રક્ષણ માટે ઉપલબ્ધ વ્યવસ્થા જાગૃતતાને પ્રોત્સાહિત કરવી.
- વાર્ષિક/ સમયાંતરે રાજ્ય સરકારને બાળ અધિકાર સંરક્ષણ સંબધિત કામકાજની અસરકારકતા અંગે અહેવાલ આપવો.
- બાળ અધિકાર ક્ષેત્રે ખાસ અભ્યાસ કરવા અને કરાવવા.

- **આયોગની સત્તાઓ**

આયોગને દીવાની કાર્યરીતિ કાયદો-૧૯૦૮ હેઠળ નીચેની બાબતોએ તપાસ કરતી વખતે દીવાની અદાલતની સત્તા મળેલ છે.

(ક) કોઇ પણ વ્યયક્તિને બોલાવવાની, હાજર કરાવવાની અને સોગંદ પર તેને તપાસવાની.

(ખ) કોઇ દસ્તાવેજોની શોધ અને તે રજૂ કરવા.

(ગ) સોગંદનામાં પર પુરાવા મેળવવા.

(ઘ) કોઇ અદાલત કે કચેરીમાંથી જાહેર રેકર્ડ કે એની નકલ માંગવી.

(ચ) સાક્ષીઓ કે દસ્તાવેજોની તપાસ માટે કાર્યાધિકાર બહાર પાડવા.

(છ) કેસની અદાલતી કાર્યવાહીની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને કોઇ કેસ મોકલવા

- **તપાસ બાદની કાર્યવાહી**

આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલી તપાસ પુરી થયેથી આયોગ નીચેનામાંથી કોઇ પણ પગલું લઇ શકે છે.

- જયાં તપાસ, બાળ અધિકારનો ગંભીર પ્રકારનો ભંગ થયાનુ અથવા તત્કાંલીન અમલમાં હોય એવા કોઇ કાયદાની જોગવાઇઓનું ઉલ્લંબઘન પ્રકટ કરે ત્યાં સબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓ સામે ફરિયાદ માંડવા અથવા આયોગને યોગ્ય લાગે એવી કાર્યવાહી કરવા તે સંબંધિત સરકાર અથવા સત્તાધિકારીને ભલામણ કરી શકે.
- ન્યાયાલયને જરૂરી લાગે એવી સૂચનાઓ હુકમો અથવા રીટ માટે સર્વોચ્ચ ન્યાયાલય કે ઉચ્ચ ન્યાયાલયનો સંપર્ક કરે.
- આયોગ આવશ્યક ગણે તે પ્રમાણે, ભોગ બનેલાને અથવા એના કુટુંબના સભ્યને આવી વચગાળાની રાહત આપવા માટે સંબંધિત સરકાર કે સત્તાધિકારીને ભલામણ કરે.

## ભાગ-૨

## પ્રવૃત્તિઓ

- ફરિયાદના નિવારણ માટે અસરકારક વ્યવસ્થાતંત્ર
- આયોગ દ્વારા અરજી સ્વરૂપે, રૂબરૂ, ટેલિફોનીક, ઇ-મેઇલ, વર્તમાનપત્રના પ્રસિધ્ધ થતા સમાચાર, ટેલીવિઝન દ્વારા પ્રસારિત સમાચાર વગેરે દ્વારા ફરિયાદો લેવામાં આવે છે.
- ફરિયાદ અંગે સબંધિત વિભાગ પાસેથી અહેવાલ મંગાવવામાં આવે છે. ત્યારબાદ, અહેવાલ પરથી આયોગ દ્વારા આગળની કાર્યાવાહી અર્થે ફોલોઅપ કરવામાં આવે છે.
- ગંભીર પ્રકારની ફરીયાદ માટે આયોગ દ્વારા પીડીત તેમજ તેને સબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓને રૂબરૂ આયોગની કચેરીએ સુનાવણી માટે બોલાવવામાં આવે છે. અને તે અંગે અસરકારક નિર્ણય કરાવવામાં આવે છે.
- બાળ અધિકારો અંગે રાજ્ય, જીલ્લા અને તાલુકા કક્ષાના વર્કશોપનું અને તાલીમનું આયોજન કરવામાં આવે છે.
- રાઇટ ટુ એજયુકેશનનું મોનીટરીંગ
- રાઇટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત રાજ્યમાં અમલવારી માટે આયોગ દ્વારા જીલ્લા, તાલુકા, કક્ષાએ રૂબરૂ સ્થળ મુલાકાત કરવામાં આવે છે. અને રાઇટ ટુ એજયુકેશન એકટ ના અમલીકરણ અંગે મોનીટરીંગ કરવામાં આવે છે.
- રાઇટ ટુ એજયુકેશન અંતર્ગત રૂબરૂ સુનાવણીઓ રાખવામાં આવે છે. અને તેના દ્વારા ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે.

## ભાગ-૩

## પત્રક

## ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

| ક્રમ | કચેરીનું નામ | ૨૦૨૪-૨૫ ની ચાલુ બાબત ની જોગવાઈ | | |
|---|---|---|---|---|
| | | આયોજન | આયોજન બહાર | કુલ |
| ૧ | માંગણી ક્રમાંકઃ- ૯૨<br>સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઇલ્ડ રાઇટસ. | ૦ | ૧.૧૦ | ૧.૧૦ |
| | **કુલ** | **૦** | **૧.૧૦** | **૧.૧૦** |

# ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ

**પ્રસ્તાવના :-**

શૈક્ષણિક સંસ્થાઓ અને રાજ્ય સરકાર હેઠળ નોકરીઓમાં અનામત માટે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ અને શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગો સિવાયના બિન અનામત વર્ગો પૈકીને અનામત મળે તે માટે તાજેતરમાં પાટીદારો સહિત અન્ય બિન અનામત વર્ગો દ્વારા આંદોલન કરેલ હતું. રાજ્ય સરકારે આવા બિન અનામત વર્ગોની જાતિઓ અને સમાજના આગેવાનો, સંસ્થાઓના અને ટ્રસ્ટના શ્રેષ્ઠીઓ સાથે તેમની સમસ્યાઓ અને મુશ્કેલીઓના નિવારણ અંગે ચર્ચા કરીને બિન અનામતના વર્ગોની સમસ્યાઓ, મુશ્કેલીઓ અને પીડાઓના નિવારણ માટે જરૂરી પગલા લઇ એક કાયમી આયોગ રચવાનું ઠરાવ્યું

**ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગની રચના :-**

- ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તા.૦૫-૧૦-૨૦૧૭ની અધિસૂચના ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/ ૫૭૫૯૪૯/અ થી ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગની રચના કરવામાં આવેલ છે.

**આયોગના પદાધિકારીઓ**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તા.૨૩-૧૦-૨૦૧૭ અધિસૂચના:- સશપ/૧૩૨૦૧૭/૬૧૬૩૦૦/અ થી આયોગમાં અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી અને ત્રણ બિન સરકારી સભ્યોની નિમણુંક કરવામાં આવેલ હતી. (નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષ માટે) તેમજ વિભાગની તા.૦૨/૦૯/૨૦૨૧ની અધિસૂચનાથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂંક કરવામાં આવેલ. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ દ્વારા તા.૦૭/૦૨/૨૦૨૨ના રોજ રાજીનામું આપતાં હાલમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ત્રણ સભ્યોની જગ્યા ભરાયેલ નથી.

**આયોગનું મહેકમ**

- રાજ્ય સરકાર દ્વારા આયોગના સભ્ય સચિવશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- SJED/EOD/e-file/17/2022/0084/A Section
- તા.૨૦.૧૨.૨૦૨૩ અન્વયે આયોગના (૧)અંગત મદદનીશ (વર્ગ-૨)ની ૧ જગ્યા, (૨)કચેરી અધિક્ષક (વર્ગ-૩) ૧ જગ્યા અને (૩) હિસાબનીશ (વર્ગ-૩) ૧ જગ્યાની મંજૂરી તા.૦૧/૦૩/૨૦૨૪ થી વધુ એક વર્ષ સુધી ચાલુ રાખવાની મંજુરી મળેલ છે.
- (૧) કોમ્પ્યુટર ઓપરેટર કમ ટાઈપીસ્ટ-૩ જગ્યા, (૨) ડ્રાઈવર-૩ જગ્યા, (૩) પટ્ટાવાળા - ૪ જગ્યા આઉટસોર્સથી એજન્સી મારફત ભરવાની મંજૂરી આપેલ છે.
- ઉપરોકત જગ્યાઓ નાણાંકીય વર્ષના અંત સુધીમાં ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- SJED/MSM/e-file/17/2022/0095/A Section, તા.૨૦.૧૨.૨૦૨૩ અન્વયે આયોગના (૧) આઈ.ટી. નિષ્ણાતની ૧ જગ્યા અને (૨) રીસર્ચરની ૧ જગ્યા તા.૨૧/૦૧/૨૦૨૪ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સ એજન્સી મારફત ભરવાની મંજૂરી આપેલ છે.

**આયોગના ઉદ્દેશો અને કાર્યો**

- આયોગ ગુજરાત રાજ્યના બિન અનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓની તપાસ કરશે અને સમાજના આ વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમાધાન માટે ભલામણ કરશે.
- આયોગ બિન અનામત વર્ગોની હાંસિયામાં ધકેલાયેલી વ્યક્તિઓ અને કુટુંબોની સામાજિક-આર્થિક સ્થિતિનો અભ્યાસ અને મોજણી કરશે અને તેમના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ ઘડશે અને તેના અમલ માટે સરકારને ભલામણ કરશે.
- આયોગ ગુજરાત રાજ્ય સરકારની અમલમાં હોય તેવી કલ્યાણકારી યોજનાનો અભ્યાસ કરશે તે યોજનાઓ બિન

અનામત વર્ગોના હિતમાં કેવી રીતે લાગુ કરી શકાય તે અંગેની ભલામણો કરશે.

- આયોગ અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની કલ્યાણકારી નીતિઓનો અભ્યાસ કરશે. આવી નીતિઓ સ્વીકારવી કે કેમ તેની ભલામણ કરશે.
- આયોગ ભારતના બંધારણના રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અને અન્ય ભાગોમાં સમાવાયેલી બિન અનામત વર્ગો માટેની જોગવાઇઓના અમલ માટે ભલામણો કરશે.
- આયોગને સરકારી વિભાગો, સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ, જાહેર સાહસો અને સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી માહિતી મેળવવાનો અધિકાર અને સત્તા રહેશે.
- આયોગ રાજ્ય સરકાર ફરમાવે તેવુ અન્ય ખાસ કાર્ય કે ફરજ બજાવશે.

**આયોગની બેઠક**

- આયોગની બોર્ડ બેઠકનું આયોજન સામાન્ય રીતે પ્રતિમાસ એકવાર કરવાની પરંપરા ઉભી કરવામાં આવી છે. આયોગ દ્વારા અત્યાર સુધીમાં અઠયાવીસ (૨૮) બેઠકો યોજવામાં આવેલ છે. જેમાં આયોગની કામગીરીની સમીક્ષા, આયોગને મળેલ રજૂઆતો/સૂચનો પર ચર્ચા-વિચારણા કરી, સરકારમાં કરવાની થતી ભલામણો, જુદાજુદા જિલ્લાઓમાં સર્વેની કામગીરી, વિવિધ યોજનાઓનો અભ્યાસ કરીને સામાજિક સંવાદીતતાનું વાતાવરણ નિર્માણ થાય તે હેતુથી બિન અનામત વર્ગો માટે કલ્યાણકારી યોજનાઓ અને આનુષાંગિક પગલાંઓ ભરવા રાજ્ય સરકારને પ્રસંગોપાત ભલામણો કરવામાં આવે છે.

**બિન અનામત વર્ગોની યોજનાઓ અંગે પ્રચાર-પ્રસારની કામગીરી**

- વિવિધ સમાજના આગેવાનો સાથે બેઠકોનું આયોજન કરીને, સામાજિક સમરસતાની ભાવનાને ચરિતાર્થ કરવાના હેતુથી બિન અનામત વર્ગો માટે સરકારે જાહેર કરેલી યોજનાઓની માહિતી આપવામાં આવે છે તેમજ સામાજિક આગેવાનો પાસેથી મંતવ્યો/સૂચનો પણ મેળવવામાં આવે છે.
- સરકારશ્રી દ્વારા બિન અનામત વર્ગો માટે જે યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે તે યોજનાઓ અંગેની માહિતીથી લોકો અવગત થાય અને જાણકારી મળી રહે તે હેતુથી અત્યાર સુધી કુલ-૨૦ જિલ્લાઓમાં જે તે જિલ્લા કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના સામાજીક આગેવાનો, સામાજીક સંસ્થાના અગ્રણીઓ સાથે બેઠક યોજી પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવેલ છે.
- જેમાં મહેસાણા, બનાસકાંઠા, સુરત, ભાવનગર, અમરેલી, જામનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, ખેડા, વડોદરા, અરવલ્લી, સાબરકાંઠા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ, ભરૂચ, ગીર-સોમનાથ, જુનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં બેઠક યોજવામાં આવેલ છે.

**વેબસાઇટ**

- આયોગની વેબસાઇટ બનાવવાની મંજૂરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાઃ૧૨/૦૯/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ-૧૦૨૦૧૪-CMP-૫૬૧૮૦૬-કો. સેલથી મળી છે અને તદ્અનુસાર તા.૧૨/૦૯/૨૦૧૯ના રોજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવશ્રીના વરદ્હસ્તે વેબસાઇટનું લોન્ચીંગ કરવામાં આવેલ.

**આગામી કામગીરી**

- બિન અનામત વર્ગોમાં સમાવિષ્ટ લોકો માટે સર્વેની કામગીરી અને જે યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે તે યોજનાઓ અંગેની માહિતીથી લોકો અવગત થાય અને જાણકારી મળી રહે તે હેતુથી આગામી સમયમાં કામગીરી કરવામાં આવશે.
- ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગના કાર્યો અને ઉદ્દેશો મુજબ ગુજરાત સિવાયના અન્ય રાજ્યોની યોજનાઓનો અભ્યાસ કરવામાં આવે છે તેમજ અન્ય રાજ્યોમાં લાગુ કરવામાં આવેલ ૧૦ ટકા આર્થિક નબળા વર્ગની યોજનાઓ બાબતે અભ્યાસ કરવામાં આવે છે.
- આગામી સમયમાં ઉકત જિલ્લાઓ પૈકી બાકી રહેતાં જિલ્લાઓમાં પણ બિન અનામત વર્ગો માટે જે યોજનાઓ

મંજૂર કરવામાં આવેલ છે તે યોજનાઓ અંગેની માહિતીથી લોકો અવગત થાય અને જાણકારી મળી રહે તે સારૂ જિલ્લા કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં જિલ્લાના સામાજીક આગેવાનો, સામાજીક સંસ્થાના અગ્રણીઓ સાથે બેઠક યોજી પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવશે.

**નાણાંકીય સમજૂતી**

- વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ₹ ૧૨૮.૪૪ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. ₹ ૯૪.૮૦ લાખની ગ્રાન્ટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ. તેમાંથી ₹ ૭૭.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ.
- વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં ₹ ૧૪૭.૨૭ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. ₹ ૯૦.૨૩ લાખની ગ્રાન્ટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ. તેમાંથી ₹ ૭૦.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ₹ ૧૩૪.૮૩ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી. ₹ ૮૩.૭૮ લાખની ગ્રાન્ટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ છે. તેમાંથી ₹ ૫૫.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં ₹ ૮૧.૯૦ લાખની સુધારેલ બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમાંથી ₹ ૬૨.૭૦ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં ₹ ૭૭.૦૪ લાખની સુધારેલ બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. તેમાંથી ₹ ૬૯.૭૪ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ₹ ૧૨૯.૯૧ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમાંથી ₹ ૭૩.૦૮ લાખની ગ્રાન્ટ અત્રેની કચેરીને ફાળવવામાં આવેલ છે. તેમાંથી નવેમ્બર-૨૦૨૩ સુધી ₹ ૩૪.૬૫ લાખનો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૨૪-૨૫ માટે ₹ ૧.૦૪ કરોડના સ્થાયી ખર્ચના અંદાજો મોકલવામાં આવેલ છે અને ₹ ૩૮.૦૦ લાખના ચાલુ બાબતોના અંદાજોની દરખાસ્ત કરવામાં આવેલ છે.

સરકારી મુદ્રણાલય, ભાવનગર.